
વર્ષ : ૪૨ ◆ અંક : ૮
ઓગસ્ટ - ૨૦૧૮

Retail Price Rs. 10/- Each

શ્રદ્ધેય સંતશ્રી આત્માનંદજી પ્રેરિત

# દિવ્યધ્વનિ

આધ્યાત્મિક મુખપત્ર




## ક્રોધ પર ક્ષમાનો વિજય

## ભગવાન મહાવીર અને ચંડકૌશિક નાગ

શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર
(શ્રી સત્શ્રુત - સેવા - સાધના કેન્દ્ર સંચાલિત)
કોબા ૩૮૨ ૦૦૭. (જિ. ગાંધીનગર, ગુજરાત)
ફોન : (૦૭૯) ૨૩૨૭૬૨૧૯, ૨૩૨૭૬૪૮૩-૮૪
E-mail : mail@shrimadkoba.org, Web.: www.shrimadkoba.org

## સંસ્થામાં ગુરુપૂર્ણિમા નિમિત્તે યોજાયેલ આધ્યાત્મિક શિબિર વેળાની તસવીરો
(તા. ૨૭-૭-૨૦૧૮ થી તા. ૨૯-૭-૨૦૧૮)



પૂજ્યશ્રીની પાવન નિશ્રા



બા.બ્ર.પૂ.શ્રી ગોકુળભાઈ



પદ્મશ્રી ડો. કુમારપાળ દેસાઈ



આદ.બા.બ્ર.સુરેશજી



ભક્તિસંગીત : યુવાભક્તિવૃંદ, કોબા



તત્ત્વજ્ઞાન પ્રશ્નોત્તરી

## 'પંથ પરમપદ' પુસ્તકના વિમોચન વેળાએ (તા. ૨૭-૭-૨૦૧૮)





## સંસ્થા સંચાલિત નવપલ્લવિત ગુરુકુળનું ઉદ્‌ઘાટન (તા. ૨૮-૭-૨૦૧૮)





# દિવ્યધ્વનિ

-: પ્રેરક :-
**શ્રદ્ધેયશ્રી આત્માનંદજી**

-: તંત્રી - સંપાદક :-
**શ્રી મિતેશ એ. શાહ**
ફોન : (૦૭૯) ૨૭૫૦૩૯૫૬

-: સ્વત્વાધિકારી :-
**શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર**
(શ્રી સત્શ્રુત-સેવા-સાધના કેન્દ્ર સંચાલિત)

-: મુદ્રક-પ્રકાશક :-
**ડૉ. શ્રી શર્મિષ્ઠાબેન એમ. સોનેજી**
શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર, કોબા

-: પ્રકાશન સ્થળ :-
**શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર**
કોબા - ૩૮૨ ૦૦૭
ફોન : (૦૭૯) ૨૩૨૭૬૨૧૯
૨૩૨૭૬૪૮૩/૮૪
ફેક્સ : (૦૭૯) ૨૩૨૭૬૧૪૨

-: લવાજમ શ્રેણી :-
**ભારતમાં**
ત્રિવાર્ષિક રૂ. ૪૦૦
આજીવન રૂ. ૨૦૦૦
**પરદેશમાં**
By Air Mail
ત્રિ-વાર્ષિક : Rs. 4000
$-80, £-60
આજીવન : Rs. 15000
$-300, £-220

## અનુક્રમણિકા

(૧) શ્રી સદ્ગુરુપ્રસાદ ........... શ્રીમદ્ રાજચંદ્રજી ..... ૫
(૨) જીવનની ઉન્નતિનું દિવ્ય પર્વ ................. ...................... પૂજ્યશ્રી આત્માનંદજી ..... ૭
(૩) પર્વોમાં મહાન છે પર્યુષણ પર્વ ............... ...................... ડૉ. કુમારપાળ દેસાઈ ..... ૯
(૪) પર્યુષણ મહાપર્વમાં ચતુર્વિધ આરાધના......... ............................ પૂજ્ય બહેનશ્રી ... ૧૨
(૫) અસ્તિત્વમાં નિમજ્જનનું પર્વ એટલે પર્યુષણ પર્વ ..................... પ્રા. ચંદાબહેન પંચાલી ... ૧૩
(૬) શ્રી દેવચંદ્રજી ચોવીશી.. શ્રી અશોકભાઈ પી. શાહ .... ૧૬
(૭) જૈનોનું મહાન પર્વ ........ શ્રી વિભાબેન મહેતા ... ૨૧
(૮) પર્યુષણ પર્વનું મહત્ત્વ....... શ્રી પારુલબેન ગાંધી ... ૨૩
(૯) ચાતુર્માસમાં શિરમોર પર્વ - શ્રી પર્યુષણ મહાપર્વ ......................... શ્રી પૂર્ણિમાબેન શાહ ... ૨૫
(૧૦) પર્યુષણ પનોતાં ............. શ્રી ભાનુબેન શાહ ... ૨૭
(૧૧) આત્મસાધનાનું પર્વ ....... શ્રી મિતેશભાઈ શાહ ... ૨૯
(૧૨) પુસ્તક સમાલોચના ........ શ્રી મિતેશભાઈ શાહ ... ૩૧
(૧૩) જીવનસૌંદર્ય : દિવાળી પુસ્તિકા .................... ૩૨
(૧૪) સમાજ-સંસ્થા દર્શન ............................. ૩૪

**વર્ષ : ૪૨** **ઓગસ્ટ, ૨૦૧૮** **અંક - ૮**

**શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર**
**(શ્રી સત્શ્રુત-સેવા-સાધના કેન્દ્ર સંચાલિત)**
કોબા – ૩૮૨ ૦૦૭ (જિ. ગાંધીનગર, ગુજરાત)
ફોન: (૦૭૯)૨૩૨૭૬૨૧૯/૪૮૩/૮૪
mail@shrimadkoba.org, www.shrimadkoba.org

**Bank Detail : Shrimad Rajchandra Adhyatmik Sadhana Kendra**
**Name of Bank :** Kotak Mahindra Bank
**Branch :** Chandkheda, Ahmedabad - 382424.
**A/c. No. :** 08390020000044 • **IFS Code :** KKBK0000839

## લેખકો / ગ્રાહકો / વાચકોને

- ‘દિવ્યધ્વનિ’ દર મહિને પ્રગટ થાય છે.
- કોઈ પણ અંકથી ગ્રાહક થઈ શકાય છે.
- ત્રણ વર્ષથી ઓછી મુદતનું લવાજમ સ્વીકારવામાં આવતું નથી.
- ચેક/ડ્રાફ્ટ/એમ.ઓ. **‘શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર, કોબા’**ના નામનો મોકલવો.
- સહુ સ્વજનો-મિત્રો વધુમાં વધુ ગ્રાહકો નોંધાવીને સહયોગી બને તેવી વિનમ્ર અપેક્ષા છે.
- ગ્રાહકોએ પત્રવ્યવહારમાં પોતાનો ગ્રાહક નંબર અને પૂરું સરનામું અવશ્ય લખવું. ગ્રાહક નંબર સરનામાની ઉપર લખેલો હોય તે નોંધી રાખવા વિનંતી છે.
- સરનામામાં ફેરફાર થયાની જાણ તાત્કાલિક કરવા વિનંતી છે.
- કોઈપણ લેખ સ્વીકારવો કે ન સ્વીકારવો કે ક્રમશઃ લેવો તેનો સંપાદકશ્રીને સંપૂર્ણ અધિકાર રહેશે.
- લેખકોનાં મંતવ્યો સાથે સંપાદકશ્રીનું સહમત હોવું આવશ્યક નથી.


**: મુદ્રણસ્થાન :**
**ભગવતી ઑફસેટ**
૧૫/સી, બંસીધર ઍસ્ટેટ, બારડોલપુરા,
અમદાવાદ - ૩૮૦ ૦૦૪
ફોન : ૨૨૧૬ ૭૬૦૩




# પ્રાર્થના

હે પરમકૃપાળુદેવ !

રાત્રિના અંધકારમાં જે વસ્તુઓ સ્પષ્ટ દેખાતી નથી, તે સવાર થતાં - જેમ જેમ અંધકાર દૂર થતો જાય છે તેમ તેમ સ્પષ્ટ દેખાવા માંડે છે. માર્ગમાં દોરડું પડ્યું હોય તો આપણને અંધારામાં તેમાં સર્પની ભ્રાંતિ થાય છે, સૂકાયેલા ઝાડનું ઠૂંઠું માણસની ભ્રાંતિ કરાવે છે પરંતુ સૂર્યોદય થતાં જ બધું સ્પષ્ટ દેખાય છે.

અમારા આત્માએ અનંતકાળથી ભ્રાંતિમાં પરિભ્રમણ કર્યું હતું પરંતુ આપ પરમજ્ઞાનીના જ્ઞાનકિરણોથી અમારી પોતાની પોતાના વિષેની ભ્રાંતિ દૂર થઈ ગઈ છે. અમારી વિચારસરણીમાં ફેરફાર થઈ ગયો છે. પહેલાં જે સંસાર અમને મીઠો મધ જેવો લાગતો હતો તે હવે ખારો લાગે છે. સગાં-સ્નેહીઓ શરણરૂપ લાગતા હતા તે હવે અશરણરૂપ લાગે છે. આત્મા સિવાયની બધી વસ્તુઓ અને વ્યક્તિઓ અમને પર-(પારકી) લાગે છે. શ્રી જિનેશ્વર ભગવાન અને પ્રત્યક્ષ સદ્‌ગુરુદેવનું શરણ જ સાચું અને પોતાનું લાગે છે. અનંતકાળના પરિભ્રમણનું આ બંધન હવે ટાળવું જ જોઈએ એમ અમને લાગે છે. આપે કહ્યું છે કે એમ કરવા માટે જે જે સાધન-પદાર્થ શ્રેષ્ઠ લાગે તે જ સાધન ગ્રહવા એમ માન્યતા રાખવી. આત્માને આટલું જ પૂછવાની જરૂર છે કે જો તું મુક્તિ ઇચ્છે છે તો રાગ-દ્વેષ, સંકલ્પ-વિકલ્પને મૂક. આવી અમૃતમય, પરમહિતકારી, આત્મકલ્યાણકારી વાણી જીવનમાં પરિણમિત કરવી એ જ અમારા જીવનનું હવે ધ્યેય બની ગયું છે. એનું પૂર્ણપણે પાલન કરી શકીએ એવા આશીર્વાદ આપની પાસે માંગીએ છીએ. અને અમને ‘તત્ત્વલોચન’ આપનાર અમારા પરમ ઉપકારી એવા આપને ભક્તિપૂર્વક નમસ્કાર કરીએ છીએ અને ઇચ્છીએ છીએ –


ઝરમર ઝરમર વાણી વરસે, સરવર સરવર અમૃત ઉલ્લસે,
આતમ હંસલો ચારો ચરીને, મુક્તિપુરીના સુખને વિલસે.

**॥ ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ ॥**

# શ્રી સદ્‌ગુરુપ્રસાદ

## શ્રીમદ્ રાજચંદ્રજી

### પત્રાંક ૧૨૮



**વવાણિયા, પ્રથમ ભાદ્ર. સુદ ૬, ૧૯૪૬**

ધર્મેચ્છક ભાઈઓ,

પ્રથમ સંવત્સરી અને એ દિવસ પર્યંત સંબંધીમાં કોઈ પણ પ્રકારે તમારો અવિનય, આશાતના, અસમાધિ મારા મન, વચન, કાયાના કોઈ પણ યોગાધ્યવસાયથી થઈ હોય તેને માટે પુનઃ પુનઃ ક્ષમાવું છું.

અંતર્જ્ઞાનથી સ્મરણ કરતાં એવો કોઇ કાળ જણાતો નથી વા સાંભરતો નથી કે જે કાળમાં, જે સમયમાં આ જીવે પરિભ્રમણ ન કર્યું હોય, સંકલ્પ-વિકલ્પનું રટણ ન કર્યું હોય, અને એ વડે 'સમાધિ' ન ભૂલ્યો હોય. નિરંતર એ સ્મરણ રહ્યા કરે છે, અને એ મહા વૈરાગ્યને આપે છે.

વળી સ્મરણ થાય છે કે એ પરિભ્રમણ કેવળ સ્વચ્છંદથી કરતાં જીવને ઉદાસીનતા કેમ ન આવી ? બીજા જીવો પરત્વે ક્રોધ કરતાં, માન કરતાં, માયા કરતાં, લોભ કરતાં કે અન્યથા કરતાં તે માઠું છે એમ યથાયોગ્ય કાં ન જાણ્યું ? અર્થાત્ એમ જાણવું જોઈતું હતું, છતાં ન જાણ્યું એ વળી ફરી પરિભ્રમણ કરવાનો વૈરાગ્ય આપે છે.

વળી સ્મરણ થાય છે કે જેના વિના એક પળ પણ હું નહીં જીવી શકું એવા કેટલાક પદાર્થો (સ્ત્રીઆદિક) તે અનંત વાર છોડતાં, તેનો વિયોગ થયાં અનંત કાળ પણ થઈ ગયો; તથાપિ તેના વિના જિવાયું એ કંઇ થોડું આશ્ચર્યકારક નથી. અર્થાત્ જે જે વેળા તેવો પ્રીતિભાવ કર્યો હતો તે તે વેળા તે કલ્પિત હતો. એવો પ્રીતિભાવ કાં થયો ? એ ફરી ફરી વૈરાગ્ય આપે છે.

વળી જેનું મુખ કોઈ કાળે પણ નહીં જોઉં; જેને કોઈ કાળે હું ગ્રહણ નહીં જ કરું; તેને ઘેર પુત્રપણે, સ્ત્રીપણે, દાસપણે, દાસીપણે, નાના જંતુપણે શા માટે જન્મ્યો ? અર્થાત્ એવા દ્વેષથી એવા રૂપે જન્મવું પડ્યું ! અને તેમ કરવાની તો ઇચ્છા નહોતી ! કહો એ સ્મરણ થતાં આ ક્લેશિત આત્મા પરત્વે જાુગુપ્સા નહીં આવતી હોય ? અર્થાત્ આવે છે.

વધારે શું કહેવું ? જે જે પૂર્વનાં ભવાંતરે ભ્રાંતિપણે ભ્રમણ કર્યું; તેનું સ્મરણ થતાં હવે કેમ જીવવું એ ચિંતના થઇ પડી છે. ફરી ન જ જન્મવું અને ફરી એમ ન જ કરવું એવું દૃઢત્વ આત્મામાં પ્રકાશે છે. પણ કેટલીક નિરુપાયતા છે ત્યાં કેમ કરવું ? જે દૃઢતા છે તે પૂર્ણ કરવી; જરૂર પૂર્ણ પડવી એ જ રટણ છે, પણ જે કંઇ આડું આવે છે, તે કોરે કરવું પડે છે, અર્થાત્ ખસેડવું પડે છે, અને તેમાં કાળ જાય છે. જીવન ચાલ્યું જાય છે, એને ન જવા દેવું, જ્યાં સુધી યથાયોગ્ય જય ન થાય ત્યાં સુધી, એમ દૃઢતા છે તેનું કેમ કરવું ? કદાપિ કોઇ રીતે તેમાંનું કંઇ કરીએ તો તેવું સ્થાન ક્યાં છે કે જ્યાં જઇને રહીએ ? અર્થાત્ તેવા સંતો ક્યાં છે, કે જ્યાં જઇને એ દશામાં બેસી તેનું પોષણ પામીએ ? ત્યારે હવે કેમ કરવું ?

"ગમે તેમ હો, ગમે તેટલાં દુઃખ વેઠો, ગમે તેટલા પરિષહ સહન કરો, ગમે તેટલા ઉપસર્ગ સહન કરો, ગમે તેટલી વ્યાધિઓ સહન કરો, ગમે તેટલી ઉપાધિઓ આવી પડો, ગમે તેટલી આધિઓ આવી પડો, ગમે તો જીવનકાળ એક સમય માત્ર હો, અને

દુર્નિમિત્ત હો, પણ એમ કરવું જ.

ત્યાં સુધી હે જીવ ! છૂટકો નથી.''

આમ નેપથ્યમાંથી ઉત્તર મળે છે, અને તે યથાયોગ્ય લાગે છે.

ક્ષણે ક્ષણે પલટાતી સ્વભાવવૃત્તિ નથી જોઇતી. અમુક કાળ સુધી શૂન્ય સિવાય કંઇ નથી જોઈતું; તે ન હોય તો અમુક કાળ સુધી સંત સિવાય કંઇ નથી જોઈતું; તે ન હોય તો અમુક કાળ સુધી સત્સંગ સિવાય કંઇ નથી જોઇતું; તે ન હોય તો આર્યાચરણ (આર્ય પુરુષોએ કરેલાં આચરણ) સિવાય કંઇ નથી જોઇતું; તે ન હોય તો જિનભક્તિમાં અતિ શુદ્ધ ભાવે લીનતા સિવાય કંઇ નથી જોઇતું; તે ન હોય તો પછી માગવાની ઇચ્છા પણ નથી.

ગમ પડ્યા વિના આગમ અનર્થકારક થઇ પડે છે. સત્સંગ વિના ધ્યાન તે તરંગરૂપ થઇ પડે છે. સંત વિના અંતની વાતમાં અંત પમાતો નથી. લોકસંજ્ઞાથી લોકાગ્રે જવાતું નથી. લોકત્યાગ વિના વૈરાગ્ય યથાયોગ્ય પામવો દુર્લભ છે.

''એ કંઇ ખોટું છે ?'' શું ?

પરિભ્રમણ કરાયું તે કરાયું. હવે તેનાં પ્રત્યાખ્યાન લઇએ તો ?

લઇ શકાય.

એ પણ આશ્ચર્યકારક છે.

અત્યારે એ જ. ફરી યોગવાઇએ મલીશું.

એ જ વિજ્ઞાપન.

વિ૰ રાયચંદના યથાયોગ્ય.

## આત્મસાધનાનું પર્વ - પર્યુષણ મહાપર્વ

**(પાના નં.        પરથી ચાલુ...)**

સૌથી મોટું વ્રત તે અહિંસાવ્રત છે અને સૌથી કઠિન વ્રત તે બ્રહ્મચર્ય છે. મુનિને સંપૂર્ણ બ્રહ્મચર્ય વ્રત હોય છે, જ્યારે ગૃહસ્થને સ્વદારાસંતોષવ્રત હોય છે. પોતાની ધર્મપત્ની સિવાય પોતાનાથી નાની સ્ત્રીને પુત્રી સમાન, સમવયસ્કને બહેન સમાન અને પોતાથી મોટી સ્ત્રીને માતા સમાન માનવી તે ગૃહસ્થનું બ્રહ્મચર્ય વ્રત છે. નિશ્ચયનયથી બ્રહ્મચર્યનો અર્થ છે - આત્મામાં રમણતા (ચર્યા) કરવી અને વ્યવહારનયથી તેનો અર્થ સ્ત્રીનો અપરિચય કરવો તે છે. એકવાર મૈથુનનું સેવન કરવાથી ૯ લાખ સૂક્ષ્મ જીવોની હિંસા થાય છે એમ જિનાગમમાં કહ્યું છે. શ્રીમદ્ રાજચંદ્રજી જણાવે છે,

''નીરખીને નવયૌવના, લેશ ન વિષયનિદાન;
ગણે કાષ્ઠની પૂતળી, તેહ ભગવાન સમાન.''

પર્યુષણ પર્વમાં આપણે ઉપરોક્ત ગુણો પ્રાપ્ત કરવા પ્રયત્ન કરીશું તો પર્યુષણની ઉજવણી સાર્થક ગણાશે.

■ ■ ■

## નમઃ તસ્મૈ, નમઃ તસ્મૈ...

**- ડૉ. રમાબેન પી. દેસાઈ (અમરેલી)**

'ગુરુ બ્રહ્મા, ગુરુ વિષ્ણુ' બોલે જગના લોક;
પણ મન મારું આ મૂઢ બનીને બેસી રહે ઉદાસ.
વિષયોની અભિલાષા એને, રાગ-રંગ ભરપૂર;
નિત-નિત નવલા ફાગ ચહે ને અંતરમાં અનુરાગ.

ખૂબ સમજાવું મન તને ''હું કેમ બન્યું નિષ્ઠુર ?
શું ન તારે જાવું અહીંથી મુક્તિપુરીની માંહ્ય ?''
સમયાંતરે દીઠી મૂર્તિ, શાંત સૌમ્ય ગંભીર;
સ્મિત મધુર અધર પર સોહે, ફરફરે ધવલા કેશ.
આત્માના આનંદ મહી ને, રત્નત્રયની સાથ;
સમય તણો એ સાર રેલાવે, અશરીરીનો ઉપાય.

મનમાં ઊઠી મંદ લહર ને, જાગી નવલી આશ;
ગુરુ સમીપે જઇ ઊચરું, 'દૂર કરો મન રોગ'.

અંતરનું જંતર આ વાગ્યું, કરે મધુર રણકાર;
ગુરુ સાક્ષાત્ પરબ્રહ્મ - વદી ઊઠ્યું તતકાલ.
આવી પૂનમ ષાઢ માસની, હૈયું હરખે અપાર;
નમઃ તસ્મૈ, નમઃ તસ્મૈ, અંતર ઊઠે બોલ.

# જીવનની ઉન્નતિનું દિવ્ય પર્વ

**પરમ શ્રદ્ધેય સંતશ્રી આત્માનંદજી**



આપણો આત્મા અતિ પ્રાચીન કાળથી, એક ગતિમાંથી બીજી ગતિમાં રખડતો, કૂટાતો, પીટાતો આજે મનુષ્યની જિંદગીને પામ્યો છે. આ જિંદગી ચાર રસ્તાના જંકશન જેવી છે. આપણામાંથી જે વિવેકી અને વિચારક છે, વિચક્ષણ છે, હિતાહિતનો વિચાર કરી શકે છે તેને માટે આ જિંદગી અતિ અતિ મૂલ્યવાન અને દુર્લભ છે. તે પોતાની પ્રત્યેક ક્ષણનો સદુપયોગ કરીને જીવનની સાચી મંઝીલ પર જાય છે અને અંતિમ ધ્યેયને પ્રાપ્ત કરવાનો સત્પુરુષાર્થ કરે છે. તેને જ આરોગ્ય, વિદ્વત્તા, લક્ષ્મી, દીર્ઘાયુષ્ય, સુયશ, સમૃદ્ધિ, સદ્‌ગુણસંપન્નતા, સાચી સમજણ, સચ્ચારિત્ર, આત્મજ્ઞાન - આત્મ-સમાધિ અને છેવટે મુક્તિ-મોક્ષ-નિર્વાણ-સિદ્ધપદ અર્થાત્ અપુનર્ભવરૂપી અનંત જ્ઞાન અને અનંત આનંદની પ્રાપ્તિ થાય છે; જે, દરેક આત્માની સર્વોચ્ચ અને સંપર્ણ કૃતકૃત્યતારૂપ દિવ્ય સ્થિતિ છે.

સામાન્ય મનુષ્ય વર્તમાન જીવનની રોજબરોજની સમસ્યાઓમાં એટલો બધો ગૂંચવાયેલો રહે છે કે તેને બીજા કોઈ સત્કાર્યો કે સદ્‌વિચાર માટે જાણે કે સમય જ મળતો નથી. શહેરીકરણના આ યુગમાં જીવનની દોડધામ અત્યંત વધી ગઈ છે. આવા ચિંતાના ચક્કરમાંથી મનુષ્ય બહાર નીકળી શકે તે માટે જ્ઞાનીપુરુષોએ અને મનીષીઓએ પર્વો અને તહેવારોનું આયોજન કરીને, તેની ચીલાચાલુ પ્રવૃત્તિમાંથી કંઈક નવીન, રસપ્રદ આનંદદાયી અને કલ્યાણકારી પ્રવૃત્તિ તરફ લઈ જવાનો પ્રયત્ન કર્યો છે. આવા પર્વો, તહેવારો અને પવિત્ર દિવસો તે આ ભારતભૂમિની ખાસ વિશેષતા છે. દીપાવલિ, મકરસંક્રાંતિ, હોળી, રક્ષાબંધન આદિ અનેક પર્વો મધ્યે, આ પર્યુષણનું પર્વ પણ પવિત્રતાનો અને જીવન-જાગૃતિનો સંદેશો લઈને આવી ગયું છે.

સાર્વજનિક હોવા છતાં, જૈન પરંપરામાં આ પર્વ સૌથી અગત્યનું છે. આ દિવસોમાં પોતાનો ધંધો-વેપાર બંધ રાખી કે ઓછો કરીને, ધર્મસ્થાનકોમાં જઈને, જીવનને દિવ્ય બનાવવા ભક્તિ, પૂજા, સ્વાધ્યાય, પ્રવચન, વ્યાખ્યાનમાળાઓ, ઉપવાસ, રસત્યાગ, શાસ્ત્રોનું પૂજન, ગુરુઓનો ઘનિષ્ઠ સમાગમ અને પરમ વિનય, ધાર્મિક-શોભાયાત્રા આદિ અનેકવિધ પ્રવૃત્તિઓ સમાજમાં થાય છે અને સંસ્કૃતિને જીવંત રાખવા માટે તે આવકારદાયક તેમજ આવશ્યક પણ છે.

આવી સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ કરતા કરતા, તેથી આગળ વધીને ક્ષમા-વિનયની સાચી વૃદ્ધિ, અનુકંપામૂલક ભાવથી પ્રેરિત પ્રવૃત્તિઓ, તત્ત્વજ્ઞાનનો બોધ પ્રાપ્ત કરી તેનું અનુચિંતન અને તે દ્વારા ચિત્તશુદ્ધિ, ભાવોની વિશિષ્ટ નિર્મળતા અને એકાંતચિંતનની દિશા તરફ પોતાની જાતને લઈ જવી તે ઉત્તરોત્તર દુર્લભ, દુષ્કર અને સૂક્ષ્મ છે. આમ છતાં, પર્યુષણ શબ્દ પોતે જ સૂચવે છે કે ચારેય બાજુથી પોતાના આત્માને ધર્મમાં સ્થિર કરવો એ જ સાચી ઉપાસના છે. આવી સાધના કરવાની ક્ષમતા પ્રાપ્ત થાય તે માટે, દિવાળી અને ઉનાળાના વૅકેશનમાં ઘનિષ્ઠ સત્સંગ-સાધના માટે, સદ્‌ગુરુ-સત્સંગનો યોગ અને માર્ગદર્શન મળે તેવી રીતે, ૮-૧૦ દિવસો માટે નિવૃત્તિક્ષેત્ર-તીર્થધામમાં રહેવાનો અભ્યાસ કરવો જરૂરી છે; ખાસ કરીને ૩૫ વર્ષની ઉંમર થાય ત્યાર પછી વિશેષપણે અને

સંકલ્પબદ્ધ થઈને.

ઊંચી કક્ષાના વિરલ સાધકો પોતપોતાની પાત્રતા અનુસાર, જીવનની સાચી શુદ્ધિની વૃદ્ધિ કરનારી ઉપરોક્ત પદ્ધતિઓને આ દિવસોમાં વિશેષપણે આત્મસાત્ કરીને, જીવનને સદ્‌ગુરુની આજ્ઞા અનુસાર પાપોથી પાછુ વાળીને, પુણ્યની વૃદ્ધિ કરીને તેથી પણ આગળ શુભાશુભ પ્રવૃત્તિ અને ભાવોથી ઉપર ઉઠાવે છે. પોતાની ચિત્તવૃત્તિને શુદ્ધાત્મા-જ્ઞાયકભાવ તરફ લઈ જવા જ્ઞાન-વૈરાગ્ય-સંયમ-ક્ષમા અને જાગૃતિપૂર્વકના પ્રચંડ સત્પુરુષાર્થ દ્વારા, શુદ્ધ આત્મતત્ત્વમાં ક્રમિક વિશ્રાંતિરૂપ પરમ સમતાને સિદ્ધ કરીને, માનવભવને સફળ કરવા સંકલ્પબદ્ધ થાય છે. લોકવ્યવહારના કાર્યોથી દઢપણે નિવૃત્ત થઈને, શેષ જીવનને સંપૂર્ણપણે માત્ર સ્વપર-કલ્યાણમાં જ જોડીને, ત્વરાથી મોક્ષમાર્ગમાં આગળ વધવા માટે સાચી શ્રદ્ધા, સાચો બોધ, સાચી પવિત્રતા અને ઉત્તમ ક્ષમાને આત્મસાત્ કરે છે. આપણે પણ આવી ઉત્તમોત્તમ દશાને પ્રગટ કરવા અર્થે સતતપણે આત્મલક્ષ સહિત, દાન-શીલ-તપ-ભાવમાં આગળ વધતા જ રહીએ અને અનેક વિઘ્નો-સંકટોનો દઢતાથી સામનો કરી શ્રદ્ધા, સબૂરી અને ધ્યેયનિષ્ઠાથી, પરમાત્મા-સદ્‌ગુરુની સાચી શરણાગતિથી અને નિર્મળ હૃદયની પ્રાર્થનાથી આ ઉત્તમ પર્વની ઉજવણીને ખરેખર સાર્થક કરીએ એ જ ભાવના અને એ જ કર્તવ્ય છે.

॥ ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ ॥

---

## પર્યુષણ મહાપર્વમાં ચતુર્વિધ આરાધના

**(પાના નં. ૧૨ પરથી ચાલુ...)**

દઢ નિશ્ચયથી અને અવિરત ઉદ્યમથી તે ગુણ પ્રગટાવવો.

**૩. કરુણા ભાવના :**

જગતના જીવોને વિવિધ પ્રકારના દુઃખથી સંતપ્ત જોઈ તેમનું દુઃખ જાણે પોતાને થાય છે, તેવા ભાવથી દ્રવિત થવું તે કરુણા છે.

“મંદ વિષયને સરળતા, સહ આજ્ઞા સુવિચાર;
કરુણા કોમળતાદિ ગુણ, પ્રથમ ભૂમિકા ધાર.”

**- શ્રીમદ્ રાજચંદ્રજી**

કરુણાભાવ - અનુકંપાભાવ સમ્યગ્દર્શનનું મુખ્ય લક્ષણ છે. જગતના સર્વ જીવ સંસારમાં આધિ, વ્યાધિ, ઉપાધિ આદિથી સંતપ્ત થઈ બળી રહ્યા છે. પરમકૃપાળુદેવ ફરમાવે છે, “તમે પરિપૂર્ણ સુખી છો એમ માનો અને બાકીનાં પ્રાણીઓની અનુકંપા કર્યા કરો.” (વ.પ. ૧૪૩)

**૪. માધ્યસ્થ ભાવના :**

ધર્મભાવનાથી વિમુખ ક્રૂર, દુર્જન કે બીજા વિપરીત ભાવવાળા મનુષ્યોનો સંસર્ગ થતાં, તેઓ વડે કાંઈ અવરોધ ઉત્પન્ન થવા છતાં તેમનાં પ્રત્યે અંતરથી મલિન ભાવ ન લાવવો અને આત્મકલ્યાણ તથા સત્કાર્યોમાં લાગ્યા રહેવું તે માધ્યસ્થ ભાવના છે.

“દુર્જન-ક્રૂર-કુમાર્ગ રતોં પર ક્ષોભ નહીં મુજકો આવે;
સામ્યભાવ રખૂં મૈં ઉન પર ઐસી પરિણતિ હો જાવે.”

**- મેરી ભાવના**

વિરોધીઓ અને દુર્જનો પ્રત્યે પણ કોમળ ભાવ રાખવો. તેમનું બૂરું ન ઈચ્છવું, રુડું જ ઈચ્છવું અને તેઓ આપણને કર્મ ખપાવવામાં ઉપકારી છે એમ માની આત્મસાધનાના માર્ગમાં ટકી રહેવું. આવો ઉત્તમ જીવનવ્યવહાર - ઉદાર દૃષ્ટિ ઘણો પુરુષાર્થ માંગી લે છે.

ઉપરોક્ત ચાર ભાવનાઓ દ્વારા અંતરને પ્લાન્વિત કરી શ્રી પ્રભુ-ગુરુની આજ્ઞા અનુસાર ચતુર્વિધ આરાધનામાં આપણે સૌ નિષ્ઠાપૂર્વક લાગી જઈએ એવી શુભભાવના.

**(આધાર : ‘સાધકસાથી’)**

• • •

# પર્વોમાં મહાન છે પર્યુષણ પર્વ

પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ

ભૂખી-સૂકી ધરતી આકાશના રડ્યાં - ખડ્યાં વાદળોને પોકારે છે : "હે મેઘ ! જળ આપ ! શીતળતા આપ ! દાવાગ્નિમાં જલું છું. અંતર મારે હરિયાળી રહી નથી !"

બળ્યો-જળ્યો માનવી બાહ્ય પ્રવૃત્તિઓની ઘટમાળ છોડીને નિવૃત્તિને નિમંત્રણ આપે છે : હે પર્વાધિરાજ ! અહીં આવો ! શાંતિ આપો ! ચેન આપો ! વૈરાગ્નિમાં જીવનભર બળ્યો છું. અંતરે લેશ પણ હરિયાળી રહી નથી ! આનંદરૂપ જીવન ખુદ બોજારૂપ બન્યું છે. વેર,દ્વેષ અને સ્વાર્થની મારી તલવાર જબ્બર છે, પણ એ અહિરાવણ મહિરાવણ જેવી છે. જેટલા શત્રુ સંહારે છે, એટલા જ સર્જે છે !

શત્રુતાનો સુંદર નિકાલ માગીએ છીએ, હે પર્વાધિરાજ ! તારી પાસે. દ્વેષની વાદળીઓ નિવારી દેવા માગીએ છીએ, હે તીર્થંકર ! તારી સમીપ. સ્વાર્થની વેલ પર હવે પરમાર્થનાં ફળ નિપજાવવા ઇચ્છીએ છીએ.

આજે ચોતરફ ભય, હિંસા અને આતંકનું પ્રાધાન્ય સ્થપાઈ ગયું છે. સંસારની સમગ્ર શક્તિઓ અને સંપત્તિઓનો મોટો ભાગ ભય ઉપજાવવામાં અને હિંસા કેળવવા પાછળ ખર્ચાઈ રહ્યો છે. એક બૉમ્બ લાખો ગરીબોનું એક ટંકનું જમણ જમી જાય છે. એ બંધ થાય તો જ દુનિયા સુખી થાય. એક ઝનૂની માનવી અનેક નિર્દોષની ક્રૂર હત્યા કરે છે.

આ ભય અને હિંસાની સામે પ્રેમ અને અહિંસા મૂકવાનાં છે, પણ નબળા હાથે એ રજૂ થઈ શકે તેમ નથી, કારણ કે એ વીરોની વસ્તુઓ છે. દરવાજા હાથીઓ તોડી શકે છે. ઊંટ તો આડા ધરાય છે.

આ સંસારનું ચિત્ર એક ભયંકર આગનું છે. ક્યાંક યુદ્ધની આગ છે, ક્યાંક ભૂખની આગ છે, ક્યાંક મોટાઈની ને સત્તાની આગ છે. આજ કોઈ દેશ કે માનવી ગમે તેટલો આગળ વધ્યો હોય, તોય શીતળતાનો અનુભવ કરતો નથી. દરેક સ્થળે ત્રાહિમામ્ ને ત્રાહિમામ્ સંભળાય છે. એ તમામ હાયકારાઓમાંથી છૂટકારાનો ઉપાય આત્માની ખોજમાં છે, પ્રેયના અને શ્રેયના, નશ્વર અને વિનશ્વરના વિવેકમાં છે.

સંસારનો સંગ્રામ તો સંતાપ આપે તેવો છે. સતત પ્રવૃત્તિ એ જ માનવીનું જીવન બન્યું છે. એને શાંતિ નથી, એને વિરામ નથી, ક્યાંય ચેન નથી. યંત્ર પણ પળ-વિપળ ધમધમતું બંધ થતું હશે, પણ માનવીના મનને કોઈ વિરામ નથી. એ ચાલતું દેખાતું નથી, છતાં સતત ચાલ્યે જ જાય છે. એ ઊભું નજરે પડે છે, છતાં દોડતું હોય છે. મનને શુદ્ધ કરી વિષયોને જીતવાનો દરેક જૈનનો પ્રયત્ન હોય છે. નિર્મળતા વગર આત્માની સમીપ જઈ શકાતું નથી અને આંતરશુદ્ધિ વિના એનો સંપર્ક સધાતો નથી.

આ પર્વને અને આત્માના આનંદને પિછાનો ! જે આ પર્વાધિરાજને અંતરના ઉમળકાથી ઉપાસશે એને માટે સંસાર કુંભારનો ધગધગતો નિભાડો નહિ, પણ કોઈ શીતલ સમીર લહેરાવતું સરોવર બની રહેશે !

પર્યુષણનો અર્થ એ છે કે પ્રદૂષણ દૂર કરે તે પર્યુષણ. જેમ વાતાવરણમાં પ્રદૂષણ થાય છે, હવામાં કે પાણીમાં પ્રદૂષણ થાય છે તે રીતે માનવીના ચિત્તના પ્રદૂષણને દૂર કરવાનું કામ પર્યુષણ પર્વના દિવસોમાં કરવાનું હોય છે. આજે બાહ્ય પ્રદૂષણનો ઘણો વિચાર

ચાલે છે. ટોકિયોના અમુક વિસ્તારમાં એટલા બધા ધૂમાડા હોય છે કે માસ્ક પહેરીને ફરવું પડે છે. બાહ્ય પ્રદૂષણનો સામનો કરવા અંગે વિજ્ઞાન વિચાર કરે છે, પરંતુ માનવીના મનના પ્રદૂષણ વિશે પર્યુષણ વિચારે છે. આ દિવસોમાં આત્માને ભોજન આપવાનો વિચાર કરવામાં આવે છે. શરીરનો આધાર ભોજન પર છે, પણ આત્માનું ભોજન તો દિવ્ય વિચારો અને ઉમદા ક્ષમાયુક્ત વર્તન છે. પર્યુષણમાં ભૌતિક ભોજન છોડીને આત્માને તુષ્ટિ અને પુષ્ટિ મળે એવા ભોજનનો વિચાર કરવામાં આવે છે.

પર્યુષણનો બીજો અર્થ છે 'સમસ્ત પ્રકારે વસવું' એટલે કે સાધુજનોને ઉદ્દેશીને ચોમાસાના ચાર મહિના એક જ સ્થળે સ્થિર વસવાટ કરીને ધર્મની આરાધના કરવી, પરંતુ પર્યુષણનો લાક્ષણિક અર્થ છે 'આત્માની સમીપ વસવું.' આત્માને જીતવા માટે એ આત્માને જાણવો જરૂરી બને છે. એ આત્મતત્ત્વને જોવા માટે એકાંત અને શાંતિ જોઈએ. બાહ્ય પ્રવૃત્તિથી નિવૃત્તિ જોઈએ.

આત્માની સમીપ રહેવું એટલે શું ? અનંતકાળથી આત્મા મોહ અને મિથ્યાત્વમાં અથવા કષાય અને અજ્ઞાનમાં જ વસતો આવ્યો છે. પોતાના સ્વ-ભાવને ભૂલીને વિભાવને જ નિજ સ્વરૂપ માની બેઠો છે. પરિણામે માનવી પારાવાર પીડા, દુઃખ, કંકાસ અને કલેશમાં ડૂબેલો છે. ભૌતિક લાલસાના મૃગજળ તરફ આંધળી દોટ લગાવી રહ્યો છે.

પર્યુષણ વર્ષાઋતુમાં આવે છે, જ્યારે જમીન ચોખ્ખી બની ગઈ હોય છે. નદીમાંથી મલિનતા ઓસરી ગઈ હોય છે. સફર માટે સાગર અનુકૂળ હોય એમ આખી પ્રકૃતિ જ્યારે શુદ્ધ હોય ત્યારે સાધનાનો સમય આવે છે.

આજે તો ચોમેર દોડધામ કરતો માનવી છેક મૃત્યુ જુએ ત્યારે જીવનનો વિચાર કરવાનો પ્રારંભ કરે છે. એ માનવીને ભૌતિક સમૃદ્ધિની મૂર્છામાંથી જગાડતું પર્વ તે પર્યુષણ પર્વ છે. ચિત્તશુદ્ધિ, હૃદયશુદ્ધિ અને આત્મશુદ્ધિનું આ પરમ પવિત્ર પર્વ છે.

અજ્ઞાનમાંથી સમ્યક્‌જ્ઞાન તરફ, સ્વહિતને બદલે પરહિત તરફ અને વિભાવદશામાંથી સ્વભાવ દશામાં લઈ જનારું આ પર્વ છે, જે માનવીને સ્વહિતની સાંકડી મર્યાદામાંથી બહાર કાઢીને પરહિતનો વિચાર કરવા પ્રેરે છે. આ માટે પહેલું કામ કરવાનું છે ભાવશુદ્ધિનું. જૈન ધર્મ ભાવનાનો ધર્મ છે. આથી નમસ્કાર મહામંત્ર કોઈ વ્યક્તિને નહીં, પણ અરિહંતને નમસ્કાર કરે છે. અરિહંત એટલે જેણે આંતરશત્રુઓને જીત્યા છે. આ ભાવનાની શુદ્ધિ પર જીવનની વિશુદ્ધિનો આધાર છે. ચિત્તમાં મૈત્રી, કરુણા, મુદિતા અને ઉપેક્ષા એ ચાર ભાવોને આપણે ધારણ કરવાના છે.

જૈન ધર્મના સર્વપ્રથમ આગમ 'શ્રી આચારાંગ સૂત્ર'માં કહ્યું છે, 'જે રીતે કેરીના હૃદયમાં છુપાયેલી ગોટલીમાં એક વિશાળ આંબાનું વૃક્ષ છુપાયું છે, તે રીતે હે માનવ ! તારી કાયામાં પરમાત્મા વસેલો છે, એને તું શોધી લે.'

પર્વાધિરાજ પર્યુષણ પર્વ એ વ્યક્તિના જીવનમાં સદાકાળ જન્મોજન્મ સુધી રહેનારી ઊર્ધ્વ ભાવનાઓની ખુશ્બૂભરી વસંત સર્જે છે. ભગવાન મહાવીરે પાયાનો વિચાર કર્યો કે માનવી આટલો બધો લાચાર, હતાશ અને નિરાશ કેમ છે ? એમણે જોયું કે માનવી બહારનાં પરિબળોને કારણે નહીં, પરંતુ પોતાને કારણે જ હારેલો છે. એની તૃષ્ણા, લાલસા અને મિથ્યાત્વને પરિણામે પરાજિત છે. આ પરાજયને વિજયમાં પલટાવવા માટે ભગવાન મહાવીરે સંયમ, અહિંસા અને મૈત્રીનો માર્ગ બતાવ્યો. સતત જીવનશુદ્ધિ કરવાનો સંદેશ આપ્યો અને તેથી પર્યુષણ પર્વ એ કોઈ લાભ કે ભોગનું પર્વ નથી, કિંતુ ત્યાગ અને સત્ત્વનું લોકોત્તર પર્વ છે.

લૌકિક પર્વોથી માનવીના શરીરનું પોષણ થાય

છે, જ્યારે પર્યુષણ પર્વથી માનવીના મનનું પોષણ થાય છે. તપ, જપ, મૈત્રી અને ક્ષમા દ્વારા એ પોતાની ભીતરની ચેતનામય જ્યોતિ સુધી પહોંચે છે. અનંતકાળથી આત્મા મિથ્યાત્વ, કષાય, મોહ અને અજ્ઞાનમાં વસતો રહ્યો છે. માનવીને એનું જીવન કેવું છે અને એનો આત્મા ક્યાં છે એની પણ જાણ નથી. આવે સમયે પર્યુષણ પર્વ એ માનવીને આત્મરત, આત્મસંલગ્ન અને આત્મપ્રિય બનાવતું પર્વ છે.

પર્વાધિરાજ પર્યુષણ પર્વ વ્યક્તિને બહારની દુનિયાના આનંદને બદલે ભીતરની પ્રસન્નતા જાણવાનો અને જગાડવાનો આદેશ આપે છે. પર્યુષણ પર્વ એટલે આત્માની દિવાળી. જેમ દિવાળીએ વ્યક્તિ પોતાના વેપારના નફા-તોટાનો વિચાર કરે એ રીતે પર્યુષણ પર્વ દરમિયાન એ પોતાના આત્માને ત્રણ પ્રશ્ન પૂછે છે.

એનો પહેલો પ્રશ્ન એ છે કે હું કોણ છું? એનો અર્થ એ નથી કે એનો બાયોડેટા પૂછે છે. પરંતુ એનો મર્મ એ છે કે એણે પોતાનું સ્વરૂપ કેટલું જાણ્યું છે.

એનો બીજો પ્રશ્ન છે કે મેં શું મેળવ્યું છે ? અર્થાત્ જીવનમાં મર્ત્ય અને અમર્ત્ય અથવા તો ક્ષણભંગુર અને શાશ્વત એવી બે બાબત છે એમાંથી મેં એવી કઇ અમર્ત્ય બાબત મેળવી છે કે જો હું આ ધરતી પર જીવતો ન હોઉં તો પણ જીવતી હોય ! અને ત્રીજો પ્રશ્ન એ છે કે મેં મારા જીવનમાં શું મેળવ્યું છે ? ધન, સંપત્તિ, પરિવારજનો તો સ્થાયી હોતા નથી પરંતુ મેં કશુંક એવું સાધનાથી મેળવ્યું છે કે જે સદાકાળ મારા આત્મામાં સંચિત રહે.

આ રીતે વ્યક્તિની ભીતરમાં બિરાજમાન આત્મદેવતાની આરાધનાનો આ અવસર છે. જૈન ધર્મ એ કોઈ કુળ કે જાતિનો ધર્મ નથી, પરંતુ અંતરની તાકાત કેળવવાનો સાધનાપથ દર્શાવનારો અને આત્માને ઓળખવાને સતત યત્ન કરતો ધર્મ છે. કર્મ-કષાયોને જીતે તે જૈન. આજે બહારની દુનિયામાં દોડવાનું નથી, પરંતુ કષાયમુક્તિ મેળવવાની છે. કષ એટલે સંસાર અને આય એટલે વૃદ્ધિ. કષાયના કિલ્લાના કેદ વ્યક્તિ જન્મ-મરણની પરંપરા વધારે છે, ત્યારે પર્યુષણ પર્વ એને કહે છે, 'તારા જૈનત્વને જગાડીને જન્મ-મરણની પરંપરા વધારનારા કષાયના કિલ્લાની કેદમાંથી મુક્ત બન.'

તો કરીશું શું ? જૈન ધર્મના આગમ 'શ્રી દશવૈકાલિક સૂત્ર'ને યાદ કરીએ. એના આઠમાં અધ્યાયમાં કહ્યું છે, 'ઉપશમથી ક્રોધને નષ્ટ કરો, મૃદુતા દ્વારા માનને જીતો, સરળતા દ્વારા કપટભાવ દૂર કરો અને સંતોષ વડે લોભ પર વિજય મેળવો.'

પર્વાધિરાજ પર્યુષણમાં આત્મજાગૃતિ, આત્મઓળખ અને આત્મઆનંદ સાથે ક્ષમાયાચના કરીએ.

પર્યુષણ પર્વનો મુખ્ય આદેશ જગત માત્રના જીવો સાથે મૈત્રી સાધવાનો છે. મૈત્રી વ્યવહારશુદ્ધિ અને મનશુદ્ધિ વગર પ્રાપ્ત થતી નથી, એટલા માટે જ પર્યુષણ પર્વને આધ્યાત્મિક પર્વ કહ્યું છે.

સારી રીતે અને સાચી રીતે આરાધેલા આ પર્વને ભગવાન મહાવીરે અતિ મહાન કહ્યું છે. ઉપમા આપતાં તેઓ કહે છે, "નમસ્કારમાં જેમ નવકાર મંત્ર મોટો છે, તીર્થમાં જેમ શત્રુંજય તીર્થ મહાન છે, દાનમાં અભયદાન મહાન છે, ધ્યાનમાં શુક્લધ્યાન મહાન છે, રત્નમાં ચિંતામણિ રત્ન મહાન છે, એમ પર્વોમાં પર્યુષણ પર્વ મહાન છે."

પર્યુષણ એ બાહ્ય ઉત્સવનું પર્વ નથી પણ આંતરઅવસરનું પર્વ છે. પર્યુષણ એ બાહ્યયાત્રાનું પર્વ નથી પરંતુ અંતર્યાત્રાનો પ્રવાસ છે. પર્યુષણ એ બાહ્યજીવનના વૈભવો માટેનું પર્વ નથી પરંતુ આંતરજીવનની ક્રમિક શુદ્ધિ-સાધના માટેનો સમય છે. જે એ સમયને પારખે છે એ જ સાચું જીવન અને પરમ આનંદ પામે છે.

■ ■ ■

# પર્યુષણ મહાપર્વમાં ચતુર્વિધ આરાધના

પૂજ્ય બહેનશ્રી ડો. શર્મિષ્ઠાબેન સોનેજી

પર્યુષણ મહાપર્વમાં ચતુર્વિધ આરાધના કરવાની મહાપુરુષોએ આપણને આજ્ઞા કરી છે. **ચતુર્વિધ આરાધના :** (૧) સમ્યક્ જ્ઞાન, (૨) સમ્યગ્ દર્શન, (૩) સંયમ, (૪) તપ. તે થવા માટે :

**● ચાર પ્રતિબંધ ઘટાડીએ :**

(૧) લોકપ્રતિબંધ, (૨) સ્વજન પ્રતિબંધ, (૩) દેહાદિ પ્રતિબંધ, (૪) સંકલ્પ-વિકલ્પ પ્રતિબંધ.

**● ચાર નિષ્ઠા જીવનમાં લાવીએ :** (૧) ધર્મનિષ્ઠા, (૨) સત્યનિષ્ઠા, (૩) કર્તવ્યનિષ્ઠા, (૪) રાષ્ટ્રનિષ્ઠા

**● ચાર દેવોનું બહુમાન-વિનય કરીએ :**

(૧) માતા - માતૃદેવોભવઃ, (૨) પિતા - પિતૃદેવોભવઃ, (૩) ગુરુ - આચાર્યદેવોભવઃ, (૪) અતિથિ - અતિથિદેવોભવઃ

**● ચાર ભાવનાઓ જીવનમાં ચરિતાર્થ કરીએ :**

(૧) મૈત્રીભાવના, (૨) ગુણપ્રમોદ ભાવના, (૩) કરુણાભાવના, (૪) માધ્યસ્થ ભાવના.

ઉપરોક્ત ચાર ભાવનાઓની શ્રી અમિતગતિ આચાર્ય વિરચિત 'સામાયિક પાઠ'ના પ્રથમ શ્લોકના આધારે વિશેષ વિચારણા કરીએ :

सत्त्वेषु मैत्री गुणिषु प्रमोदं, क्लिष्टेषु जीवेषु कृपापरत्वं ।
माध्यस्थभावं विपरीतवृत्तो, सदा ममात्मा विदधातु देव ॥

**ગુજરાતી પદ્યાનુવાદ :**

સૌ પ્રાણી આ સંસારના સન્મિત્ર મુજ વહાલા થજો,
સદ્‌ગુણમાં આનંદ માનું મિત્ર કે વૈરી હજો;
દુઃખિયા પ્રતિ કરુણા અને દુશ્મન પ્રતિ મધ્યસ્થતા,
શુભ ભાવના પ્રભુ ચાર આ પામો હૃદયમાં સ્થિરતા.

## ૧. મૈત્રી ભાવના :

(૧) સર્વ જીવ પ્રત્યે નિર્વેરબુદ્ધિ, (૨) સર્વાત્મમાં સમદૃષ્ટિ, (૩) સર્વજીવમાં સ્વાત્મતુલ્ય-ભાવવાત્સલ્ય, (૪) સૂક્ષ્મ અહિંસાભાવ.

**● મૈત્રીભાવ પ્રગટાવવાના ઉપાયો :**

(૧) સાચું જ્ઞાન કરવું : શ્રી સદ્‌ગુરુના બોધ દ્વારા તત્ત્વજ્ઞાન દ્વારા સર્વજીવને સમાન જાણીએ તો કોઈને દુખ દેવાનો ભાવ ન થાય.

''आत्मनः प्रतिकूलानि परेषां न समाचरेत् ।''

(૨) દૈનિક જીવનવ્યવહારમાં મૈત્રીભાવનો પ્રયોગ કરવો. દુકાનમાં, ઑફિસમાં, હૉસ્પિટલમાં, શાળામાં, સોસાયટીમાં, કુટુંબમાં.

(૩) નિયમિત સત્પુરુષોનો સમાગમ અને તેમની વાત્સલ્ય મુદ્રાના દર્શન કરવા.

(૪) યત્નાપૂર્વક સર્વ કાર્ય કરવું, જેથી સર્વજીવની રક્ષા થાય. કોઈ જીવને હાનિ ન પહોંચે.

## ૨. ગુણપ્રમોદ ભાવના :

પોતાનાથી અધિક ગુણવાન મહાનુભાવોને જોઈને અંતરમાં વિશિષ્ટ આનંદ અને ઉત્સાહ આવવો તે ગુણપ્રમોદ નામનો મહાન ગુણ છે.

''गुणीजनो को देख हृदयमें मेरे प्रेम उमड आवे ।
बने जहाँ तक उनकी सेवा करके यह मन सुख पावे ॥''

**- मेरी भावना**

**● તે પ્રગટાવવાના ઉપાયો :**

(૧) જેનામાં ગુણ દેખાય તેમનો સમાગમ કરી નિખાલસ હૃદયથી તે ગુણનું અવલોકન કરવું.

(૨) તેમનો દૈનિક વ્યવહાર જોવો.

(૩) તે ગુણની અનુમોદના કરી તેમાં રુચિ કેળવવી.

(૪) સાચી લગનથી તે પ્રગટાવવા પ્રયત્ન કરવો.

(અનુસંધાન પાના નં. ૮ પર...)

# અસ્તિત્વમાં નિમજ્જનનું પર્વ એટલે પર્યુષણ પર્વ

પ્રા. ચંદાબહેન વી. પંચાલી (બોટાદ)

જ્ઞાનવારિધિ, આત્મરત્નપયોનિધિ, સમતારસ સમાધિ અને શ્રદ્ધાના પ્રેમનિધિ સમા ચૈતન્યનિવાસી પરમકૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રજીની મહામેઘાવી સરસ્વતી પત્રાંક - ૭૦૬ (વચનામૃત)માં મુદ્રિત છે કે "સત્પુરુષના વચનના યથાર્થ ગ્રહણ વિના વિચાર ઘણું કરીને ઉદ્ભવ થતો નથી; અને સત્પુરુષના વચનનું યથાર્થ ગ્રહણ, સત્પુરુષની પ્રતીતિ એ કલ્યાણ થવામાં સર્વોત્કૃષ્ટ નિમિત્ત હોવાથી તેમની 'અનન્ય આશ્રયભક્તિ' પરિણામ પામ્યેથી થાય છે. ઘણું કરી એકબીજાં કારણોને અન્યોન્યાશ્રય જેવું છે. ક્યાંક કોઈનું મુખ્યપણું છે, ક્યાંક કોઈનું મુખ્યપણું છે, તથાપિ એમ તો અનુભવમાં આવે છે કે ખરેખરો મુમુક્ષુ હોય તેને સત્પુરુષની 'આશ્રયભક્તિ' અહંભાવાદિ છેદવાને માટે અને અલ્પકાળમાં વિચારદશા પરિણામ પામવાને માટે ઉત્કૃષ્ટ કારણરૂપ થાય છે." સત્પુરુષની આશ્રયભક્તિ મોક્ષદશાની આધારભૂમિ છે.

જગતમાં લૌકિક પર્વો ઉજવાય છે તેમજ લોકોત્તર પર્વો ઉજવાય છે. લૌકિક પર્વમાં સામાન્ય પુણ્ય બંધાય છે, જે ચારગતિના પરિભ્રમણમાં લઈ જાય છે કારણકે તેના પાયામાં જીવોને જગતના પદાર્થોની પ્રાપ્તિની ઈચ્છા હોય છે. સાંસારિક દુ:ખોથી મુક્તિ મળે, ધનવૈભવ, સંપત્તિની ઈચ્છા, માન, સત્તાની માગણી હોય છે. લોકોત્તર પર્વમાં મુક્તિની ખેવના છે. લોકોત્તર પર્વમાં જીવોને મુક્તિની ભાવના હોય છે. ચતુર્ગતિમાં રખડવાથી થાકી ગયેલા જીવો લોકોત્તર પર્વોને જાણે છે, માણે છે, આસ્વાદે છે. લોકોત્તર પર્વ વિભાવભાવોથી પાર, સ્વભાવના સત્સુખ તરફ લઈ જાય છે. પર્યુષણ મહાપર્વ લોકોત્તર પર્વ છે. આ પર્વ આત્માનંદની ધૂન લગાવે છે. તેમાં સમતાનું સમત્વ સધાય છે. આત્મ અસ્તિત્વનો અરુણોદય થાય છે. તેમાં આત્મશૈત્ય પમાય છે તથા ચૈતન્યનો અપૂર્વ અવસર આરંભાય છે.

પર્યુષણ પર્વની વ્યાકરણની દૃષ્ટિએ સમજણ કેળવીએ તો પરિ + વસ્ - ઉસ ધાતુથી નામ રૂપે પર્યુષણ શબ્દ થયો છે. પરિ એટલે ચારે બાજુથી અને વસ્ + ઉસ અર્થાત્ રહેવું - નિવાસ કરવો. ચારે બાજુથી આત્મનિવાસી બનવું. આપણું મન અત્ર તત્ર સર્વત્ર ભટકતું હોય છે તે મનને એક અગ્રતા આપી આત્મનિવાસી બનાવવું તે પર્યુષણ પર્વનું ગૌરવ છે. ગરિમા છે.

મનને એકાગ્ર કેવી રીતે કરવું ? સાધકને આવી વિચારણા ચાલતી હોય છે. મનને કહ્યું હોય કે આ ઓરડો ખોલવાનો નથી. મન વારંવાર તે વિચારમાં રહે કે કેમ ? એ ઓરડામાં શું હશે ? કેમ ખોલવાની ના પાડી છે ? ક્યાંક છિદ્ર હોય તો જોઈ લેવાય. જો કહેવામાં ન આવ્યું હોત તો મન તે વિચારોમાં ન ખોવાઈ જાત. ત્યારે હવે શું કરવું ? માત્ર દિશા બદલવાની છે. દિશા બદલતા દશા બદલાય છે. પર્યુષણ મહાપર્વમાં સાધકની દિશા બદલાય છે. અનુક્રમે આત્મદશા પ્રતિ આરોહણ થાય છે. આપણે વિચારીએ છીએ કે મનને એકાગ્ર કેવી રીતે કરવું ? શ્રીમદ્ ભગવદ્ગીતાના છઠ્ઠા અધ્યાયમાં શ્રી અર્જુન ભગવાન શ્રીકૃષ્ણને પૂછે છે,

चञ्चलं हि मनः कृष्ण प्रमाथि बलवत् दृढम् ।
तस्याहं निग्रहं मन्ये वायोरिव सुदुष्करम् ॥३४॥

**કવિત્તઃ** "મન છે ચંચળ કૃષ્ણ ! મસ્તાની બળીયું બહુ;
તેનો નિગ્રહ હું માનું, વાયુની જેમ દુષ્કર."

તેનો પ્રત્યુત્તર ભગવાન શ્રીકૃષ્ણ આપે છે :

**કવિત્ત :** असंशयं महाबाहो मनो दुर्निग्रहं चलम् ।
अभ्यासेन तु कौन्तेय वैराग्येण च गृह्यते ॥३५॥

"બેશક છે મહાબાહો ! ચંચળ મન દુર્જય;
પણ કૌન્તેય ! અભ્યાસે, ને વૈરાગ્યે થતું વશ."

અભ્યાસ અને વૈરાગ્યથી મન એકાગ્ર થાય છે. વારંવાર મનને આત્માનંદમાં લાવવાનું રહે છે. મનને સ્થિર કરવા અમન રૂપી આત્મા પ્રતિ વારંવાર લાવવું રહે છે. પરિણામમાંથી મુક્ત થઈ અપરિણામી આત્મામાં સ્થિર કરવું રહે છે. દ્વૈતમાં ન રહેતા અદ્વૈત પ્રતિ ગતિ થાય છે. ભેદદષ્ટિથી ભિન્ન થઈ અભેદ ચૈતન્યમાં સ્થિતિ સધાય છે. અસ્તિત્વમાં નિમજ્જન થતાં આત્મરસતા સધાય છે. પર્યુષણ મહાપર્વની અષ્ટાહ્નિકામાં અસ્તિત્વના આસ્વાદનના અમૃતને સાધક માણી શકે છે. મનને વિધેયાત્મક વિચારધારાથી એકાગ્ર કરી શકાય છે. પુરુષાર્થના સંવેગથી મનથી અમન આત્મા સુધી પહોંચાય છે.

પર્યુષણ મહાપર્વ આઠ દિવસના હોય છે, જેમાં અષ્ટકર્મથી મુક્તિ મળે તેવું બીજ રોપાય છે. સમ્યક્જ્ઞાન - દર્શન - ચારિત્ર અને તપથી મુક્તિમાર્ગ કંડારાય છે. અસ્તિત્વ ઉજાગર થાય છે. અસ્તિત્વ એટલે ચૈતન્ય સ્વરૂપી જ્ઞાનાનંદ પરમાત્માનું હોવાપણું - હૈયાતી હોવી તે. નિરંજન, નિરાકાર, અખંડ જ્ઞાન આનંદ, સુખ સ્વરૂપી આત્માનો હકાર થવો તે અસ્તિત્વનો અરુણોદય છે. જૈનદર્શનમાં સ્યાદ્વાદ દૃષ્ટિ છે. સ્યાત્ અસ્તિ - આત્માનું હોવાપણું છે. અનંત આનંદની અસ્તિની મસ્તિ તે અસ્તિત્વ છે. અસ્તિત્વમાં 'હું'નું વિસર્જન થાય છે. કહીએ તો હું ખરી પડે છે.

ચીની સમ્રાટ વુ બૌદ્ધધર્મગુરુ બોધિધર્મને પ્રણામ કરવા જાય છે. સમ્રાટને તેઓના નામની ખબર નથી તેથી બૌદ્ધગુરુને પૂછે છે કે આપનું નામ શું ? ધર્મગુરુ કહે, 'જાણતો નથી.' બૌદ્ધ ગુરુ 'હું જાણતો નથી' એમ નથી કહેતા કારણ 'હું'પણું ખરી પડ્યું છે તેથી સમ્રાટને કહે છે 'જાણતો નથી'. નિજ અસ્તિત્વમાં જીવનયાપન કરતાં મહાપુરુષોની આ લાલિમા છે. તેઓનો મહિમા છે.

બીજી જૈન પરંપરા પર્યુષણ મહાપર્વને દશલક્ષણ પર્વ કહે છે. યતિધર્મ - મુનિરાજના ધર્મ છે - ક્ષમા, આર્જવ, માર્દવ, સંયમ, તપ, ત્યાગ, શૌચ, નિર્લોભતા, આકિંચન્ય અને બ્રહ્મચર્ય દશલક્ષણધર્મ છે. અસ્તિત્વના આરોહણમાં રાગ-દ્વેષ, મોહ, અજ્ઞાન વગેરે ઝરવા લાગે છે. કષાયો ઉપશાંત થાય છે, અંતે નાશ પામે છે.

એકવાર પૂર્ણતા પ્રાપ્ત સદ્ગુરુ શિષ્યો સાથે જગતવિચરણ કરતાં હતાં. રસ્તામાં એક વહેણ આવ્યું. એક ગાડું પસાર થયેલું તેથી વહેણનું પાણી ડહોળું થઈ ગયું હતું. ગુરુ અને શિષ્યો તે વહેણમાંથી પસાર થયા. ગુરુ અને શિષ્યો વહેણ પસાર કરી બીજી બાજુ શાંતિથી બેઠા. થોડી વાર પછી ગુરુએ એક શિષ્યને કહ્યું, "વહેણમાંથી પીવા માટે પાણી લઈ આવ." શિષ્યને મનમાં વિચાર આવે છે કે વહેણનું પાણી મલિન છે. ડહોળું છે તે કેમ પીવાશે ? છતાં સદ્ગુરુની આજ્ઞાને શિરોધાર્ય ગણી પાણી લેવા માટે જાય છે. વહેણમાં સ્વચ્છ પાણી વહે છે. શિષ્ય પાણી લાવીને સદ્ગુરુને આપે છે. સદ્ગુરુ સમજાવે છે કે પહેલા ત્યાંથી ગાડું પસાર થઈ ગયેલું તેથી નીચે પડેલો ડોળ ઉપર આવવાથી પાણી ડહોળું લાગતું હતું. ખરેખર પાણી મલિન નથી. પાણી તો સ્વચ્છ જ છે. અસ્તિત્વના આરોહણમાં વિભાવરૂપી કષાયનો ડોળ જતો રહે છે. સહજ સ્વાભાવિક આત્મા પ્રતિ દૃષ્ટિ થતાં વિભાવ શાંત થઈ નષ્ટ થઈ જાય છે.

સાધક અસ્તિત્વના આરોહણનો અભ્યાસ કરે છે, ત્યારે ત્રણ સોપાનને સિદ્ધ કરે છે. પ્રથમ સોપાન છે અંતર્મુખતા. સાધક બહિર્મુખતાથી પાછો વળે છે. જે ઉપયોગ વારંવાર બહાર જતો હતો તે અંતર્મુખ

થતાં ઉપયોગની દિશા બદલાય છે. વિભાવથી પાછો વળી સ્વભાવ તરફ શુદ્ધ આત્માનંદ શાંત સ્વરૂપ નિજ સ્વભાવમાં આરોહિત થાય છે. નિજ અસ્તિત્વના ભણકારા તેને સંભળાય છે.

હવે તેની વિકાસયાત્રા વેગવન્ત બને છે. નિજ ચૈતન્ય સ્વભાવમાં અન્તઃપ્રવેશ પામે છે. બીજું સોપાન છે અન્તઃપ્રવેશ. અહીં નિજાનંદને માણે છે. દૃઢ સંકલ્પબળ, હિંમત અને આત્મવિશ્વાસ સાથે પુરુષાર્થમાં અપ્રમાદી બની નિજ વિકાસયાત્રા તીવ્રતા પામે છે.

ત્રીજું સોપાન છે અંતઃલીનતા, અભેદતા, ઐક્યતા. જેમ મીઠાની પૂતળી મહાસાગરનો તાગ કાઢવા જાય અને જેવી મહાસાગરમાં લીન થાય કે અંતર્લીનતા સધાય જાય, વિભાવની પરિણતિ વિદાય લે, સ્વભાવમાં આરોહિત થવાય. અસ્તિત્વનું આરોહણ સાધકને લીનતામાં લવલીન બનાવે છે.

બાઈ મીરાંબાઈ ગુરુ રોહિદાસ પાસે જાય છે. સંત રોહિદાસજી ચામડાના રક્તને સાફ કરતાં હતા. બાઈ મીરાં સામે બેઠા. બંને મૌન છે. રક્તના બિન્દુ મીરાંબાઈને છાટાં રૂપે ઉડે છે. મીરાંબાઈ શાંત છે. સંત સંતત્વમાં લીન છે. સંતે દૃષ્ટિ ઊંચી કરી. મીરાંબાઈને રક્તના છાંટા ઊડ્યા છે. તે જોઈને સંત રોહિદાસજી બોલી ઉઠે છે, "અરે મીરા ! તું તો મેરે રંગમેં રંગ ગઈ." આ છે અંતઃલીનતા.

અંતઃલીનતાને પામે તો સાધક સમતારસનું અમૃતપાન કરે છે. સ્વાભાવિક સમતા જીવાય છે. એકદા સાધુપુરુષ ઉપર એક વ્યક્તિ અકારણ કોપિત બની - અનેક અપશબ્દો સાધુપુરુષને કહ્યા. સાધુપુરુષ તો તેની અસ્તિની મસ્તિમાં મસ્ત છે. અનેક અપશબ્દો કહી ક્રોધિત વ્યક્તિ ચાલી ગઈ. આ દૃશ્યને જોતી, ત્યાં ઊભેલી વ્યક્તિએ કહ્યું, "આપ કેમ શાંત રહ્યા ? કાંઇ પણ ન બોલ્યા ?" સાધુપુરુષ કહે, "હું અંતરથી ખાલી છું. મારી મસ્તિથી ભરેલો છું. શું બોલું ?" સમતાની ગરિમા સાથે જીવતો વ્યક્તિ અસ્તિત્વને સ્પર્શેલો છે તે સહજ સમજાય છે. અસ્તિત્વના સ્પર્શને માણતો સાધક નિર્મળ, સ્વરૂપસ્થિત, સ્વભાવ સ્થૈર્ય ઇત્યાદિ પરમગુણો સાથે અન્વિત હોય છે.

પર્યુષણ પર્વ 'ક્ષમાપના' પર્વ છે. અંતરના અતલ ઊંડાણમાં રહેલા વિભાવભાવને દૂર કરી સહજ સ્વભાવના પુનિત રૂપ મળે તેવી સંવત્સરીના પવિત્ર દિવસે ક્ષમાપના થાય છે. જૈની પ્રત્યેક વ્યક્તિ સાથે ક્ષમાપના ભાવે છે.

खामेमि सव्वे जीवा सव्वे जीवा खमन्तु मे ।
मित्ति मे सव्व भूएसु वेरं मज्झं न केणई ॥

- सव्वे जीवा खामेमि = સર્વ જીવને હું ખમાવું છું.
- मे सव्वे जीवा खमन्तु = મને સર્વ જીવો ખમાવો.
- सव्व भूएसु मे मित्ति = સર્વ જીવ મારા મિત્ર છે.
- मज्झं वेरं न केणई = મને કોઈ સાથે વૈર નથી.

વિશ્વવાત્સલ્યના પુણ્યભાવ સાથે મિત્રતા સધાય છે.

સર્વથા સૌ સુખી થાઓ, સમતા સહુ સમાચરો;
સર્વત્ર દિવ્યતા વ્યાપો, સર્વત્ર શાંતિ વિસ્તરો.

અસ્તિત્વમાં નિમજ્જન થતાં - ડૂબતાં રાગ-દ્વેષ ખરી પડે છે. મોહના દ્વાર બંધ થાય છે. અસ્તિત્વના આરોહણ સાથે અસ્તિત્વનો સ્પર્શ થાય છે. અસ્તિત્વના અનાહદ નાદનું ગુંજન થવા લાગે છે. વિભાવ નિચોવાય જાય છે. સ્વભાવની સરગમનું મધુર સંગીત સંભળાય છે. પર્યુષણ પર્વ હૈયાતીનો મહોત્સવ બને છે. પર્યુષણ પર્વની નિ + વૃત્તિ - ભીતરી વિભાવવૃત્તિઓ નિર્જરી જાય છે. સહજ સ્વાભાવિક પ્ર + વૃત્તિ ચૈતન્ય ધારામાં પ્રવૃત્ત થવાય છે. આ ચમત્કાર આજે પણ થાય છે.

"સત્પુરુષોનું યોગબળ જગતનું કલ્યાણ કરો."

# શ્રી દેવચંદ્રજી ચોવીશી

અશોકભાઈ પી. શાહ

(ગતાંકથી ચાલુ)

## શ્રી સુવિધિનાથ સ્તવન

પ્રભુદર્શન કરતી વખતે આપણા આત્મામાં શું પરિવર્તન થવું જોઈએ તેનું સુંદર માર્ગદર્શન આપણને આ સ્તવનમાં ગણિશ્રી દેવચંદ્રજીને સ્વયં થયેલા અનુભવથી મળી રહ્યું છે. સમાધિરસથી ભરેલા પ્રભુને જોતાં જ અનાદિથી ભૂલેલો ભગવાન આજે પ્રગટરૂપે દેવચંદ્રજીને અનુભવમાં આવ્યો છે. અને તેથી સર્વ વિભાવરૂપ ઉપાધિથી વ્યાવૃત્ત થઈ સ્વયં સમાધિને પામ્યા છે. જે કોઈ સાધક આવી સમાધિને પ્રાપ્ત થાય તેની કેવી ઉત્કૃષ્ટ ભાવદશા થાય છે અને તે કઈ રીતે પ્રભુપદના માર્ગે આગળ સંચરે છે, તે હવે બતાવે છે :

**મોહાદિકની ઘૂમિ, અનાદિની ઊતરે હો લાલ, અ૦**
**અમલ અખંડ અલિપ્ત, સ્વભાવ જ સાંભરે હો લાલ; સ્વ૦**
**તત્ત્વ રમણ શુચિ ધ્યાન, ભણી જે આદરે હો લાલ, ભ૦**
**તે સમતારસ ધામ, સ્વામી મુદ્રા વરે હો લાલ. સ્વા૦(૪)**

**શબ્દાર્થ :** (પ્રભુદર્શનથી) અનાદિની મોહ આદિની મૂર્છા ઊતરે છે અને નિર્મળ, અખંડ તથા નિર્લેપ સ્વભાવ સાંભરે છે, સ્મરણમાં આવે છે. આત્મતત્ત્વમાં રમણતા અને શુચિધ્યાન અર્થાત્ શુક્લધ્યાન ભણી આગળ વધતાં તે સાધક સ્વયં સમતારસના ધામ એવા અરિહંત પરમાત્મા જેવી શાંત મુદ્રાને પ્રાપ્ત થાય છે. (ઘૂમિ = મૂર્છા; શુચિ ધ્યાન = શુક્લધ્યાન; સ્વામી = પ્રભુ, અરિહંત)

**વિશેષાર્થ :** અનાદિકાળથી આ જીવ **"મોહાદિકની ઘૂમિ"** અર્થાત્ મોહ અને રાગ-દ્વેષના નશામાં મૂર્છિત થઈ પોતાના સહજાનંદ સ્વરૂપનું વિસ્મરણ કરી સંસાર પરિભ્રમણના દુઃખ ભોગવી રહ્યો છે. મોહ બે રીતે જીવને મૂર્છામાં નાખી ભાન ભૂલાવે છે - એક તો 'હું દેહ છું અને સ્ત્રી, પુત્ર, ધન, વૈભવ આદિ મારા છે' - આવા અહં-મમત્વરૂપી દર્શનમોહ અને બીજું, તેવા અજ્ઞાનથી ઊપજતા ક્રોધાદિ કષાયરૂપ ચારિત્રમોહ. પણ કોઈ સાધક જીવને કંઈક ભવિતવ્યતાનો ઉદય થતાં આ મહાબંધનથી છૂટવાની ઈચ્છા થાય છે અને પૂર્વના કોઈ સાતિશય પુણ્યના ઉદયથી સદ્ગુરુનો યોગ થાય છે. તે સદ્ગુરુ તીર્થંકર પ્રભુની ઓળખાણ કરાવી મોહના નશામાંથી ઊગારી પ્રભુભક્તિનો નશો ચઢાવે છે ! અને સાધકમાં પ્રભુ જેવા જ આત્મસ્વરૂપ પ્રગટાવવાનો ઉત્સાહ જગાડે છે. સાધકની મુમુક્ષુતા સદ્ગુરુ સંગે તીવ્ર બનતાં એક દિવસ શ્રી દેવચંદ્ર મહારાજની જેમ જ્યારે પ્રભુને સમાધિરસે ભરેલા જુએ છે ત્યારે **"મોહાદિકની ઘૂમિ અનાદિની ઉતરે હો લાલ"** ! અનાદિની મોહનિદ્રાની મૂર્છા ઊતરી જતાં પરમ જાગૃત દશામાં અમલ, અખંડ, અલિપ્ત પોતાના આત્મસ્વભાવની નિર્વિકલ્પ અનુભૂતિ થાય છે. **'અમલ'** - સર્વ દ્રવ્યકર્મ, નોકર્મ, ભાવકર્મરૂપ મલિનતાથી રહિત નિર્મળ; **'અખંડ'** - અનંત ગુણોના અખંડ પિંડરૂપ; **'અલિપ્ત'** - સર્વ પરદ્રવ્ય અને પરભાવોથી નિર્લેપ, અપ્રભાવિત, અસ્પૃશ્ય - આવા ઐશ્વર્યવાન આત્મસ્વરૂપમાંથી સ્વાભાવિક અતીન્દ્રિય આનંદનો આસ્વાદ માણતાં હવે તેને બીજું શું જોઈએ ને બીજું શું ગમે ? તે આનંદ આગળ "સકળ જગત એંઠવત્" લાગતાં સહજપણે તેનો જ્ઞાનગર્ભિત વૈરાગ્ય ખીલી ઊઠે છે. હવે ફરી ફરી અતીન્દ્રિય આનંદ માણવામાં જ પ્રયત્નશીલ તેને હવે વારંવાર તે "અમલ, અખંડ, અલિપ્ત સ્વભાવ જ સાંભરે છે." - નિરંતર તે જ સ્મૃતિમાં, લક્ષમાં,

પ્રતીતિમાં આવે છે. ''ઘડી ઘડી સાંભરે સાંઈ સલૂના'' એવી શ્રી યશોવિજયજી મહારાજ જેવી દશા થતાં, ઉદયાધીન કંઈક લૌકિક કાર્ય કરવું પડે તો પણ નિરંતર સ્વભાવ સાંભરવાથી તેમાં તે લિપ્ત થતો નથી. આવી જ દશામાં પરમકૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રજી કહે છે, *''એક પુરાણપુરુષ અને પુરાણપુરુષની પ્રેમસંપત્તિ વિના અમને કંઈ ગમતું નથી..... અમે દેહધારી છીએ કે કેમ તે સંભારીએ ત્યારે માંડ જાણીએ છીએ.''* (પત્રાંક - ૨૫૫). આવી પ્રેમભક્તિની દશામાં જે સાધકનો પુરુષાર્થ વધુ જોર કરે ત્યારે **''તત્ત્વરમણ શુચિ ધ્યાન ભણી જે આદરે''** - નિજઆત્મતત્ત્વમાં પ્રગાઢપણે રમણતા કરતાં કરતાં દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવને અનુરૂપ ગુણસ્થાનો ચઢતાં ચઢતાં જે ''શુચિ ધ્યાન'' - શુક્લ ધ્યાનની શ્રેણી ભણી આગળ વધે છે તે મહાત્મા અંતર્મુહૂર્તમાં સર્વ કર્મોનો ક્ષય કરી **''તે સમતારસ ધામ, સ્વામી મુદ્રા વરે હો લાલ''** સમતારસના ધામ એવા ત્રણ લોકના સ્વામી અરિહંત પરમાત્મા જેવી શાંત મુદ્રાને વરે છે, અર્થાત્ સ્વયં પરમશાંત પરમાત્મ પદને પામે છે.

પ્રબળ પુરુષાર્થથી સાધકને આમ જોતજોતામાં મોક્ષલક્ષ્મીને વરતાં જોઈને દેવચંદ્રજીનું ભક્તહૃદય પણ દાસત્વભાવે પ્રભુ પાસે શું અભિલાષા સેવે છે તે જોઈએ :

**પ્રભુ છો ત્રિભુવનનાથ, દાસ હું તાહરો હો લાલ, દા૰**
**કરુણાનિધિ અભિલાષ, અછે મુજ એ ખરો હો લાલ; અ૰**
**આતમ વસ્તુ સ્વભાવ, સદા મુજ સાંભરો હો લાલ, સ૰**
**ભાસન વાસન એહ, ચરણ ધ્યાને ધરો હો લાલ. ચ૰ (૫)**

**શબ્દાર્થ :** હે પ્રભુ ! આપ તો ત્રિભુવનનાથ છો અને હું તો આપનો દાસ છું. હે કરુણાનિધિ ! મારી આ સાચી અભિલાષા છે કે વસ્તુસ્વરૂપ એવા મારા આત્મસ્વભાવનું મને સદાય સ્મરણ રહો. મારી શ્રદ્ધા, મારું જ્ઞાન અને આત્મરમણતાપૂર્વકનું ધ્યાન મને એ સ્વભાવનું જ રહો. (ત્રિભુવનનાથ = ત્રણ લોકનો નાથ; અછે = છે; ભાસન = જ્ઞાન; વાસન = શ્રદ્ધા, પ્રતીતિ; ચરણ ધ્યાને = આત્મસ્થિરતારૂપ ધ્યાન)

**વિશેષાર્થ :** પરમાત્માની ભક્તિથી શ્રી દેવચંદ્રજીને જે અવર્ણનીય આત્મોપલબ્ધિ થઈ છે તે અનંત ઉપકારને વ્યક્ત કરવા તેમની પાસે શબ્દો નથી. તે ઉપકારનો પ્રત્યુપકાર વાળવા તેઓ હવે માત્ર પ્રભુના દાસ બનીને રહેવા માગે છે. દાસ બનવું એટલે પ્રભુનું અચિંત્ય માહાત્મ્ય જોઈને તેમના શરણે જઈ સંપૂર્ણ આજ્ઞાધીનપણે રહેવું. આજ્ઞાધીન રહેતાં હવે અલ્પ પણ સ્વચ્છંદને પ્રવેશવાનો અવકાશ જ ન રહે અને આગળના ગુણસ્થાનોમાં પણ કોઈ પતનની સંભાવના ન રહેતાં વાયુવેગે મોક્ષમાર્ગમાં આગળ વધાય અને થોડા સમયમાં દાસ પણ સ્વામી જેવો બની જાય ! આ જ તો છે દાસત્વભક્તિનું સામર્થ્ય ! સર્વ જ્ઞાનીપુરુષોની આ જ રીત રહી છે કે જ્ઞાનપ્રાપ્તિ પછી પણ પૂર્ણ વીતરાગ થવા પ્રભુના દાસ બનીને રહેવું ગમે છે. 'શ્રી આત્મસિદ્ધિ-શાસ્ત્ર'માં પણ શિષ્ય બોધબીજની પ્રાપ્તિ થતાં કહે છે :

*''આ દેહાદિ આજથી, વર્તો પ્રભુ આધીન;*
*દાસ, દાસ હું દાસ છું, તેહ પ્રભુનો દીન.''*

વળી, એવા મહિમાવંત પ્રભુનું શરણ લીધું છે કે જે ત્રિભુવનનાથ છે - ત્રણે લોકના જીવોને શરણરૂપ છે, આધારરૂપ છે, યોગક્ષેમના કરનાર છે. સમ્યગ્દર્શનાદિ ગુણોનો યોગ કરાવનાર અને તે ગુણોનું રક્ષણ કરવામાં આધારભૂત, એમ યોગક્ષેમના કરનાર એવા કરુણાનિધાન ભગવંત પાસે બીજી શું અભિલાષા કરવાની હોય ? કહે છે, ''હે કરુણાના સાગર ! સર્વ લૌકિક અભિલાષાઓની આપની કૃપાથી નિવૃત્તિ થઈ ગઈ છે અને હવે મને ખરેખર એક જ અભિલાષા છે કે તારી ભક્તિનું અવલંબન લઈ મને મારો આત્મસ્વભાવ, જે વસ્તુસ્વરૂપે શુદ્ધ,

બુદ્ધ, ચૈતન્યઘન છે તેનું જ માત્ર સદાય સ્મરણ હો અને મારાં શ્રદ્ધા (વાસન), જ્ઞાન (ભાસન) અને આત્મરમણતારૂપ ચારિત્ર (ચરણ), તેનાં અભેદ ધ્યાન દ્વારા તે આત્મસ્વભાવનું જ નિરંતર અનુસંધાન હો. ટૂંકમાં મારી સમ્યક્‌જ્ઞાન-દર્શન-ચારિત્ર આદિ સર્વ શક્તિ વાપરીને મારું ચિત્ત આ એક જ વિષયમાં લાગ્યા રહે એવું હે પ્રભુ ! મને બળ આપો.''

શ્રી સુવિધિનાથ ભગવાનના દર્શનમાત્રથી થતાં અનેકાનેક લાભ અને આત્મોન્નતિનું વિશેષ વર્ણન કરતાં હવે શ્રી દેવચંદ્રજી કહે છે :

**પ્રભુમુદ્રાને યોગ, પ્રભુ પ્રભુતા લખે હો લાલ, પ્ર૦**
**દ્રવ્ય તણે સાધર્મ્ય, સ્વસંપત્તિ ઓળખે હો લાલ; સ્વ૦**
**ઓળખતાં બહુમાન, સહિત રુચિ પણ વધે હો લાલ, સ૦**
**રુચિ-અનુયાયી વીર્ય, ચરણધારા સધે હો લાલ. ચ૦(૬)**

**શબ્દાર્થ :** પ્રભુની મુદ્રાનો યોગ થતાં (સાધક) પ્રભુની પ્રભુતાને ઓળખી લે છે. દ્રવ્ય અપેક્ષાએ પ્રભુ સાથે સાધર્મ્ય અર્થાત્ સમાનતાથી પોતાની આત્મસંપત્તિની ઓળખ થાય છે. તે ઓળખાણ થતાં પ્રભુ પ્રત્યે બહુમાન જાગે છે અને તેની સાથે તેવા થવાની રુચિ પણ વધે છે. રુચિ અનુસાર વીર્યશક્તિ સ્ફુરે છે અને આત્મરમણતારૂપ ચારિત્રની ધારા સધાય છે. (લખે = ઓળખે; દ્રવ્ય તણે = દ્રવ્ય અપેક્ષાએ; સાધર્મ્ય = સમાનતા, સહધર્મીપણું)

**વિશેષાર્થ :** પ્રભુની પરમ શાંત સમાધિરસથી ભરેલી મુદ્રામાં સાધકને તેમની પ્રભુતાના દર્શન થાય છે. વિકારનો અનંતાંશ પણ રહ્યો નથી એવી વીતરાગતા, અનંત આનંદ અને અનંત શુદ્ધ ગુણોના આસ્વાદથી મળતી પરમ તૃપ્તિ પ્રભુની મુખમુદ્રામાં ઝળકે છે. એ જ છે તેમની પ્રભુતા, તેમનું ઐશ્વર્ય. પ્રભુદર્શનરૂપ નિમિત્ત પણ એટલું પ્રબળ છે કે તેનાથી ''ભાસ્યું આત્મસ્વરૂપ'' (ગાથા - ૧) એમ આત્માનુભૂતિ થતાં હવે **''દ્રવ્ય તણે સાધર્મ્ય''** - મારું આત્મદ્રવ્ય પ્રભુના આત્મદ્રવ્ય જેવું જ છે, દ્રવ્યદૃષ્ટિએ કોઈ ભેદ નથી એવો સાધર્મીપણાનો, સમાનતાનો સાધકને અનુભવ થાય છે. પ્રભુના જેવા જ અનંત ગુણધર્મો મારામાં પણ છે એમ દ્રવ્ય-સાધર્મ્યની શ્રદ્ધા થતાં સાધકને પોતાની અનંત જ્ઞાન-દર્શન-વીર્ય-સુખ આદિ સ્વસંપત્તિની, ઐશ્વર્યની ઓળખ થાય છે - **''સ્વસંપત્તિ ઓળખે હો લાલ.''** માત્ર ફરક એટલો છે કે સાધકની તે સ્વસંપત્તિ અપ્રગટ છે, જ્યારે પ્રભુની પ્રભુતા પ્રગટ છે. જેમ કોઈ નિર્ધન વ્યક્તિને તેના કોઈ સજ્જન સ્નેહી એક દિવસ આવીને બતાવે કે તારી ઝૂંપડીના જ એક ખૂણામાં તારા પૂર્વજોએ સોના-રૂપાનો ચરૂ દાટ્યો છે તો તેને ખોદે એટલી જ વાર છે તેને ધનવાન બનવામાં, તેમ આ સાધકને જ્યારે પ્રભુ અને સદ્‌ગુરુ તેની પ્રભુ જેવી જ આત્મસંપત્તિનું ભાન કરાવે છે ત્યારે સમ્યક્ પુરુષાર્થ કરે એટલી જ વાર છે પોતાની આ સંપત્તિને પ્રાપ્ત કરવામાં. તે પુરુષાર્થ કઈ રીતે ઉપડે તે હવે આગળ કહે છે. **''ઓળખતાં બહુમાન સહિત રુચિ પણ વધે હો લાલ.''** જે સુખ, શાંતિ, સહજાનંદ, પરમ તૃપ્તિની ખોજમાં હું કસ્તૂરી મૃગની જેમ ભટકતો હતો તે સંપત્તિ જેનામાં પૂર્ણપણે પ્રગટી છે એવા શ્રી સુવિધિનાથ પ્રભુ અને તેમની ગુણસંપત્તિ પ્રત્યે સાધકને અત્યંત બહુમાન જાગે છે કે વાહ પ્રભુ ! આપણે બન્ને સાધર્મી હોવા છતાં તું કેવો માલામાલ થઈ ગયો ! શ્રી મોહનવિજયજી મહારાજ કહે છે ને કે :

*''બાળપણે આપણ સસનેહી, રમતા નવ નવ વેષે,*
*આજ તુમે પામ્યા પ્રભુતાઈ, અમે તો સંસાર નિવેષે.''*

બહુમાન થતાંની સાથે સાથે તેવું ઐશ્વર્ય જે પોતામાં શક્તિરૂપે છે તેને પ્રગટાવવાની અત્યંત રુચિ જાગે છે અને ''રુચિ અનુયાયી વીર્ય'' - એ તો જગતનો ત્રિકાળ અબાધિત નિયમ છે કે જે તરફની રુચિ હોય તે તરફ વીર્ય, પુરુષાર્થ ગતિમાન થાય. આત્મિક સંપત્તિની ઓળખાણ, બહુમાન, શ્રદ્ધા, પ્રતીતિ થતાં તે પ્રાપ્ત કરવાની બળવાન રુચિ જાગે

છે. પહેલાં જે જગતની રુચિ હતી તે હવે તુચ્છ લાગતાં તેમાંથી મન ઓસરી જાય છે અને આત્માનુસંધાનમાં જે અલ્પ અતીન્દ્રિય સુખ મળ્યું તે હવે પૂર્ણપણે મેળવવા "માત્ર મોક્ષ અભિલાષ" એમ રુચિની દિશા બદલાય છે. જેમ પેલા નિર્ધનને પોતાના ઘરમાં જ રહેલા ધનનું ભાન થતાં તરત તે પ્રાપ્ત કરવા તે તલપાપડ થાય છે અને તે ખોદીને કાઢવાના પુરુષાર્થમાં સહજપણે લાગી પડે છે, તેમ સાધકને આ રુચિ અનુસાર વીર્ય સ્ફુરે છે અને તે પ્રમાણે તેનો પ્રબળ પુરુષાર્થ ઉપડે છે. હવે રુચિ અનુયાયી વીર્યનું બળ એટલું જોશીલું છે કે ગમે તેવી કર્મોદયરૂપ અડચણોને ગણકાર્યા વગર તે **"ચરણધારા સધે"** - આ વીર્યબળથી તે વિશિષ્ટ આત્મલીનતા, આત્મસ્થિરતારૂપ ચરણધારા-નિશ્ચય ચારિત્રની ધારાએ પરમાત્મપદ સાધવાની દિશામાં તીવ્ર વેગે આગળ વધે છે અને હવે તે પ્રભુપદ પામવાની કેટલો નજીક છે તેનો ઉલ્લાસભર્યા હૃદયે ઉલ્લેખ કરી શ્રી દેવચંદ્રજી ખરેખર તો પોતાની જ ઉત્કૃષ્ટ ભાવદશાનું આપણને દર્શન કરાવી સ્તવનનો ઉપસંહાર કરે છે તે જોઈએ :

**ક્ષાયોપશમિક ગુણ સર્વ, થયા તુજ ગુણરસી હો લાલ, થ૦**
**સત્તા સાધન શક્તિ, વ્યક્તતા ઉલ્લસી હો લાલ; વ્ય૦**
**હવે સંપૂરણ સિદ્ધ, તણી શી વાર છે હો લાલ; ત૦**
**દેવચંદ્ર જિનરાજ, જગત-આધાર છે હો લાલ. જ૦(૭)**

**શબ્દાર્થ :** હે પ્રભુ ! મારા સર્વ ક્ષાયોપશમિક ગુણો આપના (ક્ષાયિક) ગુણોના રસિક બન્યા છે અને તેથી મારી આત્મસત્તાને પ્રગટ કરવામાં સાધનરૂપ આત્મશક્તિ પણ ઉલ્લસિત થઈ છે. હવે સંપૂર્ણ સિદ્ધદશા પામવામાં શી વાર લાગવાની છે ! (આવી સિદ્ધિમાં પુષ્ટ નિમિત્ત) દેવોમાં ચંદ્ર સમાન ઉજ્જવલ જિનેશ્વર પ્રભુ જ જગતના આધાર છે. (ક્ષાયોપશમિક = કર્મોથી વધતે-ઓછે અંશે આવરિત અવસ્થા; સત્તા = આત્મસત્તા; વ્યક્તતા = પ્રગટ થવું)

**વિશેષાર્થ :** શ્રી દેવચંદ્રજી કહે છે કે હે પ્રભુ ! મારા આત્મિક ગુણો જો કે તારા જેવા જ છે, પરંતુ તેમાં એક મોટો ભેદ એ છે કે મારા ગુણો ક્ષાયોપશમિક ભાવે છે, અર્થાત્ તે ગુણોની શક્તિનો ઘણો અંશ કર્મોથી આવરિત છે અને થોડા અંશનો જ ઉઘાડ છે. (ચાલુ વિષયના સંદર્ભમાં અહીં ક્ષાયોપશમિકની સામાન્ય સમજણ આપી છે. તેની વિશેષ સમજણ કોઈ કર્મગ્રંથમાંથી મળી શકશે.) જ્યારે હે પ્રભુ ! તારા સર્વ ગુણો તો ક્ષાયિકભાવે અર્થાત્ કર્મોના સંપૂર્ણ ક્ષયને લીધે પૂર્ણપણે, અમર્યાદિતપણે ખીલ્યા છે. જેમકે, હું કદાચિત્ અપાર શાસ્ત્રજ્ઞાન મેળવી લઉં તો પણ તે ક્ષયોપશમ જ્ઞાન જ છે, જે તારા ક્ષાયિક કેવળજ્ઞાન પાસે સમુદ્રના બિંદુ સમાન છે. પરંતુ હે પ્રભુ ! મારા સદ્‌ગુરુએ જ્યારથી મારામાં સંભાવના જગાડી છે કે હું પણ સર્વ કર્મોનો ક્ષય કરી તારા જેવો બની શકું છું, ત્યારથી મારા સર્વ ક્ષાયોપશમિક ગુણો તારા ક્ષાયિક ગુણના રસિક બની ગયા છે, કહો તો ક્ષાયિક બનવા અધીરા થઈ રહ્યા છે ! અને **"સત્તા સાધન શક્તિ, વ્યક્તતા ઉલ્લસી હો"** - મારી સત્તામાં પડેલી શક્તિને સમ્યગ્‌દર્શન-જ્ઞાન-ચારિત્ર-તપ-ધ્યાન આદિ યોગ્ય સાધન વડે તારી જેમ વ્યક્ત કરવા, પ્રગટ કરવા મારું સમગ્ર વ્યક્તિત્વ ઉલ્લસી રહ્યું છે, થનગની રહ્યું છે. આવા ઉલ્લાસથી મને એવો આત્મવિશ્વાસ જાગ્યો છે કે **"હવે સંપૂર્ણ સિદ્ધ તણી શી વાર ?"** શ્રીમદ્‌જી કહે છે તેમ હવે *"પ્રભુ આજ્ઞાએ થાશું તે જ સ્વરૂપ જો."* એકવાર ક્ષાયિક સમકિત પ્રગટે પછી ક્યાં છેટું છે ? પછી તો વધુમાં વધુ ત્રણ ભવે હે પ્રભુ ! તારી પાસે પહોંચી જઈશ ! દેવોમાં ચંદ્ર સમાન શીતળ અને ઉજ્જવળ હે જિનેન્દ્ર દેવ ! તું જગતનો આધાર છો, જગતના સર્વ જીવનું કલ્યાણ કરનાર છો. તો તારા આ દાસનો પણ તું જ એકમાત્ર આધાર બનીને મને તારા જેવો બનાવશે એવી મને અંતરંગ દૃઢ શ્રદ્ધા છે. તેથી હે મારા નાથ સુવિધિનાથ ! તને

વારંવાર વારંવાર વંદન કરી વિરમું છું.

ગણિશ્રી દેવચંદ્રજી ભક્તિની યુક્તિથી મુક્તિ સુધી કેવી હરણફાળ ભરે છે તે આ સ્તવનમાં આપણે જોયું. પ્રભુદર્શનરૂપ પરમ નિમિત્તનું અવલંબન લઈ તેઓ ક્ષણવાર પણ આત્માનુસંધાન કરવાનું લક્ષ ચૂકતા નથી. એ રીતે આપણને સૌને પ્રભુદર્શન કરવાની સાચી રીત અને લક્ષ બતાવીને અનન્ય ઉપકાર કરતા જાય છે તે માટે ગણિશ્રીને અનેકાનેક વંદન ઘટે છે. હવે જ્યારે જ્યારે આપણે જિનાલયમાં પ્રભુદર્શન, સ્તુતિ, પૂજા કરવા પ્રવેશીએ ત્યાર ત્રણ વાર 'નિસીહિ' બોલતાં ''સકલ વિભાવ ઉપાધિ થકી મનને વોસરાવી'' પ્રભુની સમાધિરસે ભરેલી મુખમુદ્રાને થોડી ક્ષણો માટે એકાગ્રતાથી નિહાળીએ અને તેમના અદૃશ્ય શુદ્ધાત્મતત્ત્વને દૃશ્ય કરી તે વીતરાગી સ્વરૂપને ભાવીએ. પ્રભુ સાથે 'દ્રવ્ય-સામર્થ્ય'રૂપ એકતા કરી, અનાદિથી વિસ્મરણ થયેલા આપણા 'અમલ, અખંડ, અલિપ્ત' સ્વભાવનું સ્મરણ કરી અંતર્મુખતાને સાધીએ. વારંવાર આ રીતે ગણિશ્રીની જેમ પ્રભુદર્શન કરતાં, ભાવશુદ્ધિ વધારતાં વધારતાં કોઈ ધન્ય પળે સ્વાનુભૂતિનો રસાસ્વાદ માણીએ. પછી તો ''સંપૂરણ સિદ્ધ થતાં શી વાર !'' સત્પુરુષોનું યોગબળ આ રીતે આપણું કલ્યાણ કરે એ જ પ્રાર્થના સાથે શ્રી સુવિધિનાથ ભગવંતને કોટિ કોટિ વંદન કરી આ સ્તવનની વિચારણાને અહીં વિરામ આપીએ છીએ. શ્રી દેવચંદ્રજીના આશયથી અલ્પ પણ વિપરીત લખાયું હોય તો સર્વ સત્પુરુષોની સાક્ષીએ ''મિચ્છામિ દુક્કડમ્''. ॥ ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ ॥

**ક્ષમા છે સંવત્સરી પર્વનું નજરાણું**
**એને બનાવીએ જીવનનું સંભારણું.**

પેનથી નહિ પ્રેમથી, હોઠથી નહિ હૈયાથી, અક્ષરથી નહિ અંતરથી, શબ્દોથી નહિ સ્નેહથી, મન-વચન-કાયાથી સંવત્સરીના દિવસે લેતી-દેતી કરવાની છે. ક્ષમા માંગવી અને ક્ષમા આપવી એ આજના દિવસનું મહત્ત્વનું કાર્ય છે. માટે મિચ્છામિ દુક્કડમ્ કહી દિલને હળવું બનાવીએ.

## પર્યુષણ પર્વનું મહત્ત્વ

(પાના નં. ૨૪ પરથી ચાલુ...)

વૃત્તિ રામવૃત્તિ છે. આ પર્વમાં આંતરનિરીક્ષણ કરીએ કે આપણી વૃત્તિ રામની છે કે રાવણની ?

(૫) ધર્મકરણી એ મોક્ષપ્રાપ્તિ કરાવનારી છે. અનશન, ઊણોદરી આદિ બાહ્ય તપ તેમજ પ્રાયશ્ચિત્ત, સ્વાધ્યાય, વિનય, ધ્યાન વગેરે અંતરંગ તપ ઉપરાંત સામાયિક, પ્રતિક્રમણ આદિ કાર્યો અવશ્ય કરીએ.

(૬) સમ્યગ્દર્શન એ મોક્ષપ્રાપ્તિનો પરવાનો છે. સમ્યગ્દર્શન મેળવી, ખોટી માન્યતાને ત્યાગી દઈ, સમ્યગ્દર્શનને જીવનપર્યંત ટકાવવા કઠિન પુરુષાર્થ કરીએ.

(૭) સત્યને ગ્રહણ કરી અસત્યનો ત્યાગ કરીએ.

(૮) દંભને જીવનમાંથી તિલાંજલિ દઈએ. કથની અને કરનીમાં અંતર હોય તો સંસારને વધારનાર છે. દંભને ત્યાગી, સત્ય - સરળતાને અપનાવીએ.

(૯) ધર્મ એ માત્ર ક્રિયા નથી. ધર્મને વ્યવહારમાં અને જીવનમાં ઊતારીએ તો જ જીવન સફળ બને. ધર્મ માત્ર મંદિર, ઉપાશ્રય કે ધર્મ-સ્થાનકની વસ્તુ નથી. તેને મગજ, મન અને હૃદયમાં ઊતારીશું તો જ જીવન સફળ બનશે.

(૧૦) ઉપાશ્રયમાં જઈએ ત્યારે ધર્મી અને બહાર નીકળીને વ્યવહારુ બની જઈએ છીએ - આવી વૃત્તિને ત્યાગી ધર્મને આચાર-વિચાર-વ્યવહારમાં સાચી રીતે અપનાવીએ.

(૧૧) મિથ્યાત્વ એ ૧૮ પાપમાંનું સૌથી મોટું પાપ છે. આથી તેને છોડી સમ્યક્ દૃષ્ટિ કેળવીએ. બસ, આવી રીતે કરેલું ધર્મનું આચરણ જ આપણને આત્મામાંથી પરમાત્મા બનાવશે. જીવન સફળ બનાવશે. ■ ■ ■

# જૈનોનું મહાન પર્વ

વિભાબેન સુધીરચંદ્ર મહેતા

જૈનધર્મીઓ સામાન્ય રીતે સમગ્ર વર્ષ દરમિયાન તપશ્ચર્યા, પ્રતિક્રમણ, સામાયિક, સત્સંગ, સ્વાધ્યાય, જિનમંદિરમાં સેવાપૂજા જેવી આરાધના કરી જીવનમાં વ્યવહાર કરતાં હોય છે. પરંતુ વિશેષપણે શ્રાવણ માસના છેલ્લા ચાર દિવસ અને ભાદરવાના પ્રથમ ચાર દિવસ મળીને કુલ આઠ દિવસ દરમિયાન પર્યુષણના પુનિત પર્વનું ઉજવણું કરે છે. આ આઠ દિવસના પર્વાધિરાજમાં સંયમપૂર્વક સમય ગાળી, સમગ્ર વર્ષ દરમિયાન સહુ પ્રત્યે સમભાવ અને સદ્‌ભાવ રાખી, આત્મસાધનામાં પ્રવૃત્ત રહેવાનો તથા સમતાભાવ કેળવવાનો સઘન પ્રયત્ન કરતાં રહે છે. સામાન્ય રીતે સંસારી વ્યક્તિને સાંસારિક કર્તવ્યોમાં તથા જવાબદારીની જંજાળમાં ધાર્મિક અનુષ્ઠાનોનો સમય રહેતો નથી. આત્માભિમુખ થવાની તક મળવા છતાં તેનો લાભ લઈ શકતા નથી. પર્યુષણ પર્વ દરમ્યાન આત્મસન્મુખ બની આત્મ-સાધનામાં સ્થિર થવાની ભાવનાથી પર્વની ઉલ્લાસપૂર્વક ઉજવણી કરે છે.

પર્યુષણનો પ્રચલિત અર્થ પરિ-ચારે બાજુથી, ઉસ - વસવું. ચારે બાજુથી આત્માની સમીપ રહેવું. પર્યુષણનો બીજો અર્થ છે 'પર્યુશમન' એટલે તમામ પ્રકારની શાંતિ ચિત્તમાં ધારણ કરવી. અનંત કાળથી આત્મા મોહ - મિથ્યાત્વ, કષાય અને અજ્ઞાનમાં વસે છે. માનવીની તૃષ્ણાઓ આકાશ જેટલી અનંત છે. તૃષ્ણાઓથી ઘેરાયેલો મૃગજળ સમી ઈચ્છાઓ પૂરી કરવા સંસારમાં ચારે બાજુ આંધળી દોટો મૂકે છે. ભૌતિક તૃષ્ણાથી બહાર આવવા માટે આત્મશુદ્ધિ મહત્ત્વની છે. આત્માની નિકટતા પ્રાપ્ત કરી, વિભાવથી સ્વભાવ તરફ વળવાનું, જીવનની સરગમ પર સ્નેહના સૂર છેડવાનું, જાતમાં જીવવાની રીત બતાવતું, સહુના પ્રત્યે આંતરપ્રીત જગાડનારું, પ્રાણીમાત્રને પ્રેમનો સંદેશો આપવાનું, પ્રભુભક્તિની આરાધના કરવાનું તથા તપ, ત્યાગ, ક્ષમા, અહિંસા, અચૌર્ય, મૈત્રીભાવ, કરુણા આદિ ગુણોને વિકસાવવાનું આ પવિત્ર મંગલકારી પર્વ છે.

ધર્મસ્થાનોના વાતાવરણમાં અને ધર્મીજનોના વિચારવર્તુળમાં એકમાત્ર આરાધનાનો અનાહત્ નાદ ગૂંજી રહ્યો છે. આ ધર્મભાવના દૃઢ થઈને નિત્ય ધર્મકાર્ય કરવાનું પ્રેરણાબળ ટકી રહે તે હેતુથી જ્ઞાની પુરુષોએ પાંચ પ્રકારની વિશેષ આરાધનાનો ક્રમ મૂક્યો છે :

(૧) **અમારિ પ્રવર્તન :** નિર્દોષ પ્રાણીની રક્ષા કરવી.

(૨) **પરસ્પર ક્ષમાપના :** સર્વજીવ પ્રત્યે ક્ષમાભાવનું આદાન-પ્રદાન.

(૩) **સાધર્મિક વાત્સલ્ય :** ધર્મપ્રેમી બંધુઓનું બહુમાન કરવું.

(૪) **અઠ્ઠમ તપ :** ત્રણ દિવસ ઉપવાસ - આત્મ ઉપાસના.

(૫) **ચૈત્યપરિપાટી :** જિનમંદિરમાં ભક્તિભાવના, દેવદર્શન, સેવાપૂજા.

આ ઉત્તમ ધર્મકરણી છે. વિવિધ આરાધના થતાં જીવનમાં પરિવર્તનનો પવન ફૂંકાય છે. પર્વના પીયૂષ પીવાના આ પનોતા દહાડા છે. આત્મભાવની નિકટ રહી, આત્મામાં જ રમણતા કરી, અનેક પ્રકારના કષાયો અને વિકારોથી શાંતિ પામી ધર્મકાર્યોમાં મનને પરોવવાનું આ મહાન પર્વ છે.

પ્રભુ મહાવીરનું તત્ત્વજ્ઞાન કહે છે કે આત્મામાં અનંત દર્શન, અનંત જ્ઞાન, અનંત સુખ અને અનંત

વીર્યનો ભંડાર ભરેલો છે. તેના ઉપર કર્મના આવરણો આવી જવાથી આપણને તેના દર્શન થતાં નથી, માટે જ્ઞાન ઢંકાઈ ગયું હોય છે. પરંતુ અહિંસા, તપ અને સંયમ દ્વારા કર્મરૂપી બંધનોનો ક્ષય કરી આત્માને મૂળ સ્વરૂપે પ્રગટ કરી શકાય તે માટે પ્રભુએ જગતના જીવોને કલ્યાણનો માર્ગ આપ્યો છે. જેમને પણ આત્માનો ઉદ્ધાર કરવો હોય તે બધાએ જગતના સર્વ જીવનું કલ્યાણ કરવું. જગતના સર્વજીવ સાથે મૈત્રી રાખવી.

પર્યુષણ પર્વના મહાન દિવસો ધર્મ-આરાધનામાં આનંદમંગલ સાથે ઉજવાઈ રહ્યાં છે. ભક્તિસભર વાતાવરણમાં પાંચમા દિવસે 'કલ્પસૂત્ર'નું વાંચન ધર્મસ્થાનકોમાં થાય છે. કલ્પ એટલે આચાર. જૈન ધર્મએ વિચાર અને ભાવનાનો મહિમા ગાયો છે. અંતરને નિર્મળ કરનારું અને બાહ્ય શત્રુને બદલે અંતરશત્રુ સામે ઝઝુમવાનું બળ આપનારું શ્રી કલ્પસૂત્ર આત્માની ઓળખની દીવાદાંડી સમાન છે. આ ગ્રંથના વાંચન દરમ્યાન ભગવાન મહાવીરના જન્મપ્રસંગનું ભાવભર્યું આલેખન વંચાય છે. ત્રિશલા માતાને આવેલા ચૌદ સ્વપ્નાની ઉછામણી કરી શ્રદ્ધાપૂર્વક તે પ્રસંગને ધામધૂમપૂર્વક ઉજવાય છે. પર્યુષણ પર્વના પ્રત્યેક અનુષ્ઠાનનો સાર સમતા છે. સમતાને જોડવી અને મમતાને તોડવી એ આ પર્વનો અર્ક છે.

જોતજોતામાં પર્યુષણના પવિત્ર સાત-સાત દિવસોમાં ધર્મઆરાધનાના રંગે રંગાઈ ગયેલા ધર્મઉપાસકો ભાવવિભોર બની ગયા છે. સંવત્સરીનો મહાન દિવસ આવ્યો છે. અંતરની નિર્મળ ભાવનાથી સંવત્સરી પ્રતિક્રમણ કરી એકબીજાને 'મિચ્છામિ દુક્કડમ્' કરે છે. ક્ષમાનું આદાનપ્રદાન આ પર્વનું હાર્દ છે. કષાયના અગ્નિને ઠારી ક્ષમાનું મધુર ઝરણું પ્રગટાવવાનું છે. ક્ષમા એ આત્માનો ધર્મ છે. સર્વ જીવને ક્ષમાયાચના કરી પ્રાર્થે છે કે

"ખમાવું બધા જીવને, આજ પ્રીતે,
ખમો તે બધા, મુજથી સર્વ રીતે;
બધા જીવમાં મિત્રતાને પ્રસારું,
નથી કોઈ સાથે વૈર મારું."

• • •

**પુસ્તક સમાલોચના** (પાના નં. ૩૧ પરથી ચાલુ...)

આ પુસ્તકમાં વૈશ્વિક મહામંત્ર, શ્રીમદ્જીનાં સાહિત્યમાં આધ્યાત્મિક મૂલ્યો, શ્રીમદ્ રાજચંદ્રજી અને જૈન સંતો, કર્મના કોર્ટની કરામત, નિર્જરાભાવના, સૂક્ષ્મ હિંસાનું સ્વરૂપ જેવા ૩૩ વિષયો પર લેખકે સરળ છતાં સચોટ ભાષામાં વિવેચન કર્યું છે.

**[૫] પુસ્તકનું નામ : सम्मूर्च्छिम मनुष्य : आगमिक सत्य, विशुद्ध परंपरा**

**લેખક :** આચાર્યપ્રવર શ્રી રામલાલજી મ.સા. • **પૃષ્ઠસંખ્યા :** ૩૨૦

**આવૃત્તિ :** પ્રથમ, જૂન ૨૦૧૮ • **મૂલ્ય :** રૂા. ૫૦૦/-

**પ્રકાશક :** સાધુમાર્ગી પબ્લિકેશન - સમતાભવન, નોખા રોડ, ગંગાશહર, બીકાનેર-૩૩૪૪૦૧ (રાજસ્થાન). ફોન : (૦૧૫૧) ૨૨૭૦૨૬૧, ૩૨૯૨૧૭૭

**પ્રાપ્તિસ્થાનો :** (૧) શ્રી રીતા બાંઠિયા. મો. ૯૪૦૯૫ ૧૧૨૦૦
(૨) પંકજજી કાંકરિયા : મો. ૮૮૬૭૦ ૬૧૦૦૮

આગમમાં વર્ણીત સમ્મૂર્ચ્છિમ મનુષ્યો વિષયક અનેક ભ્રાંતિઓ જોવા મળે છે. આ શોધગ્રંથમાં આગમપ્રમાણ સાથે, સૂત્રરત્નોથી નિર્મિત ઉપરોક્ત વિષયની જાણકારી આપવામાં આવી છે. તત્ત્વરસિકો માટે આ પુસ્તક જ્ઞાનવર્ધક છે.

# પર્યુષણ પર્વનું મહત્ત્વ

પારુલબેન ભરતભાઈ ગાંધી

પર્વાધિરાજ પર્યુષણ પર્વ એ આત્માને જગાડનાર પર્વ છે. અનંતકાળથી મોહની નિદ્રામાં પોઢેલો આત્મા પર્યુષણપર્વરૂપી પડકાર આવતાં જાગી જાય છે. જે જાગે છે તે આગળ વધે છે ને મોક્ષરૂપી મંજિલે પણ પહોંચે છે. પર્યુષણ પર્વ એ લોકોત્તર પર્વ છે. લોકોત્તર પર્વ એટલે જેની પાછળ ભૌતિક દૃષ્ટિ નથી. ખાવું-પીવું, મોજ-મજા, હરવું-ફરવું એ ઉદ્દેશ નથી. પર્યુષણ પર્વની પાછળ આધ્યાત્મિક દૃષ્ટિ રહેલી છે. એમાં ભોગને નહિ, ત્યાગને મહત્ત્વ આપવામાં આવ્યું છે. આરંભ-સમારંભ, હરવું-ફરવું, નાટક-સિનેમા વગેરેનો ત્યાગ કરી દાન, શીલ, તપ અને ભાવ દ્વારા આત્માને વિશેષ શુદ્ધ બનાવતું પર્વ છે. ઊર્ધ્વગતિ તરફ ગમન કરી મોક્ષરૂપી શિખરે પહોંચાડનાર પર્વાધિરાજ પર્યુષણને એટલે જ લોકોત્તર પર્વ કહેવામાં આવેલ છે.

પર્યુષણને પર્વાધિરાજનું બિરુદ આપવામાં આવ્યું છે તેના કારણો જોઈએ તો, આધ્યાત્મિક દૃષ્ટિ ધરાવનાર પર્વમાં શિરમોર છે. વળી, આ પર્વ અરિહંતોએ બતાવેલ છે, અનાદિકાળથી છે. ભરત અને ઐરાવત ક્ષેત્રમાં ધર્મકાળમાં તથા મહાવિદેહમાં સદાકાળ પર્યુષણ ઊજવાતા આવ્યા છે અને ભવિષ્યમાં પણ ઊજવાશે. ૧૦૮ વિજયોમાં ઉજવાતા પર્યુષણ અનંતા તીર્થંકરોએ ઊજવ્યા અને હજુ અનંતા તીર્થંકરો ઊજવશે. વળી, આ પર્વ જૈન ધર્મની સ્મૃતિરૂપ છે, ધર્મના હાર્દરૂપ છે. પર્વ ન હોય તો ધર્મ ઝાંખો પડી જાય અને ધર્મ ન હોય તો માનવી પશુ બની જાય. આમ, ધર્મની આરાધના કરવાની આલબેલ પોકારતા પર્યુષણને અંતરને ઢંઢોળનાર, આત્મશુદ્ધિ કરનાર તથા મોક્ષમાર્ગે સંવેગ વધારીને પ્રેક્ષા કરવા, જ્ઞાનનું સરવૈયું કાઢનાર પર્વ તરીકે ઓળખી શકાય.

આ પર્યુષણ પર્વના આઠ જ દિવસ શા માટે ?

(૧) કર્મ આઠ છે, આઠે કર્મનો ક્ષય કરી આત્માની મંજિલ પરમાત્મા એટલે કે મોક્ષને મેળવવા માટે પુરુષાર્થ કરવાનો છે માટે.

(૨) સિદ્ધિઓ આઠ છે. આ આઠેય સિદ્ધિ મેળવી, તેના દ્વારા શાસનપ્રભાવના કરી મોક્ષમંજિલને પ્રાપ્ત કરવા માટે પર્યુષણના આઠ દિવસ છે.

(૩) સાત દિવસ સાધના - આરાધનાના અને એક દિવસ સિદ્ધિનો એમ આઠ દિવસ છે.

(૪) મંગલ આઠ, આત્માના રુચક પ્રદેશ પણ આઠ, સિદ્ધ ભગવાનના ગુણ પણ આઠ.

(૫) લોકો રોજેરોજ ઘરને સાફ કરતાં હોવા છતાં પર્વ જેવા કે દિવાળી, નવરાત્રિ વગેરે આવે ત્યારે આખા ઘરમાં ધૂ-જાળા કરે છે, અર્થાત્ ખૂણેખાંચરેથી કચરો કાઢે છે તેવી રીતે સંવત્સરી મહાપર્વના દિવસે પોતાના આત્માને લાગેલા દોષોની આલોચના કરી, ક્ષમાપના દ્વારા આત્માને લાગેલા દોષોની આલોચના કરી, ક્ષમાપના દ્વારા આત્માને હળવોફુલ બનાવવા, મૈત્રીભાવને હૃદયમાં સ્થાપવા પ્રથમ સાત દિવસ તૈયારીરૂપે અને આઠમો દિવસ પ્રેક્ટીકલ.

આવા લોકોત્તર, આધ્યાત્મિક, શિરમોર પર્વનું મહત્ત્વ અદકેરું છે. આ પર્વ શાશ્વતા છે. દરેક તીર્થંકરોના સમયમાં ઊજવાય છે. આ દિવસો આત્માને સાધના-આરાધના કરવા જગાડનાર એલાર્મ છે. આ પર્વની સમ્યક્ રીતે આરાધના થાય તો આત્મા મોક્ષને પ્રાપ્ત કર્યા વગર રહે નહીં. પાપથી દૂર કરી આત્માને પુણ્યવંત બનાવનાર, હિંસાના

બીજને ઊખેડી અહિંસાના બીજનું આરોપણ કરનાર પર્વ છે. સમસ્ત સંસારને સંગ્રામ નહીં, ક્ષમાનો સંદેશો સુણાવતું પર્વ છે. ક્ષમાના માધ્યમથી જ માનવી ભવસાગર પાર કરી જાય છે. મંત્રોમાં નવકારમંત્ર, દાનમાં અભયદાન, વ્રતોમાં બ્રહ્મચર્ય, ગુણમાં વિનય તેમ પર્વમાં શ્રેષ્ઠ પર્યુષણ છે.

જેમ વેપારી વેપારની સીઝનમાં આખા વર્ષની કમાણી કરી લે તેમ ધર્મી જીવ આ પર્વમાં દાન, શિયળ, તપ, ભાવ, સદાચાર, સંયમ, પ્રતિક્રમણ, પૌષધ આદિ અનુષ્ઠાનો દ્વારા ધર્મની કમાણી કરી લે છે. જીવ ધારે તો પુરુષાર્થ ઉપાડી આઠ દિવસમાં આઠ ભવની કમાણી કરી શકે છે. વળી, આ દિવસોમાં માનવી કંઈને કંઈ ધર્મ કરવા દ્વારા પુણ્યઉપાર્જન, કર્મનિર્જરા કરે છે. તપ-ત્યાગની હેલી વરસે છે.

પર્યુષણનું મહાપર્વ સંવત્સરી એ ધર્મનો પ્રાણ છે, હૃદય છે. જેમ હૃદય વગર જીવી ન શકાય તેમ ક્ષમાપના વિનાની સર્વ આરાધના એકડા વગરના મીંડા જેવી છે. સહી વગરના ચેક જેવી છે. ક્ષમાપના હાર્દ હોવાને કારણે જ ક્ષમા વિના આરાધકપણું જ નથી તો અરિહંતપણું તો ક્યાંથી જ હોય ?

આ દિવસને સંવત્સરી કહીએ છીએ કારણકે તે વર્ષે એકવાર આવે છે. સંવત્સરી પર્વનો સંદેશ જ ક્ષમા છે. "ખમવું અને ખમાવવું" એ જ આ પર્વનું હાર્દ છે. સમતા, ક્ષમાભાવ એ અપૂર્વ ઔષધ છે. સંતાપનો કારક એવા ક્રોધ અને વૈમનસ્યને તજીને જે જીવ સમતારૂપી અમૃતનું પાન કરે છે ત્યારે તેને પરમ સુખનો અનુભવ થાય છે. ક્ષમા એ મોક્ષનો હાઈ-વે છે.

જ્યારે વેરી પ્રત્યેના વેરનું શમન ન થતું હોય ત્યારે યાદ કરીએ એ ગજસુકુમારને કે જેમણે મારણાંતિક ઉપસર્ગ સહન કર્યો પણ પ્રતિકાર ન કર્યો. કેવી વેદના ! છતાં ચૂં કે ચા કર્યા વગર સમભાવે સહન કર્યું. પોતે ત્રણ ત્રણ ખંડના અધિપતિ એવા શ્રીકૃષ્ણ વાસુદેવના નાના ભાઈ. તેઓ ધારત તો સોમિલને ઘડી બેઘડીમાં હતો-નહોતો કરી દેત, છતાં તેણે અવળું જ વિચાર્યું કે બધાના સસરા તો કપડાંની પાઘડી પહેરાવે છે, જ્યારે મારા સસરા મને મોક્ષની પાઘડી પહેરાવી રહ્યા છે ! કારમી વેદનામાં પણ મનના પરિણામ કેવા નિર્મળ ! કારમો મારણાંતિક ઉપસર્ગ છતાં કેવી અજબની સહનશીલતા ! આવી સહનશીલતા અને મનની નિર્મળતાને કારણે તેમનો આત્મા ઉપર ચડતો ગયો, ચડતો જ ગયો અને કેવળજ્ઞાન, કેવળદર્શન પામી ગયો.

યાદ કરીએ એ ધર્મરુચિ અણગારને કે જેમણે ન કલ્પે તેવો આહાર પરઠી દેવાને બદલે, જીવહિંસા થાય તે શક્યતા જોતાં પોતાના પેટને નિરવદ્ય સ્થાન માની તેમાં પધરાવી દીધો. આવું ઝેરી શાક વહોરાવનાર નાગેશ્રી બ્રાહ્મણી પ્રત્યે ક્રોધનો જરાપણ ભાવ નહિ, કોઈ રોષ નહિ. બસ, કોઈપણ જીવની હિંસા ન થાય એ જ ભાવ. આ ભાવને કારણે જ તેઓ તો પોતાનું કાર્ય સિદ્ધ કરી ગયા, પણ નાગેશ્રી છઠ્ઠી નરકની મહેમાન બની ગઈ.

સંવત્સરીના - પર્યુષણના આ લોકોત્તર પર્વને કેટલાક નિયમો ગ્રહણ કરી ઉજવશું તો મનુષ્યભવ સાર્થક થઈ જશે :-

(૧) વેરને ઉપશમાવી, હૃદયમાં પ્રેમને ધારણ કરીએ.

(૨) ક્રોધ-માન-માયા-લોભ ચાર કષાયોને ત્યાગી ક્ષમા-સરળતા-નમ્રતા-સંતોષને હૃદયમાં ધારણ કરીએ.

(૩) મારા-મારાનો મમત્વભાવ છોડી, દુનિયાના સર્વ જીવ પ્રત્યે મૈત્રી-પ્રેમભાવ રાખીએ.

(૪) કોઈની વસ્તુ છિનવી લેવાનો પ્રયત્ન ન કરીએ - એવી વૃત્તિ રાવણવૃત્તિ છે. મારી વસ્તુ પણ જતી કરી દેવી પડે તો વાંધો નહિ - એવી

**(અનુસંધાન પાના નં. ૨૦ પર...)**

# ચાતુર્માસમાં શિરમોર પર્વ - શ્રી પર્યુષણ મહાપર્વ

**પૂર્ણિમાબેન શાહ**

જૈનધર્મમાં ત્રણ ચાતુર્માસ આવે છે -

(૧) **કારતક ચાતુર્માસ :** કારતક, માગશર, પોષ, મહા

(૨) **ફાગણ ચાતુર્માસ :** ફાગણ, ચૈત્ર, વૈશાખ, જેઠ

(૩) **અષાઢી ચાતુર્માસ :** અષાઢ, શ્રાવણ, ભાદરવો, આસો

ચાતુર્માસ એ જૈન પરિભાષાનો શબ્દ છે. આ ત્રણ ચાતુર્માસમાં અષાઢી ચાતુર્માસનું આગવું અને અતિશય મહત્વ છે. અનન્ય મહત્ત્વ છે.

અષાઢ સુદ - ૧૪ના દિવસે પાક્ષિક (પખ્ખી) પ્રતિક્રમણ કરવામાં આવે છે. આ પ્રતિક્રમણમાં આગળના ચાર મહિનામાં થયેલા પાપોની શુદ્ધિ કરવામાં આવે છે.

વર્ષ દરમ્યાન છ અઠ્ઠાઈ અઠ્ઠાઈ આવે છે, એમાંની છ અઠ્ઠાઈ અષાઢી ચાતુર્માસમાં આવે છે.

જૈન ધર્મના સર્વ પર્વોમાં શ્રેષ્ઠ પર્વ શ્રી પર્યુષણ મહાપર્વ પણ આ ચાતુર્માસમાં આવે છે.

ભગવાન મહાવીરના શાસનમાં સાધુ-સાધ્વીજીઓ માટે નવકલ્પી વિહારનું વિધાન છે. અષાઢી ચાતુર્માસ સિવાયના આઠ મહિનામાં તેઓશ્રી જુદા જુદા ક્ષેત્રોમાં વિહાર કરી શકે છે, જ્યારે અષાઢી ચાતુર્માસ (ચોમાસામાં) તેઓને એક જ ગામ કે નગરમાં રહેવાનું હોય છે.

અષાઢ ચોમાસામાં ઘણું કરીને વર્ષાઋતુ હોય છે. આ સમયમાં પાણી અને ભેજને કારણ કાદવ-કીચડ અને જીવોની ઉત્પત્તિ ઘણી હોય છે. આ જીવોની રક્ષાને માટે જ ચાતુર્માસમાં વિહારનો નિષેધ છે. ભૂતકાળમાં મહાત્માઓએ ચાર ચાર માસના ઉપવાસ કર્યાના કિસ્સાઓ બન્યા છે.

શ્રી મહાવીર પ્રભુએ પણ ચાતુર્માસ દરમ્યાન ચાર-ચાર માસના ઉપવાસ કર્યા હતા. ચાતુર્માસમાં અધિકાંશ વર્ષાઋતુ હોય છે. સામાન્યપણે શ્રાવણ વદના અંતિમ ચાર દિવસ અને ભાદરવા સુદના પ્રથમ ચાર દિવસ એમ આઠ દિવસ પર્યુષણ મહાપર્વના મનાય છે. એને અઠ્ઠાઈઘર પણ કહેવાય છે.

પર્યુષણ શબ્દનો અર્થ છે, "ચારે બાજુથી આત્મામાં રહેવું." આનો અર્થ એવો કરી શકાય કે આ પવિત્ર પર્વમાં આઠ દિવસ સાંસારિક પ્રવૃત્તિ છોડીને ધાર્મિક અને આત્મકલ્યાણકારી પ્રવૃત્તિઓમાં પ્રવૃત્ત થવું.

પરમકૃપાળુદેવે કહ્યું છે -

જ્ઞાન, ધ્યાન, વૈરાગ્યમય, ઉત્તમ જહાં વિચાર,
એ ભાવે શુભ ભાવના, તે ઉતરે ભવપાર.

ભાવના એટલે વિચારણા. આપણા મનમાં જે સાંસારિક પ્રવૃત્તિઓની વિચારણા તથા કામક્રોધાદિ મલિન વાસનાઓ ભરી છે તેને દૂર કરવા અને તેને સુવિચારથી સુગંધિત કરવા અનિત્યાદિ બાર ભાવનાઓની વિચારણા આવા પર્વદિવસોમાં ઉપયોગી બને છે.

શાસ્ત્રોમાં ચાતુર્માસના નવ અલંકાર બતાવ્યા છે. આમાંના જેટલા બની શકે એટલા પર્યુષણ પર્વમાં કરવા જોઈએ. તેના નામ છે - સામાયિક, પ્રતિક્રમણ, પૌષધ, જિનપૂજા, સ્નાત્રપૂજા, પ્રતિમાજીને ઉત્તમ દ્રવ્યોથી વિલેપન પૂજા, બ્રહ્મચર્યનું પાલન, દાન અને તપશ્ચર્યા.

ઘણા ધર્મિષ્ઠ આત્માઓ આ બધું બારેમાસ કરતા હોય છે, પરંતુ તે જેમનાથી ન બની શકે એવું હોય તેમણે પર્યુષણ મહાપર્વમાં બને તેટલું કરવું

જોઈએ.

પરમકૃપાળુદેવે તો એટલે સુધી કહ્યું છે કે - "આ બાર ભાવનાઓ મનનપૂર્વક નિરંતર વિચારવાથી સત્પુરુષો ઉત્તમ પદને પામ્યા છે, પામે છે અને પામશે."

તે ઉપરાંત ચાતુર્માસમાં તપશ્ચર્યાનું મહત્ત્વ પણ સ્વીકારવામાં આવ્યું છે. શરીરના સ્વાસ્થ્ય અને મનના સંયમમાં તે ઉપયોગી થાય છે.

શ્રી પર્યુષણ પર્વના આઠ દિવસના વ્યાખ્યાનમાં શ્રી કલ્પસૂત્ર વાંચન, સુદી - ૧ ના દિવસે શ્રી મહાવીર પ્રભુનું જન્મવાંચન, ગણધરવાદ તથા સુદી ૪ના દિવસે સંવત્સરી પ્રતિક્રમણ હોય છે. તેમાં વર્ષ દરમ્યાન જાણતાં-અજાણતાં થયેલાં પાપોનું પ્રાયશ્ચિત્ત કરવામાં આવે છે અને સર્વજીવની ક્ષમા માંગવામાં આવે છે. આવી ઉત્તમ અને સૂક્ષ્મ વિચારણા કે જેનાથી આત્માના પાપકર્મો ખરી જાય છે એવી વિચારણા વીતરાગ પ્રભુના શાસન સિવાય બીજા કોઈ ધર્મમાં જણાતી નથી ! તેથી જ શ્રીમદ્ રાજચંદ્રજીએ કહ્યું છે, "જૈન જેવું એક્કે પૂર્ણ અને પવિત્ર દર્શન નથી; વીતરાગ જેવો એક્કે દેવ નથી, તરીને અનંત દુઃખથી પાર પામવું હોય તો એ સર્વજ્ઞ દર્શનરૂપ કલ્પવૃક્ષને સેવો."

આપણે બોલીએ છીએ :

"ભાવે ભાવના ભાવીએ, ભાવે દીજે દાન;
ભાવે જિનવર પૂજીએ, ભાવે કેવળજ્ઞાન."

આ સર્વ વિચારણાઓનો સાર એક વાક્યમાં કહીએ તો પળે પળે આત્મવિચારણા એટલે જ પર્યુષણ પર્વ, પળે પળે પ્રાર્થના એટલે 'શ્રી પર્યુષણ મહાપર્વ'. પળે પળે પાપોનું પ્રતિક્રમણ અને ક્ષમાયાચના એ જ 'શ્રી પર્યુષણ મહાપર્વ'.

નાના બાળકની જેમ આપણે પણ આ મહાપર્વના શુભ દિવસે પરમપિતા પરમાત્મા પાસે શુભ ભાવના ભાવીએ -

- હે પ્રભુ ! સંસારમાં અમે જન્મદિવસની ઉજવણી ઘણી હોંશથી કરીએ છીએ. એવો દિવસ ક્યારે આવશે કે જ્યારે અમે આપના જન્મકલ્યાણકની ઉજવણી કરીશું ?
- હે પ્રભુ ! અમને વાહનમાં બેસવાનું ઘણું ગમે છે, એવો દિવસ ક્યારે આવશે કે અમે વિહાર કરીને ચાલતા જઈશું ?
- હે પ્રભુ ! અમને રંગબેરંગી અને સુંદર વસ્ત્રો પહેરવાનું ઘણું ગમે છે. એવો દિવસ ક્યારે આવશે કે જ્યારે અમે શ્વેત વસ્ત્રો પરિધાન કરીશું ?
- હે પ્રભુ ! અમને સ્વાદિષ્ટ ભોજન બહુ જ ભાવે છે. એવો દિવસ ક્યારે આવશે કે જ્યારે અમે ઉપવાસ, આયંબિલ, એકાસણા વગેરેની તપસ્યા કરીશું ?
- હે પ્રભુ ! અમે કાચના અને સ્ટીલના વાસણોમાં ખાઈએ છીએ. એવો દિવસ ક્યારે આવશે કે જ્યારે અમે પાત્રમાં ગોચરી લાવીને વાપરીશું ? અથવા કરપાત્રમાં આહાર કરીશું ?
- હે પ્રભુ ! અમે અમારા સત્કાર્યોથી અન્યોને સુખ-શાંતિ આપી શકીએ એવો દિવસ ક્યારે આવશે ?
- હે પ્રભુ ! મેં મારા જીવનની સફળતા માટે યોજનાઓ બનાવી છે. એવો દિવસ ક્યારે આવશે કે જ્યારે હું મારા આવતા ભવનું આયોજન કરી શકીશ ?
- હે પ્રભુ ! અત્યાર સુધી અમે સંસારીઓ સાથે સ્થળે સ્થળે વિચર્યા છીએ - વિચરીએ છીએ - એવો દિવસ ક્યારે આવશે કે જ્યારે અમે અમારા કલ્યાણમિત્રો સાથે વિચરીશું ?
- હે પ્રભુ ! અમે અનંતભવોમાં અનેક ઘરો બદલ્યા છે, એવો દિવસ ક્યારે આવશે કે અમે અમારા શાશ્વત ઘર (મોક્ષમાં) જઈશું ? ■

# પર્યુષણ પનોતાં

**ભાનુબેન ડી. શાહ**

ઓહ ! આવી રહ્યાં છે, પનોતાં પર્વ,
વધાવીએ સૌ ભક્તો, ગૌરવથી સહ ગર્વ. (૧)
આનંદ, પ્રસન્નતા પામો, ધર્મ કરો સર્વ,
ધર્મ છે સમતામાં, બાંધો પુણ્ય ખર્વ નિખર્વ. (૨)
સંસાર તો છે શાશ્વત, નથી તેનો કદી આરો,
પ્રભુને ભજી લ્યો, કરી દેશે ભવસાગર પારો. (૩)
પર્યુષણના દિન અષ્ટ, ધર્મથી થશે કમ કષ્ટ,
એટલે જ પ્રભુએ પુનિત દિન આપ્યા, સૌમાં વિશિષ્ટ.(૪)
કષાય કાપવા કરી લ્યો, પચ્ચક્ખાણ તમે પૂર્ણ,
વિષયોનું વમન, આત્મ-શમન, કર્મોનું થશે ચૂર્ણ.(૫)
ધાર્મિક અનુષ્ઠાનો શુદ્ધ ભાવથી, થશે કર્મ શુદ્ધિ,
શ્રવણ, દર્શન, પૂજા, શાસ્ત્રવાચન, કરો કુશાગ્ર બુદ્ધિ.(૬)
જ્ઞાન પિછાણશે, કરશે આત્માની જાણ પહેચાન,
દેહને ધર્મસાધન ગણો, પામો આત્માનું સત્‌ભાન.(૭)
પર્યુષણમાં લહાવો લેવો, દાન, શીયળ, તપ સદ્‌ભાવ,
સૌને આત્મવત્ ગણી લ્યો, છાંડો સર્વ વિભાવ.(૮)
શુદ્ધભાવ આત્માનો સર્વથી વડો, ગણો નિત,
શીઘ્ર કર્મમુક્તિ પામો, થશે સિદ્ધાસન સહ પ્રીત.(૯)
અનંતા સિદ્ધો જ્યાં બિરાજે, રાગથી દૂર સુદૂર,
જન્મમરણ ગયા તેમના, ત્યાં અનંત સુખના પૂર.(૧૦)

આ પર્વમાં સૌથી પહેલા આપણે પગને શક્તિશાળી બનાવીએ છીએ. ગૃહકાર્ય પતાવીને દેરાસર કે ઉપાશ્રયમાં અતિ ઉતાવળા થઈને પ્રભુની સન્મુખ પહોંચીએ છીએ. પ્રભુનું મુખદર્શન કરતા આપણો આત્મા પૂર્ણિમાના ચંદ્રની જેમ સોળે કળાએ ખીલી ઊઠે છે. તેના એક એક પ્રદેશ આનંદથી વિકસિત થઈ જાય છે. ઉત્સાહ-ઉમંગની કોઈ અવધિ રહેતી નથી. પ્રતિમાજી આપણા ધર્મભાવને ઉલ્લસિત અને ઉછરંગમય કરી નાખે છે. પૂજા કરતા પ્રતિમાજીનો ભક્તિસભર, સ્નેહલીંપ્યો સ્પર્શ અદ્‌ભુત પ્રસન્નતાનો પ્રસાદ આપે છે. પ્રભુજીની પ્રતિમાના ખોળામાં સાક્ષાત્ સ્વર્ગ જિનાલયમાં ઉતરી આવ્યું હોય તેવું લાગે છે. પ્રભુજીની પ્રશાંત મુખમુદ્રા, અમીરસ-ઝરણાં વહાવતી આંખો અને તે સમયે થતું પ્રભુજીના જીવનપ્રસંગોનું પ્રેરક, પ્રોત્સાહક, પાવન, સ્મરણ - આપણને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરવાની ઈચ્છાને બળ આપે છે અને આપણે ઝૂકી જઈએ છીએ.

"અમિય ભરી મૂરતિ રચી રે, ઉપમા ન ઘટે કોય;
શાંત સુધારસ ઝીલતી રે, નિરખત તૃપ્તિ ન હોય.
વિમલજિન દીઠાં લોયણ આજ..."

જેમ એક એક ધાર્મિક પ્રવૃત્તિ કરતા જઈએ તેમ તેમ તારી ભક્તિની ઝંખના વધુને વધુ પ્રબળ થતી જાય છે. મંત્ર અમૃત સમા છે તે પીતાં પણ ધરપ થતો નથી. હે વીતરાગી પ્રભુ ! અમને તારી માયા લાગી છે.

"ફરતો જાય હાથમાં માળાનો મણકો,
નથી સંભળાતો તબ રૂપિયાનો રણકો;
કરતા નથી અમે કષાયભાવે છણકો,
વિપરીતભાવોનો શમી ગયો છે તણખો."

પર્યુષણના દિવસોમાં અમે મનને નિર્વિચાર, નિર્વિકલ્પ કરવાના પ્રયત્નમાં હોઈએ છીએ. કષાયભાવ આઠ દિવસ ન કરવાના પણ પચ્ચક્ખાણ લઈને, વિપરીત ભાવોને મનમાંથી જાકારો આપીને આત્માને કર્મથી શુદ્ધ રાખવા મહેનત કરીએ છીએ. મનની ચંચળતા હટાવવી ઘણી અઘરી છે.

પ્રવચન શ્રવણ - જિનવાણી શ્રવણ - શ્વેત વસ્ત્રધારી, શાંતિના ફરિશ્તા જેવા સાધુ-સાધ્વીજીના મુખથી શ્રવણ કરવા અને અંતરમાં તથા આચારમાં ઉતારવા વિચારીએ છીએ. તેમાં કહેલા મિષ્ટ, મધુરાં, અમૃત સમ વચનો જીવનને સંજીવની દેતા હોય તેવું લાગે છે. આવું જીવન આપણા તીર્થંકરો જીવી ગયા અને ભવોભવના ત્રાસમાંથી મુક્ત થઇ ગયા. હે પ્રભુ ! અમને પણ કર્મશુદ્ધ સિદ્ધદશા મળે એવી ભક્તિની શક્તિ આપજો.

મીઠા કંઠે ગવાયેલાં વૈરાગ્યસભર ભજનો સંસારનો રાગ છોડી દઇએ એવી વાંછા જગાડે છે. જગતના પદાર્થો માટેના રાગની અતિશયતા એ જ આત્માને નિજ સ્વરૂપમાં સ્થિર થવા દીધો નથી. કામનાઓ અને વાસનાઓએ જ આત્માને કંપાયમાન કરીને કર્મો બંધાવવાનું, આત્માનું અહિત કરવાનું કામ કર્યું છે. હવે અમંગલ રાગદ્વેષથી પાછા વળવાનો દઢ સંકલ્પ કરી લઈએ તો આત્માનો મોક્ષ જરાપણ દૂર નથી, ઉલટાનો આપણા અસ્તિત્વ સામે ડોકિયું કરતો લાગે છે. હે પ્રભુ ! આ માયાજાળના બંધનને કાપી નાખવાની મજૂબત નિર્ણયશક્તિ આપો, જેથી અમે મુક્તિનો આસ્વાદ માણી શકીએ.

"ભક્તિ, સાધના, ઉપાસના, અર્ચન પ્રભુનું કરીએ,
ધ્યાન ધારીને, પ્રભુ મુખાકૃતિને સન્મુખ સામે ધરીએ,
હે પ્રભુ ! તારામાં એકરૂપ, એકરસ થઇ જઈએ,
કર્મ બાંધતી જગતની જાળને સત્વરે સમેટી લઈએ."

આઠ દિવસના પનોતાં પર્વ, જીવનમાં સાત્ત્વિક વૃત્તિઓ સાથે આવા કાર્યક્રમો અનોખો અને અનેરો રસ જગાડે છે. ભક્તિના રસાસ્વાદ પછી અન્ય સર્વ સ્વાદ ખૂબ ફિક્કા અને નમક વગરના ભોજન જેવા બેસ્વાદ લાગે છે.

ચોમેર અત્યંત પ્રકાશનું સામ્રાજ્ય, આરતીના અને મંગલ દીવાના અર્થસભર શબ્દો, તેમાંથી છલકતો ભક્તિભાવ, ઘંટારવ, અત્યંત રમણીય દશ્ય ઊભું થઈ જાય છે.

હે પ્રભુ ! તમારી આંગી કરનાર કલાકાર આત્માના પ્રત્યેક પ્રદેશને કામે લગાડીને ભાવપૂર્વક શણગાર કરે છે. "નિરખત નૈન ન હારે" એવા અમારાં નયનો તમને નિહાળ્યા કરે છે. પાંપણનો પલકારો અને હૃદયનો ધબકારો પણ ચૂકી જાય છે.

આ આઠ દિવસોમાં વહેલી સવારે ધ્યાનમાં એકાગ્ર થઈને રહેવાનું ગમે છે. તનને અને મનને સ્થિર અને સ્વસ્થ કરીને, વિચારો અને વિકલ્પોને જાકારો આપીને, પ્રભુની મૂર્તિ પર સતત ધ્યાનને લક્ષમાં રાખીને આ પ્રક્રિયા સુંદર રીતે થાય તો ઘણાં કર્મો કપાઈ જાય છે. ધ્યાન એટલે ચૈતન્યશક્તિને વિચારો અને વિકલ્પોની જાળમાંથી મુક્ત કરવી. આથી મનની ચંચળતા અત્યંત અલ્પ થઈ જાય છે, આત્મા પણ કર્મથી હળવાશ અનુભવે છે. ધ્યાનના સાતત્યથી ક્યારેક આત્મદર્શન પણ થઈ જાય છે, જે સાધક માટે અનોખો અવસર બની રહે છે. ત્યારે જ જીવનની સાર્થકતા અને સફળતા છે.

છેલ્લા દિવસે આખા વર્ષ દરમ્યાન કરેલી ભૂલોનું પ્રાયશ્ચિત્ત, ક્ષમાયાચના, સ્વજનો અને ઈતરજનો વચ્ચે થાય છે. વેરઝેરના, મનદુઃખના જૂના ચોપડાનો હિસાબ પૂરો થાય છે અને નવા ચોપડામાં એન્ટ્રી પડે છે. ક્ષમા માત્ર હોઠથી નહિ, હૈયામાંથી થવી જોઈએ; જેથી તે આડંબરી ન લાગતા સત્યમાં પરિણમે.

આઠ દિવસનો રોજિંદો ધાર્મિક કાર્યક્રમ કહ્યો છે. જો આઠ દિવસ ખંતથી અને જાગૃતિ સાથે કરીશું તો બાકીના દિવસોમાં આ સુટેવ જળવાઈ રહેશે અને રોજ પર્યુષણના દિવસો જ છે એવો અનુભવ થશે.

**ખાસ નોંધ : આ અંક પર્યુષણ વિશેષાંક હોવાથી લેખકોના ક્રમિક લેખ લઈ શક્યા નથી, જેની નોંધ લેવા વિનંતી.**

# આત્મસાધનાનું પર્વ - પર્યુષણ મહાપર્વ

મિતેશભાઈ એ. શાહ

અહિંસાની આલબેલ પોકારતું પર્વ એટલે પર્યુષણ, સ્વ (આત્મા)માં વસવાની કળા શીખવતું પર્વ એટલે પર્યુષણ, પર્વોમાં સોહામણું પર્વ એટલે પર્યુષણ, જાત સાથે જીવવાની રીત બતાવતું પર્વ એટલે પર્યુષણ. પર્યુષણનો અંતિમ દિન એટલે સંવત્સરી. સાચા સાધકની ભાવના કેવી હોય છે ?

"અંતરશુદ્ધિની ઝંખના, આત્મવિશુદ્ધિની સાધના,
ચૈતન્ય ચમકાવાની ચાહના, મિચ્છામિ દુક્કડમ્‌ની ભાવના."

એક આમ્નાય પ્રમાણે પર્યુષણ પર્વને 'દશ લક્ષણ પર્વ' તરીકે ઉજવવામાં આવે છે. પર્યુષણ પર્વમાં નીચેના આત્મિક ગુણોને પ્રાપ્ત કરવાનો પુરુષાર્થ કર્તવ્ય છે :

**(૧) ઉત્તમ ક્ષમા :** પર્યુષણ પર્વ તે ક્ષમાનું પર્વ છે. જો કોઈ જીવ સાથે વેર બંધાયું હોય તો હૃદયપૂર્વક ક્ષમા માગવી જોઈએ. ક્ષમા માગો અને ક્ષમા આપો. મહાત્મા ગાંધીજીના આધ્યાત્મિક માર્ગદર્શક શ્રીમદ્‌ રાજચંદ્રજી જણાવે છે કે ક્ષમા એ મોક્ષનો ભવ્ય દરવાજો છે. ક્ષમા એટલે જીવમાત્ર પ્રત્યે રહેલા દ્વેષભાવનો ત્યાગ.

"क्षमा शस्त्रं करे यस्य दुर्जनं किं करिष्यति ।
अतृणे पतितो वह्निः स्वयमेवोपशाम्यति ॥"

મનુષ્યનું આભૂષણ રૂપ છે, રૂપનું આભૂષણ ગુણ છે, ગુણનું આભૂષણ જ્ઞાન છે અને જ્ઞાનનું આભૂષણ ક્ષમા છે.

**(૨) ઉત્તમ વિનય :** 'જગતમાં માન ન હોત તો અહીં જ મોક્ષ હોત' શ્રીમદ્‌જીનું આ વિધાન બતાવે છે કે માનવીમાં અભિમાનની કેટલી મહત્તા છે ! ૧૨ પ્રકારના તપમાં વિનયને અંતરંગ તપ ગણવામાં આવ્યું છે. આધ્યાત્મિક વિકાસ માટે વિનય ગુણની ખિલવણી અત્યંત આવશ્યક છે. અહંકારરૂપી પર્વતને ભેદીને જ મહાપુરુષો આત્મસાક્ષાત્કાર સુધી પહોંચી શક્યા છે. અહંકાર જ્ઞાનપ્રાપ્તિમાં પરમ વિઘ્નરૂપ છે, જ્યારે વિનય મોક્ષમાર્ગમાં લઈ જનાર પરમ મિત્ર છે. વિનયી વ્યક્તિ જીવનમાં સાચી મહત્તા પ્રાપ્ત કરે છે.

"ઊંચા ઊંચા સબ ચલે, નીચા ચલે ન કોઈ;
નીચા નીચા જો ચલે, સબસે ઊંચા હોઈ."

**(૩) ઉત્તમ આર્જવ (સરળતા) :** માયાચાર એટલે છેતરપિંડીના ભાવ - વિશ્વાસઘાતના ભાવ. આવા 'ભાવ' ન કરવાં તેનું નામ સરળતા. જેવું હૈયે તેવું હોઠે અને જેવું હોઠે તેવું હાથે એનું નામ સરળતા. માણસ આજે નજીવા સ્વાર્થ ખાતર વિશ્વાસઘાત કરતો થઈ ગયો છે ! શ્રીમદ્‌ રાજચંદ્રજી કહે છે કે સરળતા એ ધર્મના બીજસ્વરૂપ છે. માયાચાર કરવાથી તિર્યંચગતિ (પશુ-પક્ષી)ની પ્રાપ્તિ થાય છે. માયાચારી મનુષ્યનો કોઈ વિશ્વાસ કરતો નથી. બીજાને છેતરવા જતાં જીવ પોતે જ છેતરાય છે. શ્રીમદ્‌જી કહે છે, 'દુર્જનતા કરીને ફાવવું એ જ હારવું એમ માનવું'.

**(૪) ઉત્તમ શૌચ (સંતોષ) :** लोभ मूलानि पापानि । સર્વ પાપનો બાપ તે લોભ છે. 'ક્રોધ પ્રીતિ કો નષ્ટ કરતા હૈ, માન વિનય કો નષ્ટ કરતા હૈ, માયા મૈત્રી કો નષ્ટ કરતી હૈ ઔર લોભ સર્વસ્વ કો નષ્ટ કરતા હૈ.' લોભને કોઈ થોભ નથી. जथा जथा लाहो तथा तथा लोहो । અર્થાત્‌ જેમ જેમ લાભ વધતો જાય છે તેમ તેમ લોભ વધતો જાય છે. માણસનું પેટ તો ભરાય છે, પણ પટારો કદી ભરાતો નથી ! લોભી માનવી મમ્મણ શેઠની જેમ સ્વ કે પરનું કલ્યાણ ન કરતાં અધોગતિને પ્રાપ્ત કરે છે.

તૃષ્ણા આકાશ જેવી અનંત છે, એટલે જ કહેવાયું છે કે સંતોષી નર સદા સુખી. મહાપુરુષો તો કિંચિત્ માત્ર પણ ગ્રહણ કરવું તેને સુખનો નાશ માને છે. લોભ ઘટાડવા આપણી કહેવાતી સંપત્તિનું દાન કરતા રહેવું જોઈએ. કર્ણ, જગડુશા, ભામાશા જેવા દાનવીર પુરુષોને આજે લોકો આદરપૂર્વક યાદ કરે છે.

**(૫) ઉત્તમ સત્ય :** કહેવાયું છે કે -

सत्येन धार्यते पृथ्वी, सत्येन तपते रविः ।
सत्येन वाति वायुश्च, सर्वं सत्ये प्रतिष्ठितम् ॥

સર્વ જીવનું હિત કરવાવાળા જ્ઞાનીપુરુષો સદા સત્ય વચન બોલે છે અથવા મૌનવ્રતને ધારણ કરે છે. સત્ય અને પ્રિય બોલવું જોઈએ પરંતુ અપ્રિય, ખેદજનક અને કટુ સત્ય ન બોલવું. અસત્ય બોલનારને બે વાત સુલભ હોય છે - એક તો લોકમાં અપયશ અને બીજું દીર્ઘકાળ સુધી દુર્ગતિગમન.

''સાંચ બરાબર તપ નહિ, જૂઠ બરાબર પાપ,
જા કે હિરદે સાંચ હૈ, તાકે હિરદે આપ.''

**(૬) ઉત્તમ સંયમ :** ભગવાને બે પ્રકારનો સંયમ કહ્યો છે : (૧) ઈન્દ્રિય સંયમ : પાંચ ઈન્દ્રિયો અને મનને વશમાં રાખવાં. (૨) પ્રાણીસંયમ : પાંચ સ્થાવર અને એક ત્રસ - એમ છકાય જીવની રક્ષા કરવી. સાધુઓએ સકળ સંયમ અને શ્રાવકોને એકદેશ સંયમ પાળવાનો હોય છે. સ્પર્શેન્દ્રિયમાં મગ્ન થવાથી હાથી, રસના ઈન્દ્રિયમાં લીન થવાથી માછલી, ચક્ષુઈન્દ્રિયમાં લીન થવાથી પતંગિયું, ઘ્રાણેન્દ્રિયમાં લીન થવાથી ભમરો અને શ્રોતેન્દ્રિયમાં મગ્ન થવાથી હરણ નાશ પામે છે, તો જો આપણે પાંચેય ઈન્દ્રિયોના વિષયોમાં લુબ્ધ થઈએ તો આપણી શી દશા થાય ? શ્રી ગુણભદ્રાચાર્ય 'આત્માનુ-શાસન'માં જણાવે છે કે અંધ મનુષ્ય તો નેત્રથી દેખતો નથી પરંતુ વિષયાંધ મનુષ્ય સર્વ પ્રકારે દેખી શકતો નથી. એટલે એ મહાઅંધ છે.

''नृजन्मनः फलं सारं यदेतद्ज्ञानसेवनम् ।
अनिगूहित वीर्यस्य संयमस्य च धारणम् ॥''

**- શ્રી સારસમુચ્ચય**

**(૭) ઉત્તમ તપ :** तपसा निर्जरा च । અર્થાત્ તપ કરવાથી કર્મોની નિર્જરા થાય છે. જ્ઞાનીજનો તપ દ્વારા કર્મોને બાળી નાખે છે તો અજ્ઞાની જીવો તપ દ્વારા કર્મોની સ્થિતિ અને અનુભાગ ઘટાડી શકે છે તેમજ પાપકર્મોનું પુણ્યમાં સંક્રમણ કરી શકે છે. ઈચ્છાઓનો નિરોધ તે તપ છે. તપ વિના આત્માની શુદ્ધિ થતી નથી. તપના ૧૨ પ્રકાર છે : (૧) **બાહ્ય તપ :** અનશન, ઊણોદરી, વૃત્તિપરિસંખ્યાન, રસપરિત્યાગ, વિવિક્ત શય્યાસન અને કાયક્લેશ. (૨) **અંતરંગ તપ :** વિનય, પ્રાયશ્ચિત્ત, વૈયાવૃત્ય, સ્વાધ્યાય, વ્યુત્સર્ગ અને ધ્યાન.

**(૮) ઉત્તમ ત્યાગ :** ત્યાગ એ ધર્મ છે, દાન એ પુણ્ય છે. ત્યાગ ઉપયોગી અને અનુપયોગી એમ બંને વસ્તુઓનો કરવામાં આવે છે, જ્યારે દાન ઉપયોગી વસ્તુનું કરવામાં આવે છે.

''ત્યાગ વિરાગ ન ચિત્તમાં, થાય ન તેને જ્ઞાન;
અટકે ત્યાગ વિરાગમાં, તો ભૂલે નિજ ભાન.''

સર્વ પ્રકારના ભોગોની પ્રાપ્તિ કરતાં તેમનો ત્યાગ ચડિયાતો છે. ત્યાગી તે સમગ્ર જગતનું રત્ન છે, જ્યારે ભોગી કીચડમાં ફસાયેલ પામર પ્રાણી છે. तेन त्यक्तेन भुंजीथाः । અર્થાત્ ત્યાગીને ભોગવી જાણો.

**(૯) ઉત્તમ આકિંચન્ય :** શરીર આદિ પર પદાર્થોને પોતાના ન માનવાં અર્થાત્ નિર્મમત્વભાવથી પ્રવર્તન કરવું તેને આકિંચન્ય ધર્મ કહે છે. પૂર્વે થયેલા અનેક મહાપુરુષોએ નિર્મમત્વભાવ કેળવી નાની વયે જ મુનિદીક્ષા ધારણ કરી આત્મકલ્યાણ કરી ગયા. मम इति संसारः न मम इति मोक्षः ।

**(૧૦) ઉત્તમ બ્રહ્મચર્ય :** પંચ મહાવ્રત અને અણુવ્રતમાં બ્રહ્મચર્યને સ્થાન આપવામાં આવ્યું છે.

**(અનુસંધાન પાના નં. ૬ પર...)**

# પુસ્તક સમાલોચના

**મિતેશભાઈ એ. શાહ**

(નોંધ : આ વિભાગ માટે ગ્રંથ કે પુસ્તકની બે નકલ મોકલવા વિનંતી.)

**[૧] પુસ્તકનું નામ : स्वाध्याय भक्ति ( हिन्दी )**

**સંકલન :** સંત શુભકરણજી ● **પૃષ્ઠસંખ્યા :** ૨૫૯

**આવૃત્તિ :** પ્રથમ (જાન્યુઆરી, ૨૦૧૮) ● **મૂલ્ય :** રૂા. ૨૫૧/-

**પ્રકાશક :** સંબોધિ શ્રી નાગેશ્વર પાર્શ્વનાથ શુભ-રાજ તીર્થ, જિ. રાજસમન્દ (રાજસ્થાન).
મો. ૯૩૨૦૪૧૪૮૭૮

આકર્ષક મુખપૃષ્ઠ તેમજ આર્ટપેપરનો ઉપયોગ કરેલ છે. આ પુસ્તક આઠ ભાગમાં વિભક્ત છે - (૧) મંગલયોગ, (૨) પ્રાર્થનાયોગ, (૩) ભક્તિયોગ, (૪) સ્તુતિમંત્રયોગ, (૫) આત્મ ઉદ્‌બોધન, (૬) કાવ્યભક્તિ, (૭) ભાવનાયોગ, (૮) પરિશિષ્ટ. વિવિધ પ્રાર્થના, ભક્તિપદો, જૈન મંત્રો તથા સ્તુતિઓ, હૃદયપ્રદીપ, દ્યાનતવિલાસ, આત્મદર્શન, પરમકૃપાળુ શ્રીમદ્ રાજચંદ્રજી વિરચિત વિવિધ કાવ્યો તથા મેરી ભાવના, બાર ભાવના વગેરેની પ્રસ્તુતિ સહ સુંદર સમજૂતી આપવામાં આવી છે.

**[૨] પુસ્તકનું નામ : શ્રીમદ્ રાજચંદ્ર - સ્મૃતિબિંદુ**

**લેખક :** ગોવિંદજી જીવરાજ લોડાયા

**પૃષ્ઠસંખ્યા :** ૧૯૨ ● **આવૃત્તિ :** જુલાઈ, ૧૯૯૬ ● **મૂલ્ય :** રૂા. ૪૦

**પ્રકાશક :** હેમસ્મૃતિ, ભાતબજાર, મુંબઇ

**પ્રાપ્તિસ્થાન :** શ્રી પદસી હરપાર ધરમસી - 'વિજયવિલાસ' એન. બ્લોક,
શેઠ વાલજી લઘાભાઈ રોડ, મુલુંડ (વેસ્ટ), મુંબઈ - ૮૦

આ પુસ્તકમાં પરમકૃપાળુ શ્રીમદ્ રાજચંદ્રજીની જીવનચર્યા, અંતરંગચર્યા અને અનંતરંગ ચર્યાની વિસ્તૃત માહિતી આપવામાં આવી છે.

**[3] પુસ્તકનું નામ : વિશ્વકલ્યાણની વાટે**

**લેખક :** ગુણવંત બરવાળિયા ● **પૃષ્ઠસંખ્યા :** ૧૪૦ ● **આવૃત્તિ :** પ્રથમ, જૂન ૨૦૧૮ ● **મૂલ્ય :** રૂા. ૧૭૫

**પ્રકાશક :** (૧) નવભારત સાહિત્ય મંદિર, મુંબઈ. ફોન : (૦૨૦) ૨૨૦૧૭૨૧૩
(૨) અશોક પ્રકાશન મંદિર, ગાંધીરોડ, અમદાવાદ. ફોન : ૦૭૯-૨૨૧૪૦૭૭૦

**પ્રાપ્તિસ્થાન :** શ્રી ગુણવંત બરવાળિયા - મો. ૯૮૨૦૨ ૧૫૫૪૨

આ પુસ્તકમાં સમ્યક્ શ્રદ્ધા, ન્યાયસંપન્ન વૈભવ, જીવનમુક્ત બનવાની કળા, યોગનું મહત્ત્વ, ધર્મ આધારિત સમાજરચના જેવા ૩૨ વિષયો પર લેખકે ઊંડું ચિંતન કર્યું છે.

**[૪] પુસ્તકનું નામ : સાત્ત્વિક સહચિંતન**

**લેખક :** ગુણવંત બરવાળિયા ● **પૃષ્ઠસંખ્યા :** ૧૫૦ ● **આવૃત્તિ :** પ્રથમ, જૂન ૨૦૧૮ ● **મૂલ્ય :** રૂા. ૧૭૫

**પ્રકાશક અને પ્રાપ્તિસ્થાન :** ઉપર મુજબ

(અનુસંધાન પાના નં. ૨૨ પર...)

# જીવનસૌંદર્ય : દિવાળી પુસ્તિકા

**વિ. સં. ૨૦૭૫**

(૧) કવર સાથે **'જીવનસૌંદર્ય'** ગુજરાતી પુસ્તિકાની પડતર કિંમત એક નંગના રૂા.૮/- (આઠ રૂપિયા પૂરા) રાખેલ છે.

(૨) નામ-સરનામું છાપવા માટે ઓછામાં ઓછો ૫૦૦ પુસ્તિકાઓનો ઓર્ડર હોવો જરૂરી છે. તેનો પ્રિન્ટીંગ ખર્ચ એક નંગના રૂા. ૧/- (અંકે એક પૂરા) ચૂકવવાના રહેશે.

(૩) ઓર્ડરફોર્મ મુજબ પુસ્તિકાની કિંમત તથા પ્રિન્ટિંગ ચાર્જ તેમજ પોસ્ટેજ ખર્ચની રકમ રૂબરૂ અથવા ડ્રાફ્ટ કે મનીઓર્ડર દ્વારા **શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર, કોબા**ના સરનામે ઓર્ડરફોર્મ સાથે જ મોકલવાની રહેશે. **ઓર્ડરફોર્મ સાથે જેમનું પેમેન્ટ આવશે, તેમના ઓર્ડર જ સ્વીકારવામાં આવશે તેની ખાસ નોંધ લેવી.**

(૪) તા. ૨૦-૧૦-૨૦૧૮ સુધીમાં ઑર્ડરફોર્મ મોકલી આપવા વિનંતી છે. નામ અને સરનામું અંગ્રેજી કે ગુજરાતીમાં જે રીતે છાપવાનું હોય તે પ્રમાણે જ ફોર્મ ભરવું. **સંપર્ક : શ્રી વિજયભાઈ પટેલ : મો. ૯૩૨૭૦૯૦૩૯૩,** ૭૬૯૮૭૫૭૩૧૯

## દિવાળી પુસ્તિકા માટેનું ઓર્ડરફોર્મ

**કેટલા નંગનો ઑર્ડર છે ? ____________ નામ છાપવાનું છે ? ________હા/________ના**

**નામ/એડ્રેસ જે પ્રમાણે છાપવાનું હોય તેની વિગત આ બોક્સમાં બની શકે તો ટાઈપ કરીને આપો.**

**તમારું ઇ-મેલ એડ્રેસ :______________________________ ફોન: ______________**

## નીચેના સેવાભાવી મહાનુભાવો પાસેથી દિવાળી પુસ્તિકાઓ પ્રાપ્ત થઈ શકશે.

## સંપર્કસૂત્રો :

### AHMEDABAD

(૧) **શ્રી મુકેશભાઈ આર. શેઠ**
શેઠ સન્સ : ફોન : (ઓ) ૨૫૩૫૬૬૪૬
(ઘર) ૨૬૪૦૧૨૫૧
મો. ૯૮૨૫૫ ૧૮૮૦૦

(૨) **ડૉ. રાજેશભાઈ સોનેજી,** સોનેજી હૉસ્પિટલ
ફોન : ૨૫૩૨૩૪૫૪, ૯૮૨૪૦ ૪૭૬૨૧

(૩) **શ્રી જયેશભાઈ શાહ,** શાલિભદ્ર સ્ટેશનર્સ
ફોન : ૨૫૬૨૧૪૯૭, ૨૫૬૨૧૭૪૮
મો. ૯૯૦૯૦ ૦૬૦૪૮

(૪) **શ્રી સદ્ગુરુપ્રાસાદ** - પુષ્પવીલા, મીઠાખળી.
ફોન : ૨૬૫૬૮૪૨૩
ભૂપતભાઈ : મો. ૯૯૨૪૬૩૫૨૬૧

### MUMBAI

(૧) **શ્રી કાંતિભાઈ કારાણી** (રૂપમ ડ્રાયફ્રુટ્સ)
મોબાઈલ : ૯૦૦૪૦ ૪૪૪૦૫
ફોન : (૦૨૨)૨૮૮૨૯૨૪૯ / ૨૮૮૯૭૩૮૦

(૨) **શ્રી દીનાબેન નગીનભાઈ પંચમિયા**
વિનોદ ટી સેન્ટર, મો.૦-૯૨૨૨૦૭૭૬૩૯
ફોન : (૦૨૨) ૨૫૦૧૧૮૯૭
મો. ૦-૯૨૨૪૪૧૨૪૧૨

(૩) **શ્રી પુનિતભાઈ એસ. મહેતા**
C/o. મહેતા બ્રધર્સ એન્ડ કંપની
ફોન : (૦૨૨) ૨૨૬૭૪૯૪૦
મો. ૦-૯૮૨૦૪ ૦૦૨૬૭

(૪) **શ્રી નીતિનભાઈ પારેખ**
ફોન : (૦૨૨) ૨૪૦૭૬૨૦૦
મો. ૦-૯૮૨૦૩ ૨૯૨૭૭

**BANGLORE**
**શ્રી જયેશભાઈ જૈન** (સુજય એન્ટરપ્રાઈઝ)
ફોન : (૦૮૦) ૨૨૮૭૨૯૮૯,
મો. ૦-૯૩૪૧૦૪૧૮૪૭
૦-૯૯૪૫૮ ૨૨૮૫૬, ૦-૯૯૮૦૭ ૨૪૬૧૯

**CHENNAI**
**શ્રી નવનીતભાઈ પી. શાહ**
ફોન : (૦૪૪) ૨૮૩૪૦૭૩૦
મો. ૦-૯૮૪૦૯ ૮૫૦૯૮

**HIMATNAGAR**
**શ્રી જયંતીભાઈ કે. શાહ**
ફોન : (૦૨૭૭૨) ૨૩૪૬૪૮, મો. ૯૩૭૭૪ ૬૭૯૫૬

**KOLKATA**
**શ્રી અશ્વિનભાઈ ભાનુભાઈ દેસાઈ**
૩૫-૧, જવાહરલાલ નહેરુ રોડ,
કૈલાસ બિલ્ડીંગ, ફ્લેટ નં. ૧૧એ, કોલકાતા.
મો. ૦-૯૩૩૧૦ ૮૫૮૪૯/૪૭

**LAXMIPURA**
**શ્રી લાલજીભાઈ પટેલ** - ફોન : (૦૨૭૭૫) ૨૪૧૩૭૪
મો. ૯૯૨૪૭૪૨૨૭૫, ૭૬૯૮૨૮૪૭૪૫

**LIMBDI**
**શ્રી ડૉ. હેમંતભાઈ ડગલી**
ફોન : (૦૨૭૫૩) ૨૬૦૨૯૮૦
મો. ૯૩૭૬૬૫૫૭૦૧, ૯૩૭૬૬૫૫૫૦૨

**PUNE**
**શ્રી શૈલેષભાઈ પ્રતાપભાઈ મહેતા**
ફોન : (૦૨૦) ૨૪૪૫૪૪૬૪, ૦-૯૭૬૩૭૨૮૨૮૯

**RAJKOT**
**શ્રી નરેન્દ્રભાઈ વૃજલાલ શાહ**
ફ્લેટ નં. ૨, કૃતિ ગોલ્ડ એપાર્ટમેન્ટ,
૪, બાલમુકુંદ પ્લોટ, નિરમલા કોન્વેન્ટ રોડ,
રાજકોટ. ફોન : (૦૨૮૧) ૨૫૮૫૧૯૦
મો. ૯૪૨૭૨ ૫૪૫૫૯

**RAKHIYAL**
**શ્રી રામજીભાઈ પટેલ** (લોકનાદ શિક્ષણ સંકુલ)
ફોન : (૦૨૭૧૬) ૨૬૭૬૩૩, ૯૮૨૫૪૮૪૭૯૫

**SURENDRANAGAR**
**શ્રી અપૂર્વભાઈ સુરેશભાઈ શેઠ**
વર્ધમાન મૂળજી એન્ડ સન્સ
ફોન : (૦૨૭૫૨) ૨૩૨૩૦૬, ૨૮૫૧૭૮
મો. ૯૮૨૫૩ ૫૫૯૨૧,૯૪૨૬૭ ૫૫૧૬૬

**VADODARA**
**શ્રીમતી શિલ્પાબેન પુલકિતભાઈ મહેતા**
C/o. ભારત ઉદ્યોગ હાટ
ફોન : (૦૨૬૫) ૨૪૨૬૭૯૭,
(ઘર) ૨૪૮૧૭૩૮, મો. ૯૩૭૬૨ ૧૬૨૬૬

**OVERSEAS**

**U. K. (0044)**
1. Mrs. Shrutiben Malde - Ph. 208-668-3057
2. Mr. Vinaybhai K. Shah
   Ph. 208-951-5424, 740-711-9456
3. Mr. Harshadbhai Sanghrajka
   Ph. 208-954-9632, 192-324-9898
   M. 0044-796-972-2109

**U.S.A. (001)**
4. Mr. Prafulbhai Lakhani
   Ph. 631-423-9647, (O) 516-679-1200
   M. 516-901-9368
5. Mr. Mahedrabhai Khandhar
   Ph. 714-894-2930, 714-376-5112
6. Mr. Birenbhai Pravinbhai Mehta
   Ph. 714-389-3672

**KENYA**
7. Mr. Manubhai S. Shah, Ph. 254-2375-1679

**CANADA (Toronto)**
8. Mr. Jyotindrabhai Soneji, Ph. 905-669-5318

# સમાજ-સંસ્થા દર્શન

## સંસ્થામાં શ્રી પર્યુષણ મહાપર્વની આરાધના પ્રસંગે પધારવા હાર્દિક નિમંત્રણ

સંસ્થામાં પૂજ્યશ્રી આત્માનંદજીની પાવન નિશ્રામાં તા. ૬-૯-૨૦૧૮ થી તા. ૧૩-૯-૨૦૧૮ દરમિયાન શ્રી પર્યુષણ પર્વની આરાધના થશે. આ પ્રસંગે આદ. પં.શ્રી સુમતપ્રકાશજીની સ્વાધ્યાયશ્રેણીનું આયોજન કરવામાં આવ્યું છે. આ ઉપરાંત આદ.બા.બ્ર. સુરેશજીના સ્વાધ્યાય, જિનપૂજા, ભક્તિસંગીત, ધાર્મિક ક્વીઝ આદિ વૈવિધ્યપૂર્ણ કાર્યક્રમો યોજાશે. કાર્યક્રમમાં સહભાગી થવા સૌને નિમંત્રણ છે. આપના આગમનની અગાઉથી સંસ્થામાં જાણ કરવા વિનંતી છે.

## સંસ્થાના જિનમંદિરમાં નૂતન ધ્વજારોહણનો કાર્યક્રમ સાનંદ સંપન્ન

તા. ૧૪-૭-૨૦૧૮, અષાઢ સુદ બીજના રોજ સંસ્થામાં શ્રી પાર્શ્વનાથ જિનમંદિરના ધજા આરોહણનો કાર્યક્રમ પૂજ્યશ્રી આત્માનંદજી, પૂ.બા.બ્ર.શ્રી ગોકુળભાઈના સાન્નિધ્યમાં ઉલ્લાસમય વાતાવરણમાં સાનંદ સંપન્ન થયો.

ધજા આરોહણના લાભાર્થી શ્રી સુહાસભાઈ શિશિરભાઈ મહેતા (આદરણીય મુમુક્ષુ શ્રી શાંતિભાઈ મહેતાના પૌત્ર) મુંબઈથી ખાસ પધાર્યા હતા તથા આદરણીય મેનેજિંગ ટ્રસ્ટીશ્રી પ્રકાશભાઈ હેમેન્દ્રભાઈ શાહ પરિવાર તથા શ્રી નલિનભાઈ ચંદ્રકાંત શાહ પરિવાર સૌ સમયસર આવી ગયા હતા.

સવારે ૮-૩૦ વાગ્યે જિનમંદિરમાં સૌએ ભગવાનનો ભાવપૂર્વક અભિષેક કર્યો હતો. અભિષેક પછી મંદિરજીમાં જ શ્રી ૧૦૦૮ ભગવાન પાર્શ્વનાથની પૂજા તથા આરતીનો સૌએ લાભ લીધો હતો ત્યારપછી ધજાની પૂજાવિધિ કરીને સૌ મંદિરજીના શિખરે પહોંચી ગયા હતા અને ભક્તિભાવપૂર્વક ધજાની આરોહણવિધિ કરવામાં આવી હતી. આદ. શ્રી વિનોદભાઈ ખરીદીયાએ શાંતિપાઠ કરાવ્યો હતો. આ સમગ્ર કાર્યક્રમના આયોજનમાં આદ. શ્રી બિપીનભાઈ મણિયારનો દર વર્ષની જેમ વિશેષ સહયોગ રહ્યો હતો. પૂજ્યશ્રી ગોકુળભાઈએ ધ્વજા-આરોહણ વિધિ પછી શ્રી સહજાનંદજી વર્ણીજી મહારાજની ડાયરીના આધારે મનનીય સ્વાધ્યાય આપ્યો હતો. ત્યારબાદ પૂજ્યશ્રીનો સ્વાધ્યાય વિડીયો કેસેટના આધારે થયો હતો.

આ દિવસનું સ્વામિવાત્સલ્ય આદ.શ્રી શાંતિભાઈ મહેતા પરિવાર તરફથી હતું તથા નવકારશી આદ.શ્રી નલિનભાઈ ચંદ્રકાંત શાહ તરફથી હતી. (બન્ને પરિવારની કાયમી તિથિ છે.) આ મંગલ પ્રસંગે પધારેલા ધ્વજા આરોહણના લાભાર્થીઓ તથા પધારેલ સૌ મુમુક્ષુઓને સંસ્થા સાભાર ધન્યવાદ પાઠવે છે. પૂજ્યશ્રી સૌને વિશેષ ધર્મઆરાધના માટે શુભાશીર્વાદ પાઠવે છે.

## ભારતમાં ચાતુર્માસ દરમિયાન બિરાજમાન કેટલાક જૈન સાધુ-સાધ્વી ભગવંતોની યાદી

અમને પ્રાપ્ત થયેલી માહિતી અનુસાર ચાતુર્માસ દરમિયાન બિરાજમાન જૈન સાધુ-સાધ્વીજી ભગવંતોની યાદી નીચે મુજબ છે :

- પૂજ્ય આચાર્યશ્રી વિદ્યાનંદજી મહારાજ ............................ કુંદકુંદભારતી, ન્યૂ દિલ્હી

- પૂજ્ય આચાર્યશ્રી વિદ્યાસાગરજી મહારાજ ................................. ખજૂરાહો, મ.પ્ર.
- પૂજ્ય આચાર્યશ્રી વર્ધમાનસાગરજી મહારાજ.........................શ્રવણબેલગોલા, કર્ણાટક
- પૂજ્ય આચાર્યશ્રી અનેકાંતસાગરજી મહારાજ ............................. ઈન્દોર, મ.પ્ર.
- પૂજ્ય આચાર્યશ્રી સુવિધિસાગરજી મહારાજ...........................શ્રવણબેલગોલા, કર્ણાટક
- પૂજ્ય આચાર્યશ્રી ગુપ્તિનંદજી મહારાજ ............................ નાગપુર, મહારાષ્ટ્ર
- પૂજ્ય આચાર્યશ્રી સંભવસાગરજી મહારાજ ..........................સમેતશિખરજી, ઝારખંડ
- પૂજ્ય આચાર્યશ્રી વિરાગસાગરજી મહારાજ...........................સમેતશિખરજી, ઝારખંડ
- પૂજ્ય આચાર્યશ્રી સુનિલસાગરજી મહારાજ ........................... ગાંધીનગર, ગુજરાત
- પૂજ્ય આચાર્યશ્રી જ્ઞાનભૂષણજી મહારાજ .................................. મથુરા, ઉ.પ્ર.
- પૂજ્ય આચાર્યશ્રી અનુભવસાગરજી મહારાજ ............................. બોરીવલી, મુંબઈ
- પૂજ્ય આચાર્યશ્રી વિશુદ્ધિસાગરજી મહારાજ ......................... ઔરંગાબાદ, મહારાષ્ટ્ર
- પૂજ્ય આચાર્યશ્રી કનકનંદિજી મહારાજ .........................નંદૌડ, સાગવાડા, રાજસ્થાન
- પૂજ્ય ગચ્છાધિપતિ આચાર્યશ્રી જયઘોષસૂરીશ્વરજી મહારાજ ............સેટેલાઈટ, અમદાવાદ
- પૂજ્ય તપાગચ્છાધિપતિ આચાર્યશ્રી મનોહરકીર્તિસાગરસૂરીશ્વરજી મહારાજ સેટેલાઈટ, અમદાવાદ
- પૂજ્ય ગચ્છાધિપતિ આચાર્યશ્રી અભયદેવસૂરીશ્વરજી મહારાજ.......... ભાયંદર (વેસ્ટ), મુંબઈ
- પૂજ્ય આચાર્યશ્રી વીરેન્દ્રમુનિ મ.સા. (દરિયાપુરી સંપ્રદાય) ........... નારણપુરા, અમદાવાદ
- પૂજ્ય આચાર્યશ્રી અજયસાગરસૂરીશ્વરજી મ.સા. ............પ્રેરણાતીર્થ, સેટેલાઈટ, અમદાવાદ
- પૂજ્ય આચાર્યશ્રી અમૃતસાગરસૂરીશ્વરજી મ.સા. ...................... કોબા, જિ. ગાંધીનગર
- પૂજ્ય આચાર્યશ્રી ઈન્દ્રસેનસૂરીશ્વરજી મ.સા. .........................સાબરમતી, અમદાવાદ
- પૂજ્ય આચાર્યશ્રી ગુણરત્નસૂરીશ્વરજી મ.સા. .................................ઉમરા, સુરત
- પૂજ્ય આચાર્યશ્રી કુંદકુંદસૂરીશ્વરજી મ.સા. ........................ દિલ્હીદરવાજા, અમદાવાદ
- પૂજ્ય રાષ્ટ્રસંત આચાર્યશ્રી પદ્મસાગરસૂરીશ્વરજી મ.સા....................... ભાયંદર, મુંબઈ
- પૂજ્ય આચાર્યશ્રી મહાશ્રમણજી (તેરાપંથી સંપ્રદાય) ................................ ચેન્નઈ
- પૂજ્ય આચાર્યશ્રી રત્નસુંદરસૂરીશ્વરજી મ.સા...................... બડનગર, ઉજ્જૈન, મ.પ્ર.
- પૂજ્ય આચાર્યશ્રી જગચ્ચંદ્રસૂરીશ્વરજી મ.સા. ............................ પાલડી, અમદાવાદ
- પૂજ્ય આચાર્યશ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મ.સા.............................. અલકાપુરી, વડોદરા
- પૂજ્ય આચાર્યશ્રી પુણ્યકીર્તિસૂરીશ્વરજી મ.સા. ...................... નવરંગપુરા, અમદાવાદ
- પૂજ્ય આચાર્યશ્રી મલયસેનસૂરીશ્વરજી મ.સા. .............. મેરુધામ, અમિયાપુર (ગાંધીનગર)
- પૂજ્ય આચાર્યશ્રી યશોપ્રેમસૂરીશ્વરજી મ.સા. ......................... શાહીબાગ, અમદાવાદ
- પૂજ્ય આચાર્યશ્રી રત્નપ્રભસૂરીશ્વરજી મ.સા. ..........................ભૂયંગદેવ, અમદાવાદ
- પૂજ્ય આચાર્યશ્રી શીલરત્નસૂરીશ્વરજી મ.સા. ............................ પાલડી, અમદાવાદ
- પૂજ્ય આચાર્યશ્રી સોમસુંદરસૂરીશ્વરજી મ.સા. ...........................વાસણા, અમદાવાદ

- પૂજ્ય આચાર્યશ્રી મુક્તિવલ્લભસૂરીશ્વરજી મ.સા. .................................. મહેસાણા
- પૂજ્ય આચાર્યશ્રી ઉદયવલ્લભસૂરીશ્વરજી મ.સા. ......................આંબાવાડી, અમદાવાદ
- પૂજ્ય આચાર્યશ્રી વિમલસાગરસૂરીશ્વરજી મ.સા. ...................................પાલીતાણા
- પૂજ્ય મુનિશ્રી હિતરુચિવિજયજી મ.સા. ................................ પાલડી, અમદાવાદ
- પૂજ્ય ક્રાંતિકારી મુનિશ્રી તરુણસાગરજી મહારાજ ........................ કૃષ્ણનગર, દિલ્હી
- પૂજ્ય મુનિશ્રી સુધાસાગરજી મહારાજ ................................ આવા-ટાંક, રાજસ્થાન
- પૂજ્ય મુનિશ્રી પ્રસન્નસાગરજી મહારાજ ........................... સી.જી. રોડ, અમદાવાદ
- પૂજ્ય મુનિશ્રી પ્રણામસાગરજી મહારાજ ........................................ રતલામ, મ.પ્ર.
- પૂજ્ય મુનિશ્રી યુધિષ્ઠિરસાગરજી મહારાજ ........................... મહાવીરજી, રાજસ્થાન
- પૂજ્ય મુનિશ્રી વિશ્રાંતસાગરજી મહારાજ ..................................સિકર, રાજસ્થાન
- પૂજ્ય મુનિશ્રી યતિન્દ્રસાગરજી મહારાજ ..........................દેરોલ, ખેડબ્રહ્મા, ગુજરાત
- પૂજ્ય મુનિશ્રી સુયશગુપ્તિજી મહારાજ ....................................ગોમટેશ્વર બાહુબલિ
- પૂજ્ય મુનિશ્રી ચંદ્રગુપ્તિજી મહારાજ .......................................ગોમટેશ્વર બાહુબલિ
- પૂજ્ય શ્રી અપૂર્વમુનિ (દરિયાપુરી સંપ્રદાય) ........................... કાલુપુર, અમદાવાદ
- પૂજ્ય શ્રી ચેતનમુનિ મહારાજ (ખંભાત સંપ્રદાય) ..................... વેજલપુર, અમદાવાદ
- પૂજ્ય શ્રી દેવેન્દ્રમુનિ, પૂ.ધર્મેન્દ્રમુનિ (લીંબડી ગોપાલ સંપ્રદાય) ..........વાસણા, અમદાવાદ
- પૂજ્ય આર્યિકાશ્રી જ્ઞાનમતી માતાજી .................................. માંગીતુંગી, મહારાષ્ટ્ર
- પૂજ્ય આર્યિકાશ્રી સ્વસ્તિભૂષણ માતાજી ....................જહાજપુર, ભીલવાડા, રાજસ્થાન
- પૂજ્ય આર્યિકાશ્રી વિદ્યાશ્રી માતાજી ........................................ હસ્તિનાપુર, ઉ.પ્ર.
- પૂજ્ય આર્યિકાશ્રી પ્રસન્નમતિ માતાજી ............................. મેઘાણીનગર, અમદાવાદ

## સંસ્થામાં ગુરુપૂર્ણિમા નિમિત્તે ત્રિદિવસીય આધ્યાત્મિક શિબિર સાનંદ સંપન્ન

આપણી સંસ્થામાં શ્રી ગુરુપૂર્ણિમા નિમિત્તે પૂજ્યશ્રીના પાવન સાન્નિધ્યમાં તા. ૨૭-૭-૨૦૧૮ થી તા. ૨૯-૭-૨૦૧૮ દરમિયાન આધ્યાત્મિક શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. સારી સંખ્યામાં મુમુક્ષુ ભાઈ-બહેનો આ શિબિરમાં જોડાયા હતા. શિબિરનું સફળ સંચાલન પ્રજ્ઞાવંત મુમુક્ષુ આદ.શ્રી શરદભાઈ ડેલીવાળાએ કર્યું હતું. મહાનુભાવોના વરદ હસ્તે દીપ-પ્રાગટ્ય દ્વારા શિબિરનો શુભારંભ થયો.

● **સ્વાધ્યાય :** પૂજ્યશ્રી આત્માનંદજીના સ્વાધ્યાય વીડિયો કેસેટના આધારે થયા હતા.

બા.બ્ર.પૂજ્યશ્રી ગોકુળભાઈએ પૂજ્ય સહજાનંદજી વર્ણી ડાયરી (૧૯૫૮)ના આધારે સ્વાધ્યાય આપતા જણાવ્યું કે જેને ખરેખર સદ્‌ગુરુનું માહાત્મ્ય સમજાય તે સંસારસમુદ્રથી તરી જાય છે. જેને પાપ ખટકે તેના પાપ અટકે. સદ્‌ગુરુની આજ્ઞાને સમ્યક્‌પણે આરાધે તો શિષ્યનું કલ્યાણ થઈ જાય. સત્‌દેવ-ગુરુ-ધર્મની શ્રદ્ધાને વ્યવહાર સમ્યગ્‌દર્શન કહ્યું છે. વીતરાગ દર્શન સિવાય અન્યત્ર કાષ્ઠ સ્વરૂપના ગુરુ નથી કારણકે અન્યત્ર તત્ત્વની યથાર્થતા નથી. સૂક્ષ્મ તત્ત્વનું ચિંતન કરો, તેની યથાર્થતા સ્વીકારો. મોટાભાગના જીવો ચાર સંજ્ઞાને આધીન થઈ પાપમાં પ્રવર્તન કરે છે. શ્રાવકોનો સગ્રંથ પંથ અને મુનિઓનો નિર્ગ્રંથ પંથ હોય

છે. વીતરાગી દેવ, વીતરાગી ગુરુ, વીતરાગી ધર્મ અને વીતરાગી ભાવ સિવાય આત્માનું કલ્યાણ થઈ શકે નહિ. પુણ્યનો ઉદય હોય તો લોકો આપણને અનુકૂળ વર્તે અને પાપનો ઉદય હોય તો પ્રતિકૂળ વર્તે. આ બન્ને પરિસ્થિતિમાં સમભાવ રાખવો. મુમુક્ષુના રાગ-દ્વેષની તારતમ્યતામાં ઘટાડો થવો જોઈએ. કરોડો વર્ષની તપશ્ચર્યા બે ઘડીના ક્રોધમાં ધોવાઈ જાય છે. ઉપસર્ગોમાં સમતા રાખો તો કર્મની નિર્જરા થાય. કષાયના આવેગમાં માનવી વિવેક ભૂલી જાય છે. અંતરંગ શાંતિનો ભંગ ન થાય તેની જાગૃતિ રાખો. અંતર્મુખ ઉપયોગ દ્વારા સ્વરૂપ અનુસંધાન કરવું તે ખરી સાધના છે. ચિત્તની નિર્મળતાથી પ્રસન્નતા આવે છે. શાતાશીલિયા સ્વભાવવાળા ઉચ્ચ સાધના કરી શકે નહિ. મહાપુરુષોનું આચરણ એ તેઓનો બોધ છે. તને ક્યાંય નહિ ગમે તો આત્મામાં તો જરૂર ગમશે. પરમાત્માની ભક્તિ અને સ્વરૂપદૃષ્ટિ સાધક માટે આવશ્યક છે. ભક્તિ એટલે ભગવાનના ગુણો પ્રત્યે અનુરાગ. પરમાત્માની ભક્તિ એવું કવચ છે કે જે વિષય-કષાયોથી આપણને બચાવે છે. બધી સાધના કરીને સ્વભાવની સિદ્ધિ કરવાની છે, સ્વરૂપસ્થ થવાનું છે. આત્મધ્યાન દ્વારા કર્મરૂપી શત્રુઓનો નાશ થાય છે. વર્તમાન ભાવો દ્વારા આપણા ભાવિ ભવોનું ઘડતર થાય છે. સમજણપૂર્વક સહન કરે તે સુખી થાય. આહારશુદ્ધિ પરિણામશુદ્ધિ પર અસર કરે છે. નિર્દોષ આહાર ન મળે તો શરીરને ત્યાગો, પણ અભક્ષ્ય આહાર ગ્રહણ ના કરો. રાત્રિભોજન કરવામાં અધિક રાગ હોય છે. રાત્રે ખાવું તે માંસ ખાવા બરાબર અને પીવું તે લોહી પીવા બરાબર છે.

પદ્મશ્રી ડૉ. કુમારપાળભાઈ દેસાઈએ પ્રાસંગિક ઉદ્‌બોધનમાં જણાવ્યું કે ગુરુ આપણા પૂર્વગ્રહોને દૂર કરે છે. અધ્યાત્મની યાત્રામાં ગુરુ પોતે નકશો હોય છે. ગુરુનું જીવન એ નકશો છે. ગુરુ આપણને અસીમમાં લઈ જાય છે, ભીતરમાં લઈ જાય છે. ગુરુનું મૌન એ વ્યાખ્યાન છે. ગુરુના વાણી-વ્યવહાર-વર્તન આપણા જીવનને સુધારે છે. ગુરુ આપણને આધ્યાત્મિક સૌંદર્ય આપે છે. જેઓ પોતે જાગે, આપણને જગાડે અને ભીડથી ભાગે તે સંત. પરમાત્મા સૂર્ય જેવા પ્રખર છે, તો ગુરુ ચંદ્ર જેવા શીતળ અને વાત્સલ્યસભર છે. શિષ્યના જીવનને પરમ પ્રકાશ અને શાતા આપતું પર્વ એટલે ગુરુપૂર્ણિમા. આંખ સામે ગુરુ હશે તો આધ્યાત્મિક સૃષ્ટિ રચાશે. ગુરુ આપણા વિચારો, માન્યતાઓ અને ભૌતિકતાનું ભંજન કરે છે. ગુરુની અવજ્ઞા કરનારનો અભ્યુદય નષ્ટ થાય છે. ગુરુ આપણા ભીતરની સફાઈ કરે છે, સંસારમાં કેવી રીતે રહેવું તેની કળા શીખવે છે, જીવનને સ્થિર કરે છે અને ભીતરનું ભોજન આપે છે. માણસ જેમ મોટો થાય છે તેમ અશાંત થવાની ટ્રેનિંગ લેતો જાય છે ! ગુરુ સ્વયં શ્વાસ લેતો ગ્રંથ છે કે જે જગતના લોકોને પંથ બતાવે છે. હાલતુંચાલતું સરસ્વતીનું તીર્થ એટલે ગુરુ. ગુરુ શિષ્યને અભય તરફ લઈ જાય છે. 'સદ્‌ગુરુપ્રાસાદ'માં ધર્મ, રાષ્ટ્ર, સંસ્કૃતિ અને અધ્યાત્મનો સંગમ જોવા મળે છે. ગુરુ દીવાલ નહિ પણ દ્વાર બને છે અને શિષ્ય પર કૃપાનો વરસાદ વરસાવે છે. ગુરુ અહંકારનું ધનુષ તોડી ભક્તિની જયમાળા પહેરાવે છે. ગુરુના વેણ અને નેણને વાંચી શકે તે સાચો શિષ્ય. કાં ગુરુને છોડી દો કાં ગુરુ પર બધું છોડી દો.

આદ. બા. બ્ર. સુરેશજીએ સ્વાધ્યાયમાં જીવના સામાન્ય લક્ષણો (ઉપયોગરૂપ, અમૂર્ત, કર્તા, ભોક્તા, દેહપ્રમાણ વગેરે, જીવના વિશિષ્ટ લક્ષણો (શુદ્ધ, બુદ્ધ, સદા અરૂપી, ચૈતન્યઘન), પંચપરાવર્તન, મનુષ્યભવની દુર્લભતા, આવશ્યકતા- સુવિધા - વિલાસિતા વચ્ચેનો ભેદ, ઘનિષ્ઠ સાધનાનું મહત્ત્વ, મૌનનો મહિમા વગેરે બાબતોની સરળ છતાં સચોટ ભાષામાં સમજૂતી આપી હતી અને સૌને ધ્યાનનો અભ્યાસ કરાવ્યો હતો.

● **ભક્તિસંગીત :** તા. ૨૭-૭-૨૦૧૮ના રાત્રે કોબાના યુવાભક્તવૃંદે ભાવવાહી ભક્તિ કરાવીને

સૌને પ્રભુ-ગુરુ પ્રેમમાં તરબોળ કરી દીધા હતા. આ ઉપરાંત તા.૨૮-૭-૨૦૧૮ના રોજ અનેક મુમુક્ષુ ભાઈ-બહેનોએ ભક્તિપદો પ્રસ્તુત કર્યા હતા.

● **તત્ત્વજ્ઞાન પ્રશ્નોત્તરી :** આ કાર્યક્રમ અંતર્ગત મુમુક્ષુ ભાઈ-બહેનોના ધર્મ-અધ્યાત્મને લગતા પ્રશ્નોનું સમાધાન બા.બ્ર.સુરેશજી, શ્રી અશોકભાઈ શાહ તથા શ્રી અનુપમભાઈ શાહે કર્યું હતું.

● **પ્રકીર્ણ :** શિબિર દરમ્યાન સંસ્થાના પ્રકાશનો, ડી.વી.ડી. વગેરે પર ૫૦% ડિસ્કાઉન્ટ રાખવામાં આવ્યું હતું. ત્રણેય દિવસ સ્વામિવાત્સલ્યનો લાભ લેનાર નીચેના દાનવીર મહાનુભાવોને સાભાર ધન્યવાદ પાઠવીએ છીએ : (૧) શ્રી સુધાબેન પ્રફુલભાઈ લાખાણી પરિવાર, (૨) શ્રી તરલાબેન દિનેશભાઈ બાવીસી પરિવાર, (૩) શ્રી પ્રકાશભાઈ હેમેન્દ્રભાઈ શાહ તથા ડૉ. રાજેશભાઈ સોનેજી પરિવાર. શિબિર દરમિયાન મુંબઈના એક મુમુક્ષુ બહેન તરફથી નોટ અને પેનની પ્રભાવના કરવામાં આવી હતી. શ્રી સંગીતાબેન પરિમલભાઈ મહેતા (મુંબઈ) તરફથી સંસ્થામાં સુશોભનની સામગ્રીની સુચારુ વ્યવસ્થા કરવામાં આવી. શ્રી નીતાબેન લોઢિયાએ પ્રેરણાત્મક અને કલાત્મક રંગોળી દ્વારા સુશોભન કર્યું હતું. શિબિરમાં સહયોગ આપનાર સૌ કોઈને સંસ્થા તરફથી સાભાર ધન્યવાદ પાઠવીએ છીએ.

## સંસ્થામાં શ્રી શાંતિનાથ વિધાન પૂજા ધર્મઉલ્લાસમય વાતાવરણમાં સંપન્ન

શાંતિની ખોજમાં ભટકતાં માનવીને પરમ શાંતિ માટે શ્રી શાંતિનાથ વિધાન પૂજા આવશ્યક છે. આચાર્યશ્રી પૂજ્યપાદ સ્વામીની નેત્રજ્યોતિ ચાલી જતાં તેઓએ ગુરુઆજ્ઞાથી શાંતિભક્તિની રચના કરી અને તેઓની નેત્રજ્યોતિ પાછી આવી. શ્રી શાંતિદાસે સંસ્કૃતમાં શ્રી શાંતિનાથ મંડલ વિધાનની રચના કરી છે. તેના આધારે અનેક કવિઓ, પંડિતો વગેરેએ પોતપોતાની ભાષામાં શાંતિવિધાનનો અનુવાદ કર્યો છે. આર્યિકા જ્ઞાનમતી માતાજીનું શાંતિવિધાન પણ પ્રચલિત છે. ગણિની આર્યિકા શ્રી રાજશ્રી માતાએ શ્રી શાંતિનાથ વિધાનની રચનાનો પ્રારંભ કર્યો, પરંતુ તેઓની સમાધિ થતાં પ્રજ્ઞાયોગી આચાર્યશ્રી ગુપ્તિનંદજીના શિષ્ય મુનિશ્રી ચંદ્રગુપ્તજી મહારાજે અધૂરું કાર્ય પૂર્ણ કર્યું. શ્રી શાંતિનાથ ભગવાનના શાસનથી આજ દિન સુધી ધર્મપરંપરા અખંડરૂપે ચાલી આવી છે એટલે એ રીતે પણ શ્રી શાંતિવિધાનનું મહત્ત્વ છે.

તા. ૨૯-૭-૨૦૧૮ના રોજ આપણી સંસ્થામાં નૂતન સાધનાકુટિરના ઉદ્‌ઘાટન પ્રસંગે તેમજ સંસ્થાના ટ્રસ્ટી શ્રી પ્રકાશભાઈ એચ. શાહની સાધનાકુટિર અને શ્રી બિપીનભાઈ મણિયારની નવપલ્લવિત મુમુક્ષુ કુટિરના ઉદ્‌ઘાટન પ્રસંગને અનુલક્ષીને અને ટ્રસ્ટી શ્રી પ્રકાશભાઈ શાહના ઉત્સાહ અને પ્રેરણાથી સંસ્થામાં શ્રી શાંતિવિધાન પૂજાનું આયોજન કરવામાં આવ્યું. આ વિધાન માટે શ્રી સુવર્ણાબેન જયેશભાઈ જૈન (બેંગ્લોર)નો વિશેષ આર્થિક સહયોગ સાંપડ્યો હતો. સંસ્થાના યુવામુમુક્ષુઓ બા. બ્ર. સુરેશજી, બા.બ્ર. અલકાબેન, બા.બ્ર. જનકબેન તથા આદ.શ્રી કપિલજીએ હૃદયના તારને ઝંકૃત કરી દે તેવા ભાવવાહી સ્વરમાં, ભક્તિસંગીત સહ વિધાન કરાવ્યું હતું. આ વિધાનમાં ચાર વલયો છે; જેમાં ક્રમશઃ ૮, ૧૬,૩૨ તથા ૬૪ અર્ઘ્ય ચઢાવવામાં આવે છે. વિધાનનો પ્રારંભ થતાં જ વાતાવરણમાં પવિત્રતાના સ્પંદનો પ્રવહી ઉઠ્યાં. સૌના ભાવ ખૂબ ઉલ્લસિત થયા. ભક્તિરસમાં સૌ ઝૂમી ઊઠ્યાં. વિધિપૂર્વક શાંતિવિધાનની પૂર્ણાહુતિ થઈ. અંતમાં આરતી કરવામાં આવી. વિધાનને સફળ બનાવવામાં શ્રી નવીનભાઈ શાહ (મુંબઈ), શ્રી જયંતિભાઈ કે. શાહ (હિંમતનગર) અને અન્ય મુમુક્ષુ ભાઈ-બહેનોએ જે યોગદાન આપ્યું તે બદલ સૌનો હૃદયપૂર્વક આભાર માનીએ છીએ.

## સંસ્થામાં નૂતન સાધનાકુટિરનું મંગલ ઉદ્‌ઘાટન

સંસ્થામાં પધારતા સંતો, વિદ્વાનો અને સાધકો માટે અનુકૂળ નિવાસની વ્યવસ્થા થઇ શકે તે હેતુથી સંસ્થામાં સાધનાકુટિરનું નિર્માણ કરવામાં આવ્યું છે. આ સાધનાકુટિરનું મંગલ ઉદ્‌ઘાટન તા. ૨૯-૭-૧૮ના રોજ પૂજ્યશ્રી આત્માનંદજી, બા.બ્ર. પૂજ્યશ્રી ગોકુળભાઈના વરદ હસ્તે કરવામાં આવ્યું.

શ્રી નવકારમંત્ર અને વિવિધ મંત્રોચ્ચાર તથા ધૂનના નાદથી વાતાવરણ સવિશેષ પવિત્ર બન્યું. આવા પવિત્ર વાતાવરણમાં મંગલકળશની સ્થાપના કરાવવામાં આવી, સ્વસ્તિ વચનોના આલેખન સહ મંગલવિધિ સંપન્ન થઈ. સંસ્થાના ટ્રસ્ટી મહોદય આદ.શ્રી ડૉ. રાજેશભાઈ સોનેજીએ જણાવ્યું કે સાધનાકુટિરના નિર્માણમાં ઘણા મિત્રોનો સાથ-સહકાર સાંપડ્યો છે તે બદલ સૌને ધન્યવાદ. સાધનાકુટિરના નિર્માણથી સંતો અને વિદ્વાનોને નિવાસની સાનુકૂળ સુવિધા મળી રહેશે.

## સંસ્થામાં 'પંથ પરમપદ' પુસ્તકનું વિમોચન સંપન્ન

સૌના પ્રેમપાત્ર અને પૂજ્યશ્રીની નિશ્રામાં તૈયાર થયેલા ઉત્તમ સાધક બા.બ્ર. શ્રી સુરેશજીની સાધનાની ફળશ્રુતિના ભાગરૂપે 'પંથ પરમપદ' પુસ્તક સમાજને પ્રાપ્ત થયું છે. બા.બ્ર. સુરેશજીએ પૂજ્યશ્રીના સાન્નિધ્યમાં રહીને ઊંડો શાસ્ત્રાભ્યાસ કર્યો. તેઓશ્રીએ આ અભ્યાસ મુમુક્ષુ ભાઈ-બહેનોને પણ કરાવ્યો. સાત તત્ત્વ, સમ્યગ્‌દર્શન, સમ્યક્‌જ્ઞાન, સમ્યક્‌ચારિત્ર, સમ્યક્‌તપ, મુનિઓના આચાર, ધ્યાન વગેરે વિષયો પર મુમુક્ષુ ભાઈ-બહેનોની લેખિત કસોટીઓ લીધી. આ વિષયોની લેખમાળાના આધારે 'પંથ પરમપદ' પુસ્તકનું સર્જન થયું. તા. ૨૭-૭-૨૦૧૮ના ગુરુપૂર્ણિમાના શુભ દિને અનેક મુમુક્ષુ ભાઈ-બહેનોની હાજરીમાં પૂજ્યશ્રી આત્માનંદજી, બા.બ્ર.પૂજ્યશ્રી ગોકુળભાઈ, પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈનાં વરદ હસ્તે ઉપરોક્ત પુસ્તકનું વિમોચન કરવામાં આવ્યું. આ પુસ્તકની ગુજરાતી તથા હિન્દી બન્ને આવૃત્તિ પ્રકાશિત થઇ છે.

પ્રાસંગિક ઉદ્‌બોધનમાં શ્રી અશોકભાઈ શાહે જણાવ્યું કે બા.બ્ર. સુરેશજીના અથાગ પ્રયત્નપૂર્વક આ પુસ્તકનું પ્રકાશન થયું છે. તેમાં અનેક સંતો અને વિદ્વાનોના શુભાશિષ પ્રાપ્ત થયાં છે. વીતરાગધર્મને અનુસરીને આ પુસ્તક લખાયું છે. પુસ્તકના નિર્માણમાં સુરેશજીના ત્યાગ, વૈરાગ્ય, નૈષ્ઠિક બ્રહ્મચર્ય, ક્ષયોપશમ શક્તિ, ગુરુસેવા, મૌનસાધના વગેરે કારણભૂત છે. દરેક કક્ષાના સાધકને આ પુસ્તક ઉપયોગી બને તેમ છે.

આ પુસ્તકના પ્રકાશનમાં શ્રી અરુણભાઈ એન. બગડિયા, શ્રી રશ્મિકાંતભાઈ મોદી તથા શ્રી પારસભાઈ મોદીનો વિશેષ આર્થિક સહયોગ પ્રાપ્ત થયેલ છે. બા.બ્ર.આદ. સુરેશજીએ પુસ્તક પ્રકાશનમાં અને પોતાના આધ્યાત્મિક જીવનના વિકાસમાં સહયોગ આપનારા સૌ કોઇનો હૃદયપૂર્વક આભાર માન્યો હતો. પૂજ્ય આચાર્યશ્રી કનકનંદિજી મહારાજ, પૂજ્ય ઉપાધ્યાયશ્રી અનુભવસાગરજી મહારાજ તથા બા.બ્ર. પૂજ્યશ્રી ગોકુળભાઈએ આ પુસ્તક અંગે માર્ગદર્શન અને શુભેચ્છાઓ પાઠવેલ છે. પૂજ્ય બહેનશ્રી ડૉ. શર્મિષ્ઠાબેને સુરેશજીના પ્રેમપરિશ્રમની અનુમોદના કરી. ચેન્નાઈના મુમુક્ષુઓ શ્રી બકુલભાઈ પારેખ, શ્રી કિરણભાઈ તુરખિયા અને શ્રી કમલેશભાઈ ગોસલિયા તરફથી કુટુંબદીઠ આ પુસ્તકની પ્રભાવના કરવામાં આવી હતી.

## સંસ્થામાં થાઈરોઈડ નિદાન કેમ્પ સંપન્ન

આપણી સંસ્થામાં તા. ૨૯-૭-૨૦૧૮ના રોજ મેડિકલ સેન્ટરના ઉપક્રમે થાઈરોઇડ નિદાન કેમ્પનું

આયોજન કરવામાં આવ્યું હતું. પૂજ્યશ્રી આત્માનંદજી, બા.બ્ર.પૂ.શ્રી ગોકુળભાઈ તથા મહાનુભાવોના દીપ-પ્રાગટ્ય દ્વારા કેમ્પનો શુભારંભ થયો. આ કેમ્પનો કુલ ૧૦૬ જેટલા લોકોએ લાભ લીધો હતો. ગુરુકુળના ૩૭ બાળકોના બ્લડગ્રુપ અને CBC ટેસ્ટ કરવામાં આવ્યા હતા.

માત્ર ૫૦/- રૂપિયાના રાહત દરે TSH ટેસ્ટ કરી આપવામાં આવ્યા હતા. જરૂરત પ્રમાણે T3 અને T4 રિપોર્ટ પણ ચાર્જ લીધા વિના કરી આપવામાં આવ્યા હતા. આ કેમ્પ માટે આર્થિક સહયોગ શ્રી તરલાબેન દિનેશભાઈ બાવીસી પરિવાર, રાજકોટ તરફથી સાંપડ્યો છે, તે બદલ સંસ્થા તેમનો હૃદયપૂર્વક આભાર માને છે.

## સંસ્થા સંચાલિત નવપલ્લવિત ગુરુકુળનું ઉદ્‌ઘાટન

સમાજના મધ્યમ વર્ગના વિદ્યાર્થીઓને શિક્ષણ સાથે સુસંસ્કારો પ્રાપ્ત થાય તે હેતુથી પૂજ્યશ્રી આત્માનંદજીના સાન્નિધ્યમાં સંસ્થામાં ગુરુકુળની સ્થાપના કરવામાં આવી છે. તાજેતરમાં ગુરુકુળનું રીનોવેશન કરવામાં આવ્યું. આ નવપલ્લવિત ગુરુકુળનું ઉદ્‌ઘાટન તા. ૨૮-૭-૨૦૧૮ના રોજ પૂજ્યશ્રી આત્માનંદજીના વરદ હસ્તે કરવામાં આવ્યું.

ધૂન તથા મંત્રોચ્ચારના મંગલ વાતાવરણમાં ગુરુકુળનું ઉદ્‌ઘાટન થયું. આ પ્રસંગે વિદ્યાર્થીઓએ ભાવવાહી પ્રાર્થના પ્રસ્તુત કરી હતી.

## સંસ્થા દ્વારા અંગ્રેજીમાં દિવાળી પુસ્તિકાનું પ્રકાશન

સમયની માંગને ધ્યાનમાં લઈને સંસ્થા દ્વારા અંગ્રેજીમાં દિવાળી પુસ્તિકાનું પ્રકાશન થશે. પુસ્તિકાનો ઓર્ડર નોંધાવવા આદ.શ્રી અશોકભાઈ પી. શાહનો સંપર્ક સાધવા વિનંતી છે. ફોન : ૦૯૮૩૩૯૫૩૩૩૭, ઈ-મેઈલ : ashok.koba@gmail.com

## સાધકકુટિર તથા મુમુક્ષુકુટિરનું ઉદ્‌ઘાટન

**[૧]** આપણી સંસ્થાના ટ્રસ્ટી મહોદય શ્રી પ્રકાશભાઈ એચ. શાહની નૂતન સાધકકુટિરનું ઉદ્‌ઘાટન તા. ૨૯-૭-૨૦૧૮ના રોજ પૂજ્યશ્રી આત્માનંદજીના વરદ હસ્તે થયું. આ મંગલ પ્રસંગે બા.બ્ર.પૂ. શ્રી ગોકુળભાઈ શાહની ઉપસ્થિતિએ પવિત્રતામાં વધારો કર્યો.

સંતોના ભાવપૂર્ણ સ્વાગત બાદ ધૂન, મંત્રોચ્ચારના પાવન વાતાવરણમાં મંગળકળશની સ્થાપના, સ્વસ્તિ વચનોનું આલેખન અને મંગલવિધિ સાનંદ સંપન્ન થઈ. આ પ્રસંગે ભગવાન તથા સંતોના ચિત્રપટાદિની સ્થાપના કરવામાં આવી.

**[૨]** સંસ્થાની કાર્યવાહક સમિતિના સભ્ય આદ. શ્રી બિપીનભાઈ મણિયારની નવપલ્લવિત મુમુક્ષુકુટિરનું ઉદ્‌ઘાટન પૂજ્ય શ્રી આત્માનંદજી તથા બા.બ્ર.પૂજ્યશ્રી ગોકુળભાઈના વરદ હસ્તે તા.૨૯-૭-૨૦૧૮ના રોજ કરવામાં આવ્યું.

સંતોના હૃદયપૂર્વક સ્વાગત બાદ ધૂન, મંત્રોચ્ચારના પાવન વાતાવરણમાં પરમકૃપાળુદેવની પ્રતિમા તથા સંતોના ચિત્રપટાદિની સ્થાપના તેમજ મંગળકળશની સ્થાપના કરવામાં આવી. આ પ્રસંગે શ્રી બિપીનભાઈ મણિયાર પરિવાર તરફથી પેંડાની પ્રભાવના કરવામાં આવી હતી.

## 'અર્જુન ફાર્મ હાઉસ' મુકામે સત્સંગ-ભક્તિનો કાર્યક્રમ સંપન્ન

તા. ૧૪-૭-૨૦૧૮ની સાંજથી તા. ૧૬-૭-૨૦૧૮ની સાંજ સુધી સંસ્થાના ટ્રસ્ટી આદ.શ્રી પ્રકાશભાઈ તથા શ્રી ભાવિનભાઈ હેમેન્દ્રભાઈ શાહ સમગ્ર પરિવારની વિનંતીથી પૂજ્યશ્રી આત્માનંદજી તેઓના 'અર્જુન ફાર્મ હાઉસ' ખાતે વિશ્રામ માટે પધાર્યા હતા. પૂજ્યશ્રી સાથે બહેનશ્રી તથા થોડા મુમુક્ષુ ભાઈ-બહેનો જોડાયા હતાં.

ફાર્મહાઉસનું વાતાવરણ ખૂબ જ સ્વચ્છ તથા રમણીય હતું. જગ્યા ઘણી વિશાળ હતી. સમગ્ર પરિવારે સૌના રહેવાની તથા ભોજનની વ્યવસ્થા ખૂબ પ્રેમભાવપૂર્વક સંભાળી હતી. તા. ૧૫મીએ બપોરે કોબાથી સૌ મુમુક્ષુ ભાઈ-બહેનો ફાર્મહાઉસ આવ્યા હતા. ત્યાં અલ્પાહાર પછી સૌએ ભાવવાહી સુંદર ભક્તિ કરી હતી. પૂજ્યશ્રી પણ ખૂબ પ્રસન્ન હતા.

આદ.શ્રી પ્રકાશભાઈ-સુરેખાબેન, આદ.શ્રી ભાવિનભાઈ-પ્રીતિબેન તથા સમગ્ર પરિવારે જે પ્રેમપૂર્વક સેવા-શુશ્રૂષા કરી તે માટે તેઓનું અભિવાદન કરી ધન્યવાદ આપીએ છીએ. આદ.શ્રી હેમેન્દ્રભાઈ-વિમળાબેને આપેલા 'સાદું જીવન અને ઉચ્ચ વિચાર'ના સંસ્કાર તથા ધર્મભાવના સમગ્ર પરિવારમાં જળવાઈ રહ્યા છે. પૂજ્યશ્રી સૌને ધર્મભાવનાની વૃદ્ધિ અર્થે શુભાશીર્વાદ પાઠવે છે. આદ. હેમેન્દ્રભાઈ-વિમળાબેને આપેલું સૂત્ર પૂ. બહેનશ્રી ભોજન પછી કાયમ બોલે છે - ''आज का खाना सबसे अच्छा ।''

## સંસ્થાના વિવિધ વિભાગોમાં આર્થિક સહયોગ આપનારા દાનવીર મહાનુભાવો

સંસ્થાના વિવિધ વિભાગોમાં આર્થિક સહયોગ આપનારા નીચેના દાનવીર મહાનુભાવોને સંસ્થા સાભાર ધન્યવાદ પાઠવે છે :

| | | | |
|---|---|---|---|
| **ભોજનાલય :** | ૧. | શ્રી કુમુદભાઈ મહેતા, મુંબઈ<br>(દિવ્યધ્વનિ સહાય તથા જીવદયા) | રૂા. ૫૦,૦૦૦/- |
| | ૨. | શકરાબા એન્ડ મંગલભાઈ દેસાઈ ટ્રસ્ટ, બરોડા<br>હસ્તે : શ્રી જિતેન્દ્રભાઈ એન. દેસાઈ<br>(દિવ્યધ્વનિ સહાય) | રૂા. ૫૦,૦૦૦/- |
| | ૩. | ડૉ. રાજેશભાઈ સોનેજી પરિવાર, અમદાવાદ | રૂા. ૩૫,૦૦૦/- |
| | ૪. | ડૉ. રમાબેન પી. દેસાઈ, અમરેલી | રૂા. ૨૧,૦૦૦/- |
| **દૈનિક ભક્તિક્રમ :** | ૧. | શ્રી તરલાબેન દિનેશભાઈ બાવીસી પરિવાર, રાજકોટ | રૂા. ૫૧,૦૦૦/- |
| **(C.D.)** | ૨. | શ્રી નેમિલાબેન ગગનેશભાઈ સંઘવી, ચેન્નાઈ | રૂા. ૨૧,૦૦૦/- |
| | ૩. | ડૉ. સરલાબેન આર. શાહ, અમદાવાદ | રૂા. ૧૧,૦૦૦/- |
| | ૪. | શ્રીમતી ચંદ્રિકાબેન સી. ગોસલિયા, અમદાવાદ | રૂા. ૧૧,૦૦૦/- |
| | ૫. | શ્રી અરુણભાઈ એન. બગડિયા, મુંબઈ | રૂા. ૧૧,૦૦૦/- |
| **પુસ્તક પ્રકાશન :**<br>**(પંથ પરમપદ)** | ૧. | ઈલેક. સ્ટીલ પ્રોસેસિંગ ઈન્ડસ્ટ્રીઝ, બરોડા<br>હસ્તે : શ્રી અરુણભાઈ બગડિયા | રૂા. ૧,૦૦,૦૦૦/- |

| | | | |
|---|---|---|---|
| | ૨. | શ્રી સોહમ એજ્યુકેશન ચેરિટેબલ ટ્રસ્ટ, જામનગર<br>હસ્તે : શ્રી રશ્મિકાંતભાઈ મોદી | રૂા. ૭૬,૦૦૦/- |
| | ૩. | શ્રી પી.વી. મોદી ચેરિટેબલ ટ્રસ્ટ, જામનગર<br>હસ્તે : શ્રી રશ્મિકાંતભાઈ મોદી | રૂા. ૭૫,૦૦૦/- |
| **મેડિકલ સેન્ટર :** | ૧. | શ્રી દિનેશભાઈ બાવીસી પરિવાર, રાજકોટ<br>(ભોજનાલય, છાશકેન્દ્ર, ત્યાગી ગ્રુપ) | રૂા. ૨,૨૦,૦૦૦/- |
| | ૨. | શ્રી અરવિંદભાઈ પી. કારાણી, મુંબઈ<br>(સંતસેવા, દૈનિક ભક્તિક્રમ, પુસ્તક પ્રકાશન) | રૂા. ૬૬,૦૦૦/- |
| **ગુરુકુળ (રિનોવેશન):** | ૧. | નીલોન એક્સપોર્ટસ, મુંબઈ<br>હસ્તે : શ્રી અશ્વિનભાઈ પંચમિયા | રૂા. ૫૧,૦૦૦/- |
| **સંતસેવા :** | ૧. | શ્રી સ્મિતાબેન શાહ, યુ.એસ.એ. | ૫૦૧ ડોલર |

શ્રી ધીરુભાઈ ત્ર્યંબકલાલ ડગલી (મુંબઈ) તરફથી સંસ્થાના દરેક કર્મચારીને રૂા. ૧૦૦૦/-ની પ્રભાવના તથા ગુરુકુળના બે બાળકોને દત્તક લીધેલ છે.

## શ્રી આત્મસિદ્ધિ પારાયણ

આપણી સંસ્થામાં અવારનવાર પધારીને સત્સંગનો લાભ લેતાં પ્રજ્ઞાવંત, સત્સંગપ્રેમી, સેવાભાવી તથા વાત્સલ્યસભર મુમુક્ષુ બહેન આદ.ડૉ. રમાબેન પી. દેસાઈ (અમરેલી)ના ભાભી સ્વ. જશુમતીબેન જયંતિલાલ દેસાઈના આત્મશ્રેયાર્થે, શ્રી જયંતિલાલ પ્રાણલાલ દેસાઈ તરફથી આપણી સંસ્થામાં તા. ૩૧-૭-૨૦૧૮ના રોજ શ્રી આત્મસિદ્ધિ પારાયણ રાખવામાં આવ્યું હતું. પારાયણ બાદ પૂજ્યશ્રીએ શ્રી આત્મસિદ્ધિ ગાથા-૮ના આધારે સ્વાધ્યાય આપ્યો હતો. આ પ્રસંગે આદ.શ્રી જયંતિલાલ પ્રાણલાલ દેસાઈ તરફથી સ્વામિવાત્સલ્ય રાખવામાં આવ્યું હતું. આ પ્રસંગે આદ. ડૉ. રમાબેન દેસાઈના સગાસંબંધીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## શ્રી મહાવીર જૈન વિદ્યાલય આયોજિત ૨૪મો જૈન સાહિત્ય સમારોહ સંપન્ન

શ્રી મહાવીર જૈન વિદ્યાલય દ્વારા આયોજિત શ્રી રૂપ માણેક ભંશાલી ચેરિટેબલ ટ્રસ્ટ, મુંબઈના સૌજન્યથી ૨૪મો જૈન સાહિત્ય સમારોહ તા. ૧૨-૭-૨૦૧૮ થી તા. ૧૪-૭-૨૦૧૮ દરમિયાન શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્ર, કોબા મુકામે સાનંદ સંપન્ન થયો.

પૂ. આચાર્યશ્રી અમૃતસાગરસૂરીશ્વરજી મ.સા.ની નિશ્રામાં યોજાયેલા આ સમારોહના પ્રમુખ તરીકે પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ, અતિથિવિશેષ તરીકે એલ.ડી. ઈન્સ્ટિટ્યૂટ ઑફ ઈન્ડોલોજીના ડાયરેક્ટર ડૉ. જિતેન્દ્રભાઈ શાહ અને વિદ્યાલયના ભૂતપૂર્વ વિદ્યાર્થી ડૉ. કાંતિભાઈ બી. શાહ ઉપસ્થિત રહ્યા હતા.

આ સમારોહમાં દેશભરના લગભગ ૧૫૦ જેટલા વિદ્વાનોએ 'જૈનશાસનના જ્યોતિર્ધરો' પર તેમના શોધનિબંધો પ્રસ્તુત કર્યા હતા. સાહિત્ય સમારોહમાં ચાર વિભાગ પાડવામાં આવ્યા હતા - સાધુ મહાત્માઓ, સાધ્વીજીઓ, જૈનશાસનના સમર્થ શ્રાવકો તથા શ્રાવિકાઓ. શોધનિબંધો પ્રસ્તુત કરનાર વિદ્વાનોનું સર્ટિફિકેટ તથા પુરસ્કાર દ્વારા બહુમાન કરવામાં આવ્યું હતું. શ્રી મહાવીર જૈન વિદ્યાલય દ્વારા છેલ્લા ૪૧ વર્ષથી આવા સાહિત્ય સમારોહનું દેશના વિવિધ સ્થળોએ આયોજન થાય છે.

## સંસ્થામાં જિનમંદિરમાં નૂતન ધ્વજારોહણ વેળાની તસવીરો (અષાઢી બીજ)





## સંસ્થામાં નૂતન સાધનાકુટિરનું મંગલ ઉદ્‌ઘાટન (તા. ૨૯-૭-૨૦૧૮)





## સંસ્થામાં યોજાયેલ થાઈરોઈડ નિદાન કેમ્પ વેળાએ (તા. ૨૯-૭-૨૦૧૮)





સંસ્થાના ટ્રસ્ટી આદ. શ્રી પ્રકાશભાઈ શાહની નૂતન સાધનાકુટિરનું ઉદ્‌ઘાટન (તા. ૨૯-૭-૨૦૧૮)



આદ. શ્રી બિપીનભાઈ મણિયારની નવપલ્લવિત મુમુક્ષુકુટિરનું ઉદ્‌ઘાટન (તા. ૨૯-૭-૨૦૧૮)



**Registered under RNI No. : GUJGUJ/2008/25883**
Permitted to post at Ahmedabad PSO on 15th of every month under Postal Regd. No. : GAMC - 309/2018-2020
issued by SSP Ahmedabad valid upto 31-12-2020 - Publication Date 15th of every month

## સંસ્થામાં યોજાયેલ 'શ્રી શાંતિનાથ વિધાન પૂજા' વેળાએ (તા. ૨૯-૭-૨૦૧૮)









### આ અંકના વિશિષ્ટ સહયોગી દાતા

❶ 'દિવ્યધ્વનિ' ઓગસ્ટ - ૨૦૧૮ના અંક માટે રૂા. ૨૧,૦૦૦/-નો આર્થિક સહયોગ

**શ્રીમતી ઉષાબેન કિશોરભાઈ શેઠ પરિવાર, કોબા**

તરફથી પ્રાપ્ત થયેલ છે. સંસ્થા તેઓશ્રીના આ 'જ્ઞાનદાન'ની અનુમોદના કરે છે.

❷ 'દિવ્યધ્વનિ' ઓગસ્ટ - ૨૦૧૮ના અંક માટે રૂા. ૨૧,૦૦૦/-નો આર્થિક સહયોગ

**ડો. સર્જનભાઈ દિલીપભાઈ શાહ પરિવાર (શુભેચ્છા સહ)**

તરફથી પ્રાપ્ત થયેલ છે. સંસ્થા તેઓશ્રીના આ 'જ્ઞાનદાન'ની અનુમોદના કરે છે.

**Printed & Published by** Smt. Dr. Sharmisthaben M. Soneji on Behalf of
**Shrimad Rajchandra Adhyatmik Sadhana Kendra** - Koba - 382 007. Dist. Gandhinagar (Gujarat).
Printed at Bhagwati Offset, 16/C, Bansidhar Estate, Bardolpura, Ahmedabad - 380 004. Editor : Shri Mitesh A. Shah

To,